
SHREE SWAMINARAYAN

શ્રી સ્વામિનારાયણ

NOVEMBER-DECEMBER 2004




શ્રી નરનારાયણદેવ દેશ ગાદી અભિષેક વિશેષાંક

પ્રકાશકઃ- શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧

Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



११-०७




११-१४



११-१५



११-१६



११-१७

શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનનું મુખપત્ર



શ્રી નરનારાયણદેવ

SHREE SWAMINARAYAN
શ્રી સ્વામિનારાયણ

વર્ષ - ૩૭ નવેમ્બર-ડીસેમ્બર - ૨૦૦૪

અ નુ ક્ર મ ણિ કા

૧.	અસ્મદીયમ્	૨
૨.	પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ	૩
૩.	સપ્તમ પીઠાધિશ્વર	૫
૪.	પ.પૂ. મહારાજશ્રી પ્રત્યેનો આદર ભાવ	૭
૫.	આચરણ એ જ ઉપદેશ	૮
૬.	મહિમા આચાર્યપદનો	૧૦
૭.	અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના આચાર્યો	૧૧
૮.	ધન્ય આચાર્ય દેવો ભવઃ	૨૦
૯.	કરૂણાસાગર પ.પૂ.મહારાજશ્રી	૨૩
૧૦.	તે જે તેજ છે (ગ.મ. ૧૩) તે જ આ તેજ (Tej) છે	૨૫
૧૧.	તેજના કિરણો	૨૯
૧૨.	ટોરન્ટો ખાતે શ્રીહરિના છઠ્ઠા વંશજની પધરામણી	૩૫
૧૩.	શ્રી નરનારાયણદેવ પીઠના સપ્તમ આચાર્યનો ગાદી અભિષેક	૩૬
૧૪.	મહાપુરુષોના મુખની અમૃતવાણી	૪૧
૧૫.	સવાયા બની રહો હરિસુત	૪૫
૧૬.	સત્સંગ અભ્યુદયાર્થે આચાર્ય મહારાજશ્રીનો.....	૫૨
૧૭.	આચાર્ય પદનો મહિમા	૫૪
૧૮.	શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન પદારોહણ સન્માન સમારોહ	૫૭
૧૯.	NRI હરિભક્તોની સન્માનીય નિષ્ઠા	૬૨
૨૦.	સત્સંગ સમાચાર દેશ-વિદેશના	૬૪

સંસ્થાપક
શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

ફોન
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ
૦૭૯ ૨૭૪૫૨૧૪૫

તંત્રી શ્રી
સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંત સ્વામી)

લવાજમ
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં : $ 100
છુટક નકલ રૂા. ૫-૦૦

પ્રકાશન સમય
દર માસની ૧૧મી તારીખે
ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં

પત્રવ્યવહાર અને લવાજમ
શ્રી સ્વામિનારાયણ માસિક
કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Visit us :
www.swaminarayan.info
E-mail : snndmandir@india.com

અસ્મદીયમ્

તંત્રીશ્રીની કલમે....

જગતના સર્વ માનવ માત્રને સુખ અને શાંતિની શોધમાં સમગ્ર જીવન પુરૂં થઈ જાય છે. સાચા અર્થમાં સુખ કેવું હોય અને શાશ્વત શાંતિ કેમ મળે તેના માટે હજારો વર્ષથી દુનિયાનો હરકોઈ માનવ વ્યક્તિ વિચારો અને ચિંતન કર્યા કરે છે. સંશોધનોના અંતે દુન્યવી દુઃખોનાં અંતે માટે દાર્શનિકોએ મોક્ષ અર્થાત્ મુક્તિ મેળવવાનો સાર્વત્રિક સર્વ માન્ય સિદ્ધાંત સ્થાપિત કર્યો છે. વિવિધ પ્રકારના ધર્મો, સંપ્રદાયો, લોકો, દર્શનિકો, ચિંતકો, સંશોધકોએ મોક્ષ માટેની અનેક પ્રકારની કલ્પનાઓ કરી છે. તેમાં ભારતીય ઋષિ મુનિઓએ અતિ શ્રેષ્ઠ અને આત્યન્તિક મોક્ષ મેળવવા માટે પરમેશ્વરની પ્રાપ્તિને જ અંતિમ લક્ષ્ય માનેલ છે. તેમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો મોક્ષનો સિધ્ધાન્ત એકદમ સરળ સહજ અને સ્વાભાવિક રીતે જ માન્ય સૌના માટે થાય તેવો શિક્ષાપત્રીમાં સ્વયં પોતે જ કહ્યો છે. ''**कृष्ण सेवामुक्तिश्च गम्यताम्**'' પરમેશ્વરના ચરણ કમળની સેવા મળે એજ મુક્તિને સ્થાપિત કરી છે. એવી સેવા એટલે સાકાર પરબ્રહ્મ પરમાત્માના સ્વરૂપની ઉપાસના ભક્તિ દ્વારા પ્રાપ્તિ કરવાનો માર્ગ જગતને ઓળખાવ્યો છે. જે શ્રીહરિએ સ્વહસ્તે સ્થાપિત દેવ અને આચાર્યના બે મહાન પાટા ઉપર ચાલી રહેલ છે. દેવ એટલે શ્રી નરનારાયણદેવ અને આચાર્ય એટલે ધર્મવંશમાં એટલે પોતાનાજ વંશમાં સ્વયં સ્વામિનારાયણ ભગવાને પોતાના દત્ત પુત્ર આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજમાં પોતાના અપર સ્વરૂપ આચાર્યનું અધિષ્ઠાન કર્યું તે અને તેમની વંશપરંપરામાં વર્તમાન સમયમાં સાતમાં આચાર્ય પદે જેઓશ્રીની વૈદિક વિધિવિધાનથી લાખો સંતો ભક્તોની ઉપસ્થિતિમાં શ્રીહરિના સ્વયં અપર સ્વરૂપ છઠ્ઠા આચાર્ય મહારાજશ્રીએ પોતાની સુદીર્ઘ કારકિર્દીથી શોભાયમાન પ્રગટ શ્રીહરિના પ્રતિક સમી લાલ પાઘ પોતાનાજ વરદ્ હસ્તે પોતાનાજ ઔરસ પુત્ર અને લાખો યુવાનોના પ્રાણસમા સત્સંગના હૃદય સમ્રાટ પૂજ્ય લાલજી મહારાજ ને મસ્તકે ધારણ કરાવી ત્યારથી તેઓ હવે સાતમાં આચાર્ય પદે વિરાજમાન થયા છે. તેમની જ આજ્ઞા અને તેમના દ્વારા પ્રતિષ્ઠિત ભગવાનની પ્રતિમાનો આશ્રય કરવાથી જરૂરને જરૂર આ જીવાત્માને આત્યન્તિક મોક્ષ રૂપ ફળ મેળવવામાં કોઈ વિઘ્ન નડી શકે નહીં. આપણા જીવનમાં આજ ધન્ય ઘડી આવી રહે તેવી સાવધાની રાખીએ.

તંત્રી શ્રી (મહંત સ્વામી)
શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના
જયશ્રી સ્વામિનારાયણ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ
(ઓક્ટોબર – ૨૦૦૪)



૧. વિપુલ કોઠારી એન્ડ કું. (સી.એ.)ની નવી ઓફીસમાં પધરામણી, નવરંગપુરા, નારાયણઘાટ મંદિર પારાયણની પૂર્ણાહુતિ પ્રસંગે પધરામણી, પ.ભ. ડૉ. ભરતભાઈ મીરાણીના શ્રીહરિ ક્લિનિકમાં પધરામણી, નવરગંપુરા.

૩. પ.ભ. ભગવાનભાઈ નાગરદાસ પટેલને ત્યાં પધરામણી, નારણપુરા, પ.ભ. અનંતપ્રસાદ ઝવેરીલાલ પંડ્યાને ત્યાં પધરામણી, નારણપુરા, પ.ભ. નટવરભાઈ મગનભાઈ પટેલને ત્યાં પધરામણી, નારણપુરા, પ.ભ. કૃષ્ણકાંત નાગરભાઈ પટેલને ત્યાં પધરામણી, ઘાટલોડીયા, પ.ભ. રાજેન્દ્રપ્રસાદ ભટ્ટ સાહેબને ત્યાં પધરામણી, નવરંગપુરા.

પ.ભ. હરેશભાઈ જસભાઈ પટેલને ત્યાં પધરામણી, સેટેલાઈટ રોડ.

૪ થી ૧૦ બદ્રિનારાયણ મંદિર પ.ભ. નારાયણભાઈ ઈશ્વરભાઈ પટેલ તરફથી આયોજીત પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧. પ.ભ. બાબુભાઈ શીવરામ ઠક્કરને ત્યાં પધરામણી, પાલડી.

૧૨. પ.ભ. સોમાભાઈ નરસીભાઈ પટેલ અને પ.ભ. કાંતિભાઈ મનજીભાઈ પટેલને ત્યાં પધરામણી, ઘોટલોડીયા.

પ.ભ. શ્રીધર કિરીટભાઈ રાવલને ત્યાં પધરામણી, સેટેલાઈટ રોડ.

પ.ભ. કૌશિકભાઈ બી. ચાવડા (બળોલવાળા) અને શ્રી કરશનભાઈ એમ. પરમાર (ટીંબાવાળા)ને ત્યાં પધરામણી, ઘાટલોડીયા.


પ.ભ. ડૉ. હર્ષદભાઈ કસ્તુરચંદ ઝિંઝુવાડીયાને ત્યાં પધરામણી, નવરંગપુરા.

પ.ભ. જયેશભાઈ ડાહ્યાભાઈ ઠક્કરને ત્યાં પધરામણી, વસ્ત્રાપુર.

૧૩-૧૪. ધૂળકોટ (મૂળીદેશ-હાલાર) શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું)ના ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી.

૧૫. સર્વોપરિ શ્રી નરનારાયણદેવના શુભ સાંનિધ્યમાં હજારો સંતો-હરિભક્તોની ઉપસ્થિતિમાં શ્રી નરનારાયણદેવ પીઠના ૭માં આચાર્ય પદારોહણ ગાદી અભિષેક સ્વયં પોતે પ.પૂ. લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પાઘ પહેરાવી ગાદી પર પદારુઢ કર્યા.

ભાવિ આચાર્ય પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



ઓક્ટોબર-૨૦૦૪

૭-૮. વાલી (રાજસ્થાન) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં યુવા શિબિર પ્રસંગે પધરામણી.

૧૦. કાલીયાણા (તા. વિરમગામ) ગામે સત્સંગ સભા પ્રસંગે પધરામણી.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ



૧૫-૧૦-૨૦૦૪ સર્વોપરિ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના ૭માં આચાર્યપદે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પદારુઢ કર્યા.

૨૩-૧૦-૨૦૦૪ (વિજયા દશમી ૩૩મો જન્મોત્સવ)
પ.પૂ. નિવૃત્ત આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની શુભ નિશ્રામાં અને અનેક રાજકિય અને ધાર્મિક મહાનુભાવો અને દેશ-વિદેશના હજારો સંત-હરિભક્તોની વિશાળ ઉપસ્થિતિમાં ગાદી પદારોહણ સત્કાર સમારંભ ધામધુમથી ઉજવાયો. સરદાર પટેલ સ્ટેડિયમ, નારણપુરા.

૨૪-૧૦-૨૦૦૪ થી ૧૦-૧૧-૨૦૦૪ નાઈરોબી (કેનિયા) ક.સ. સ્વામિનારાયણ મંદિરના સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે પધરામણી.

નવેમ્બર-૨૦૦૪

૧૦-૧૧-૨૦૦૪ કરજીસણ (તા. કડી) મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૧૧. અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી હનુમાનજીનું પૂજન-અર્ચન-આરતી પોતાના વરદ્ હસ્તે કરી.

૧૨. સર્વોપરિ શ્રી નરનારાયણદેવની અન્નકૂટ આરતી કરવા પધાર્યા. અમદાવાદ મંદિરમાં સમૂહ શારદા પૂજન (ચોપડા પૂજન) પોતાના વરદ્ હસ્તે કર્યું.

૧૩. **નૂતનવર્ષ** : સર્વોપરિ શ્રી નરનારાયણદેવની શણગાર આરતી અને અન્નકૂટ આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી. પ.ભ. વસંતલાલ ત્રિભોવનદાસ ટાંકને ત્યાં પધરામણી, પાલડી.

૧૪-૧૫. કચ્છ ભુજ પધરામણી.

૧૬. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા બાલ સ્વરૂપ કષ્ટભંજનદેવના અભિષેક પ્રસંગે પધરામણી. પ.ભ. જયંતીલાલ જોઈતારામ પટેલને ત્યાં પધરામણી, નારણપુરા.

૧૭-૧૮. રામપર (કચ્છ) શ્રી સ્વામિનારાયણ ગુરુકુલમાં મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

૧૯. મોખાસણ ગામે પ.ભ. શંકરભાઈ પટેલને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.

૨૦ થી ૨૩ છપૈયા મંદિર તુલસી વિવાહ પ્રસંગે પધરામણી.

૨૪. મકનસર (તા. મોરબી મૂળીદેશ) મંદિરના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

૨૫. પ.ભ. મહેન્દ્રભાઈ ગંગારામભાઈ રાજગોરને ત્યાં પધરામણી (પારાયણ પ્રસંગે) મેમનગર.

૨૬. નારણપુરા મંદિર તુલસી વિવાહ પ્રસંગે પધરામણી.

૨૭. જેતલપુર મંદિર (ચૌધરી લાભુભાઈ રેવાભાઈ પ્રતાપપુરાના આમંત્રણથી) પધરામણી.

૨૮. ગવાડાગામે પ.ભ. અમૃતભાઈ ધનજીભાઈને ત્યાં પારાયણ પ્રસંગે પધરામણી.
પ.ભ. રમેશભાઈ પ્રહલાદભાઈ પટેલને ત્યાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપવા પધરામણી, કર્ણાવટી ક્લબ.

૨૯. પ.ભ. વિજયભાઈ કેશવલાલ ચાવડાને ત્યાં પધરામણી, મેમનગર.

૩૦. પ.ભ. મધુભાઈ મોહનભાઈ છોડવડીયાને ત્યાં પધરામણી, બાપુનગર.

સપ્તમ પીઠાધિશ્વર

– શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી
(મહંતશ્રી અમદાવાદ મંદિર)



સર્વાવતારી સર્વોપરિ પૂર્ણપુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ સ્થાપિત ઉધ્ધવ સંપ્રદાયના (સ્વામિનારાયણ) સર્વોચ્ચ વડા ધર્મગુરુ સ્થાનને આચાર્ય પદ કહેવામાં આવે છે. જે સ્થાન સાક્ષાત્ ભગવાન સ્વામિનારાયણનું છે. તેમના જ સ્થાને પોતાના જ અપર સ્વરૂપે વિરાજમાન થઈને જગતના અનંત જીવોને આત્યન્તિક મોક્ષની પ્રાપ્તિ થાય તેવી અતિ કરુણા કરીને એકના બદલે બે બે સ્વરૂપે વિરાજમાન થઈને સૌ ભક્તોને દર્શન સુખ આપે છે. ધર્મવંશી આચાર્ય આ પદ ઉપર આવવા માટે કોઈ સાધન કે સાધના જપ, તપ, ઉપાસના વગેરે કામ આવતા નથી. કોઈ કહે ઉંધા માથે સોપારી ઉપર પંચાગ્નિ તપ કર્યું હોય તો પણ આ પદની પ્રાપ્તિ થતી નથી. જો એમજ હોય તો પછી આ પદ પ્રાપ્ત કરવા માટે અસંખ્ય ઈચ્છુકોની લાઈન થઈ જાય અને પછી તેમાંથી કોનો વારો પ્રથમ આવે અને કોણ સર્વશ્રેષ્ઠ થાય તેની ઘણી લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે. કારણ કે આ તો સાક્ષાત્ ભગવાનના અપર સ્વરૂપે વિરાજમાન થવાની વાત છે. જો આવી રીતે જપ, તપ કે કોઈ પણ કઠોરમાં કઠોર સાધના કરી લેવાથી આવું સર્વોચ્ચ પદ મળી જાય તો એવી કઠોર અને ઉગ્ર તપશ્ચર્યા કરનાર હિરણ્યકશ્યપું જેવા જો આ પદે બિરાજમાન થઈ જાય તો કોણ જાણે અક્ષરધામમાં કેવા કેવા જીવોને મોકલી આપે અને કેવી વ્યવસ્થા ઉભી કરીને મોક્ષનો માર્ગ પ્રવર્તાવે તેની તો કલ્પનાજ કરવાની રહી. એટલા માટે જ તો એવી કોઈ શક્યતા નથી. આ પદ ઉપર વિરાજમાન થવાનો કોઈ માર્ગ જીવ કે અક્ષરમુક્ત સુધી કોઈનાય માટે દેખાતો નથી.

પરંતુ આ પદ તો સ્વયં સર્વાવતારી સર્વોપરિ અનંત કોટી બ્રહ્માંડના અધિપતિ પરમેશ્વર ભગવાન સ્વામિનારાયણનું જ છે અને તેથી જ આ પદ ઉપર સ્વયં પરમાત્મા જ વિવિધ સ્વરૂપ ધારણ કરીને વિરાજમાન થાય છે. પણ કોઈ માનવ (જીવ) આ પદ ઉપર આવી શકે નહીં. તે શાસ્ત્ર સિદ્ધાંત નિશ્ચિત છે.

પંચરાત્ર આગમમાં કહ્યું છે કે :

શિલાદિધીઃ કૃષ્ણમૂર્તૌ સ્વગુરૌ નરધીસ્તથા ।
વૈષ્ણવે જાતિધીર્યેષા તેઽપરાધપરા જનાઃ ॥

ગુરુ સ્થાને બિરાજમાન મનુષ્ય છે કે કોઈ જીવ છે એવી બુદ્ધિ થાય તે પણ અપરાધ છે. પોતાની જાતે ગુરુ થઈ બેઠા હોય કે આપણે જાતે માની લીધા હોય તેવા ગુરુ મનુષ્ય જ હોય પણ આ તો સ્વયં આપણા ઈષ્ટદેવ ભગવાન સ્વામિનારાયણે આપણા સૌના એટલે કે ત્યાગી (સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ) અને ગૃહી ચારેય વર્ણના ગૃહસ્થાશ્રમીના ગુરુ સ્થાને જેમને વિરાજમાન કર્યા છે. તે શ્રીજી મહારાજે સ્વયં શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે.

''મદાશ્રિતાનાં સર્વેષાં ધર્મરક્ષણહેતવે
ગુરુત્વે સ્થાપિતાભ્યાં ચ તાભ્યાં
દિક્ષયામુમુક્ષવે
(શિ. ૧૨૮.)

જ્યારે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણ જ પોતાના વાંગમય

સ્વરૂપ જેવા મહાગ્રન્થમાં આજ્ઞા કરતા હોય કે તમારા સર્વના ગુરુ સ્થાને આ આચાર્ય છે. તો તે શાસ્ત્ર આજ્ઞા અને તેની મર્યાદાને ધ્યાનમાં રાખીને જ કરી હોય તેમાં પણ કોઈ શંકાને સ્થાન ન હોય. આ પ્રકારના વચનોનો વિચાર કરતા ફલીત થાય છે કે ગીતા ભાગવતાદિ શાસ્ત્રોમાં કહ્યાં પ્રમાણે અનંત રૂપને ધારણ કરવા વાળા એવા અનંતકોટી બ્રહ્માંડના અધિપતિ સર્વાવતારી પૂર્ણ પુરુષોત્તમ ભગવાન સ્વયંમજ આ પૃથ્વી ઉપર મનુષ્ય શરીર ધારણ કરીને પોતાનું અલૌકિક ઐશ્વર્ય સામર્થ્ય છુપાવી ને આપણા સૌના મોક્ષના ગુરુસ્થાને વિરાજમાન થયા છે. ન કોઈ મનુષ્યજીવ કે દેવ, જેમ નવ લખા પર્વતના નવલાખ યોગીઓને સુખ આપવા તેટલા જ રૂપ ધરનારા શ્રી નીલકંઠવર્ણી યોગીઓ માટે આટલા સ્વરૂપ ધારણ કરે તેવા કરૂણાદ્ર હોય તો શું ? આપણા માટે જેના આપણે શ્રધ્ધા ભક્તિથી દર્શન કરીએ છીએ અને તેમના ચરણોમાં સમર્પિત થઈ તો એટલી તો આપણા ઉપર અવશ્ય કરૂણા કરીને પોતે જ સ્વયં મનુષ્ય સ્વરૂપો ધારણ કરીને આપણા મોક્ષ માટે આ આચાર્ય પદ ઉપર વિરાજમાન થાય છે. પરંતુ તેમનું પોતાનું ઐશ્વર્ય છુપાવીને જગતના જીવનું કેમ કરીને આત્યંતિક કલ્યાણ થાય તેવા દર્શન આપે છે. માટે ભૂલથી પણ આ પદમાં મનુષ્ય ભાવની કલ્પના કરવી નહીં. એજ આપણું કર્તવ્ય છે.

એવા શ્રીજીમહારાજના અપર સ્વરૂપ આચાર્ય મહારાજશ્રી તેજ જે અમદાવાદ ગાદી અને વડતાલ ગાદી સ્થાને વર્તમાન સમયમાં વિરાજમાન હોય તેમની પાસેથી આપણે મોક્ષની ઈચ્છા હોય તો ભાગવતી દીક્ષા લેવી ગુરુ મંત્ર લેવો અને તેમણે પ્રતિષ્ઠા કરેલ જ ભગવાનના સ્વરૂપની ઉપાસના ભક્તિ કરવી તેમ શ્રીહરિની સ્પષ્ટ આજ્ઞા શિક્ષાપત્રી શ્લોક ૬૨માં છે.

आचार्येणैव तदत्तंयद्यश्चयेन प्रतिष्ठितम्।
कृष्णस्वरु पं तत्सेव्यं वंद्यमे वेत्तरत्तुयत्॥

આચાર્યશ્રીએ આપેલ ન હોય અને તેમણે પ્રતિષ્ઠા કરી ન હોય તો તે સ્વરૂપને કેવળ વંદન જ કરાય પણ તેની સેવાપૂજા કે ઉપાસના કરવાનું કોઈ પણ પ્રકારનું ફળ મળતું નથી.

વિશેષમાં પંચરાત્ર આગમમાં એવું કહેલ છે કે

"विष्णु भक्तिरतीन्साधून्दी क्षये
द्विधिनागुरु: ॥"

વિધિપૂર્વક વૈષ્ણવ ભકતને ભાગવતી મહાદીક્ષા ગુરુએ આપવી. વિધિ એટલે વેદ વિધિ જે યજ્ઞ હોમાત્મક છે. તે વિધિ કરવાનો માત્રને માત્ર અધિકાર ગ્રહસ્થાશ્રમીને જ છે. ગૃહસ્થાશ્રમી સિવાય વૈદિક વિધિ યજ્ઞ હોમ કરવાનો કોઈને ય અધિકાર નથી, નૈષ્ઠિક બ્રહ્મચારી, સાધુ, ત્યાગી સંન્યાસી, અપરણીત, વિધુર, અને ત્યકતને હોમ હવનમાં શાસ્ત્રોએ અધિકાર આપેલ નથી. શંખ સ્મૃતિમાં શંખ અને લિખિત નામના ઋષિઓ લખે છે કે

"आचार्यो निज शिष्याणां स्त्रीणां
तत्पतयस्तथा"

જેમ સ્ત્રીઓને તેનો પતિ સર્વ પ્રકારે ધ્યાન રાખે અને રક્ષણ કરે છે. તેમ આચાર્ય આશ્રિત શિષ્યની રક્ષા ધર્મ માર્ગમાં કરવી. ધર્મ પળાવવા અને ધર્મનું શિક્ષણ આપવું અને ધર્મમાં રાખવા.

ભાગવતી દીક્ષા આપવાથી મુમુક્ષુને દ્વિજત્વ પ્રાપ્ત થાય છે. અર્થાત તેનો બીજો જન્મ પ્રાપ્ત થાય છે. તેનું ગોત્ર અને નામ બધું જ બદલાય જાય છે. જન્મ આપવો ક્યારેય પણ સાધુ ત્યાગી કે સંન્યાસીના ધર્મમાં કે આચરણમાં ન્યાય સંગત નથી. કોઈ સમાજ કે રાષ્ટ્ર (રાજ્ય) પ્રશાસન પ્રણાલિકામાં પણ ન્યાયિક રીતે ગૃહસ્થાશ્રમી સિવાયના કોઈપણ સ્ત્રી હોય કે પુરુષો હોય તેણે આપેલા કોઈને જન્મની કાયદેસરતા સ્થાપિત કરી શકાતી નથી. જો સાંસારિક વ્યવહાર માર્ગમાં પણ પરણ્યા વિનાના વ્યક્તિને જન્મ આપવાનો હક્ક નથી તેવીજ રીતે આધ્યાત્મ માર્ગ વેદમાર્ગમાં પણ અગ્નિની સાક્ષીએ પરણ્યા વિનાના વ્યક્તિને વેદ વિધિમાં તથા જન્મ આપવાનો પણ હક્ક નથી. દીક્ષા એ દ્વિ જન્મ છે. બીજી વખતનો જન્મ અર્થાત આધ્યાત્મિક જન્મ. આવા દિવ્ય આધ્યાત્મિક જન્મ અર્થાત્ દીક્ષા માટે જ જીવ માત્રએ "आचार्येणैव दत्तं" નો આશ્રય અવશ્ય લેવો જ પડે. અને આપણને સૌને એવો આશ્રય મળેલ છે. તે છે. આપણા સાતમાં ધર્મવંશી આચાર્ય જેમની વિધિપૂર્વક પીઠારોહણ દ્વારા પટ્ટાભિષેક કરવામાં આવેલ છે.

પ.પૂ. મહારાજશ્રી પ્રત્યેનો આદર ભાવ

– સ્વામી જગતપ્રકાશદાસજી (મહંત શ્રી સ્વામિનારાયણ મંદિર ધોળકા)



શ્રીહરિના સાક્ષાત્ અપર સ્વરૂપ પરમ પૂજ્ય આચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા દેશ-વિદેશમાં મૂર્તિ પ્રતિષ્ઠા, પારાયણો, પધરામણીઓ વગેરે પ્રસંગોમાં ઘણીવાર ન કલ્પી શકાય તેવા ભગવાનના સાક્ષાત્ આંખે દેખ્યા પરચાના દર્શન થાય છે. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શન ગમે તેવો હરિભક્ત કે અન્ય જીવ કરે તો તેના હૃદયમાં તે સ્વરૂપની કાયમી સ્મૃતિ તેના માનસ પલટ પર છવાઈ જાય છે. શ્રીહરિના આશ્રિતો માટે તો સ્વભાવિક દર્શન અને ચરણ સ્પર્શનો મહિમા અપરંપાર હોય! પરંતુ ઘણા એવા પ્રસંગો જોયા છે, સાંભળ્યા છે કે જેમણે કદી પણ દર્શન સુધ્ધા ન કર્યા હોય અને અનાયાસે સંજોગવશાત્ દર્શન થઈ જાય ત્યારે તેના હૃદયના ભાવ તેની લાગણીઓમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પરત્વે ખૂબજ આદરભાવ જન્મે છે. આવો એક પ્રસંગ જોઈએ.

એક આપણા હરિભક્તને અવાર નવાર નારણપુરાના નામાંકિત ડૉ. આયંગર સાહેબ પાસે કન્સલ્ટીંગ માટે જવાનું થાય. આયંગર સાહેબ મૂળ સાઉથના છે. એમ.ડી. સર્જન ડૉકટર છે. જેમની ગણના અમદાવાદના પ્રતિષ્ઠિત અને સારા ડૉકટર તરીકે થાય છે. જેઓ ગરીબ દર્દીની તપાસવાની કન્સલ્ટીંગ ફી ક્યારેય લેતા નથી. હમેંશા તેમના કન્સલ્ટીંગ પર પેસન્ટોની સતત ભીડ હોય છે.


આ હરિભક્તને એકવાર ડૉકટર સાહેબે અંગત રસ લઈ અંગત માહિતી પૂછી. પછી જાણ્યું કે આ સ્વામિનારાયણ સંપ્રદાયના ભગત છે. એટલે ડૉકટર સાહેબે કહ્યું કે અમદાવાદમાં ખૂબ જ પ્રાચીન સુપ્રસિધ્ધ મંદિર છે ત્યાં દર્શને જાવ છો. હરિભક્તે કહ્યું હા, સાહેબ તે જ મંદિરમાં નિત્યે દર્શને જાઉ છું. ડૉકટર સાહેબે કહ્યું કે તે મંદિરના વડા લાલ પાઘવાળા પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના યુનિવર્સીટીના ગ્રાઉન્ડ પર મોટા ઉત્સવ પ્રસંગમાં મને મારા એક ડૉકટર મિત્ર સાથે લઈ ગયેલા ત્યારે દર્શનનો લાભ મળેલો. આ પ્રસંગ ને ઘણા વરસ થઈ ગયા પણ તે દર્શનની સ્મૃતિ હજુ મને યાદ છે. મેં તો તેમના એકજ વાર દર્શન કર્યા છે. તમે તો રોજ દર્શન કરતા હશો ને ? તો તમે એમના ચરણમાં પ્રાર્થના કરોને કે આ દર્દમાંથી મુક્તિ મળી જાય ! ભલા માણસ તમારે મારા પગથીયા ચડવા નહીં પડે ! તમે ખોટા મારા ત્યાં આવો છો! પછી ડૉકટરે કર્યું કે મારા જેવા ગમે તેવા ડૉકટરની આ દવાના કાગળો અમેરિકા જેવા દેશોમાં ફાડીને ફેંકી દે. એમનો કહેવાનો ભાવાર્થ એવો થાય કે આ બધી દવા આડ અસર કરે તેવી હોય છે. જેથી સરવાળે આપણને નુકશાન કરતા છે. માટે તમે મહારાજશ્રીને પ્રાર્થના કરો તો રોગ મટી જાય ! આહાહા !!!! આવા નામાંકિત સજ્જન અને ગરીબના બેલી ડૉકટર સાહેબને એકજ વાર દર્શન કરતા આટલું માહાત્મય સમજાયું છે. તો આપણે તો રોજે પગથીયા ઘસી નાખીએ છીએ. પણ માહાત્મ્ય સમજવામાં વરસો પછી પણ પાછા પડીએ છીએ.

કોમ્પ્યુટર યુગના જમાનામાં અને તેમાંય અમદાવાદ શહેરના પ્રતિષ્ઠિત ડૉકટર જો આવું કહી શકતા હોય તો તેનાથી બીજો મોટો ક્યો ચમત્કાર સમજવો! આ સત્ય ઘટના છે. બન્ને પાત્રો આપણા શહેરમાં વસે છે. જેથી કલ્પાનિંત વાતો નથી. માટે શ્રીહરિ પ્રસ્થાપિત શ્રી નરનારાયણદેવ દેશ પીઠ

(અનુસંધાન ૨૨ ઉપર)

આચરણ એ જ ઉપદેશ

સંકલન
સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ
(જેતલપુર)



ભગવાન શ્રી સ્વામિનારાયણના જીવન મંત્રને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવની ગાદી પર પાંત્રીસ વર્ષના પદારુઢના સમયકાલીન મૂર્તિમંત બનાવ્યો. **"જીવન એજ સંદેશ"** તથા **"આચરણ એજ ઉપદેશ"** આ સૂત્રને ચરિત્રાર્થ કર્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણે જેમ સતત વિચરણ કરીને સામાન્ય જનસમાજ માટે અટલ અને સુલભ બન્યા. તેમ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી સત્સંગમાં પ્રત્યેક સત્સંગી માટે સરલ અને સુલભ બન્યા. વચ્ચેના લોકોએ બનાવેલી દિવાલ સામાન્ય સત્સંગીઓ માટે તોડીને પોતે નાનામાં નાના માણસ સાથે વાત કરે, ફોન સાંભળે, ઘેર પધરામણી કરે અથવા ગરીબ હરિભક્તના ઘરનું વાસ્તુપૂજન હોય તો પણ વિના સંકોચે ત્યાં પણ પધરામણી કરે. પ્રત્યેક સંત સત્સંગીને ખૂબજ પ્રેમ આપ્યો, સુખ આપ્યું. આજે પણ હજારો હરિભક્તોના મોઢે સાંભળ્યું છે કે અમને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ ઘેર પધરામણી કરી દર્શન આપ્યાં તે વર્ષો વીતી ગયાં તોય ભૂલાતું નથી. મહારાજશ્રીની મૂર્તિ સ્વપ્નમાં અવારનવાર દર્શન આપે છે. મોટા માણસ નાનામાં નાના માણસ સાથે મિત્રતા રાખી શકે તેજ તેની મોટપ છે. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ આમંત્રણ માટે આવેલ એકપણ હરિભક્ત ને નારાજ નથી કર્યો. પ્રત્યેક સત્સંગીને ન્યાય આપ્યો છે. તે ભલેને નિંદા કરતો હોય કે સ્તુતિ કરતો હોય ! ક્યારેય પક્ષપાત નથી કર્યો. એક હરિભક્તે નિંદાના હજારો પાનાં છપાવ્યાં ! ખુલ્લે આમ ગાળો બોલતો ! આક્ષેપ કરતો ! પણ તે હરિભક્તનું વ્યવહારિક, કૌટુમ્બીક, માનસિક રીતે પતન થતાં તે ખૂબ પસ્તાયો ! એકવાર મહારાજશ્રી પાસે જઈને હાથ જોડી ઘરે પધારવા પ્રાર્થના કરી. વિના વિલંબે હા પાડી ઘેર પધાર્યા ! તે હરિભક્ત માંથુ ચરણ પર મુકી એટલો તો રોયો છે. જેનું વર્ણન ન થાય ! પણ મહારાજશ્રીએ તેના ગુનાની કોઈ નોંધ ન લીધી ! તે હરિભક્તે હાર સ્વીકારી ભૂલનો પસ્તાવો કરી માફી માગી. મહારાજશ્રીએ રાજી થઈને આશીર્વાદ આપ્યા, કે ભગવાન તમારા બધાય સારાવાના કરશે ! જીવા ખાચરની જેવી ભૂમિકા ભજવનારા તે હરિભક્તે જીવનનો પાઘડીનો છેલ્લે આંટો સુધારી લીધો ! આવા અજાતશત્રુતો બીજા ભગવાન જ હોય !


દરરોજ સવારે ૮ વાગે અમદાવાદ મંદિર સભા મંડપમાં કથા વંચાય ત્યાં બિરાજમાન થાય. કથામાં બેસવું જોઈએ તે બોલ્યા નહિ પણ પોતે એક દિવસ પણ ન આવ્યા હોય તેવું ન બન્યુ. તથા બાર વાગ્યા સુધી ઓફીસમાં બેસવું, કેમ કે હરિભક્તો દૂરદૂરથી દર્શને આવતા હોય કે મુલાકાતે આવતા હોય તેને ધક્કો ન પડે તેથી ક્યારેય વહેલા નિવાસ સ્થાને જવાનું પસંદ ન કરે.

ગામડાના કાર્યક્રમોમાં સમયસર પહોંચવાનો ખૂબજ આગ્રહ તેથી ક્યારેય મહારાજશ્રી મોડા પધાર્યા તેવો પાંત્રીસ વર્ષમાં એકપણ પ્રસંગ બન્યો નથી ! પણ હા, આયોજકો મોડા પડ્યા હોય તેવા પ્રસંગ ઘણા જ છે. તેમજ ગૃહસ્થાશ્રમ હોવા છતાં વ્યવહારિક કે કૌટુમ્બીક કારણે સત્સંગના કાર્યક્રમો કેન્સલ કર્યા નહિ. કેમકે તેઓ સત્સંગને જ સર્વસ્વ માને છે.

વિદેશના વિચરણમાં ખૂબજ કષ્ટ

પડતું હોય છે. સમયનો ફેરફાર તથા એકબીજા સ્ટેશન વચ્ચેના અંતરના કારણે મુસાફરીમાં ખૂબજ સમય જાય. તેવા પ્રશ્નો ધ્યાનમાં ન લેતા સત્સંગને માટે આરામ કે થાળ ને મહત્વ ન આપતા ક્યારેક તો જમવાનો સમય પસાર થઈ જાય ત્યારે બે સમયનું એકવાર જમવાનું બને. ક્યારેક ગાડીમાં દિવસ કે રાત્રીનો આરામ કરી લેવો પડે, આવા કષ્ટો સતત સહન કરીને સત્સંગને જાગતો કર્યો છે. એક એક શ્વાસનો સત્સંગને અર્થે ઉપયોગ કર્યો છે. પાંત્રીસ વર્ષમાં કોઈની પણ ઉપેક્ષા નથી કરી અને કોઈ પાસે અપેક્ષા નથી રાખી. સત્સંગના વિકાશ માટે સતત નિઃસ્વાર્થ રીતે પ્રવૃતિશીલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી રહ્યા છે. તેમ સંતો-હરિભક્તો રહે તો અડધી દુનિયા સત્સંગી થઈ જાય.

આચાર્ય પદે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ જે સિધ્ધિ હાંસલ કરી તેમ લાલજી મહારાજ તરીકે પ.પૂ.ધ.ધુ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે અદ્વિતીય કાર્યો સિધ્ધ કર્યા છે. જે ભૂતકાળના લાલજી મહારાજ તરીકે આવા ધર્મકુળને સંયોગ મળ્યા નથી. સ્કુલ જીવન બાદ સંપૂર્ણપણે સત્સંગની પ્રવૃતિમાં સક્રિય થયા. વિદેશના નવા નવા દેશોમાં જેમ કે ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ, ફીજી, થાઈલેન્ડ, ગલ્ફ કન્ટ્રી અને આફ્રિકાના દેશો તેમજ ગુજરાતના બહારના રાજ્યોમાં સત્સંગ પ્રચારની પ્રવૃત્તિ શરૂ કરી જેના કારણે વિદેશમાં તે દેશોમાં આજે મંદિરોના નિર્માણ થયાં તેટલી સફળતા મળી છે. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સ્થાપના કરીને ગામડે ગામડે યુવાનોને એકત્ર કરી શિબિરોના આયોજનો કર્યા. દશ દિવસ, સાત દિવસની શિબિરોમાં ભગવાનના નિયમો, નિશ્ચય અને પક્ષના આદેશોને મહત્વ આપી આજે એક લાખથી વધુ યુવાનો યુવક મંડળની છત્રછાયા નીચે સેવાઓ કરે છે. ગામડાના હરિભક્તોમાં વ્યવહારિકતાના બહાને પક્ષમાં થતી બાંધછોડને યુવાનોએ પુનઃ જીવંત કરી છે. મંદિરોના સિંહાસનોમાં વિમુખોના ફોટાઓને યુવાનોએ હટાવ્યા છે. વિમુખોની થતી સભાઓ અટકાવીછે. વડીલોને આદર આપીને શ્રી




નરનારાયણદેવની નિષ્ઠા પાકી કરી છે. સંપ્રદાયની સેવામાં વિશાળ યુવાનોનું સૈન્ય તૈયાર છે. સત્સંગ પ્રચાર, સભાઓ, કીર્તન ભક્તિ, ધર્મોપદેશ, વ્યસન મુક્તિ, વ્યસન મુક્તિ રેલી તથા વ્રત ઉત્સવો તેમજ કેન્દ્ર સ્થાનેથી થતાં મોટા મોટા સમૈયાઓનું સુકાન યુવાનો સંભાળી રહ્યાં છે. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ લાખો યુવાનોને સત્સંગની સેવામાં જોડ્યા છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું જીવન ખૂબજ પવિત્ર નિર્મળ, સાદગીપૂર્ણ અને ભક્તિ પરાયણ છે. બહારનો દેખાવ બહુ નહિ પણ અંગત જીવનમાં ભગવાનનો અંશ છે. ભગવાનની વાત આવે ત્યારે કોઈનીય પણ શરમ ન રાખે. તેમાં કોઈનુંય સાંભળી ન લેવું. સભામાં બિરાજમાન હોય ત્યારે મહામંત્રનો અખંડ જાપ કરતા હોય કે કીર્તન ગાતા હોય છે. પૂજામાં ખૂબજ શાંતિથી ધ્યાનસ્થ થઈ જાય છે. નિવાસસ્થાને એકલા જ હોય ત્યારે એકાગ્ર બનીને માળા ફેરવતા હોય છે. અથવા નંદ સંતોના કીર્તન ગાતા હોય છે. આ પ્રસંગો અમે નજરે જોયા છે. તેથી જરાપણ અતિશયોક્તિ નથી. તેમજ મંદિરોના નિર્માણ આદિ કાર્યોમાં ખૂબજ આગવી સૂઝ ધરાવે છે. તથા નિર્ણય શક્તિ અજોડ છે. તેમજ સામેની વ્યક્તિને બે જ મિનિટમાં ઓળખી શકે છે. આ બધા સદ્‌ગુણો આપણે જોયા પછી જ કહીએ છીએ. પણ તે વાત નક્કી છે કે સર્વોપરિએ સ્થાપન કરેલ પદ પર સર્વોપરિએ મોકલેલ ધર્મવંશી આચાર્ય ભગવાનનો અંશ છે તેના માટે કોઈ પ્રમાણની જરૂર રહેતી નથી. નિવૃત્ત આચાર્ય મહારાજશ્રી તથા પદારુઢ આચાર્ય મહારાજશ્રીના ચરણ કમળમાં કોટી કોટી વંદન.

મહિમા આચાર્યપદનો

– હરિકેશવ શાસ્ત્રી



શ્રી નરનારાયણ દેવ પીઠ સ્થાન પર આરૂઢ થતા પહેલા વેદશાસ્ત્રની પરંપરાગત યજ્ઞ વિધિમાં બિરાજેલા પરમ પૂજ્ય લાલજી મહારાજશ્રી.

તમે એ તો જાણતા જ હશો કે આપણા ભારત દેશના બંધારણમાં સર્વોચ્ચ પદ રાષ્ટ્રપતિનું છે. આખા દેશના એ બંધારણીય વડા છે. તમે એ પણ જાણતા હશો કે સુપ્રિમ કોર્ટે કોઈ ભયંકર ગુનેગારને ફાંસીની સજા ફટકારી હોય તેમ છતાં જો તે ગુનેગાર રાષ્ટ્રપતિને શરણે જાય અને રાષ્ટ્રપતિ તેની અરજી સ્વીકારે તો ભયંકર ગુનેગાર હોવા છતાં મૃત્યુદંડથી તે બચી જાય છે.

આપણે વાત જુદી જ કરવાની છે. આપણે દેશની નહીં પણ માનવજીવનની વાત કરવાની છે. આપણે સમાજની નહીં પણ અહીં સત્સંગની વાત કરવાની છે. થોડો વિચાર કરજો. માણસોએ નક્કી કરેલા બંધારણીય વડાનું આટલું બધું ગૌરવ હોય તો સર્વાવતારી, સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાને બંધારણીય પદના વડા તરીકે આચાર્ય મહારાજની નિયુક્તિ કરી છે. તો તેનું ગૌરવ, તેની મહત્તા, તેનો મહિમા અપરંપાર જ હોય ને !

ગમે એવો પાપી જીવ હોય, જમપુરી - નરક ચોરાશીની એને સજા થઈ હોય, પરંતુ ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને નક્કી કરેલા બંધારણીય વડા પૂ. આચાર્ય મહારાજશ્રીના શરણે જાય અને પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી એને અભયદાન આપે તો એ જીવના માથેથી નરકચોરાશી, જમયાતના મટી જાય છે અને તે જીવ અક્ષરધામનો અધિકારી બને છે.

આવા મોક્ષદાયી બંધારણીય પદના વડા તરીકે રહીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે ૩૫ વર્ષ સુધી વિશ્વના ઘણા દેશોમાં સ્વામિનારાયણ ભગવાનના નામનો જયજયકાર કરાવ્યો. અને હવે એ જ સર્વોચ્ચ પદના વડા તરીકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ બિરાજીને પૂર્વાચાર્યે સંપ્રદાયની જે સેવા કરી તેના જેવી જ બલ્કે તેથી પણઅધિક સંપ્રદાયની અને સમાજની સેવા કરવા શક્તિમાન બને એવી આજના પ્રસંગે સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના.

હે ભક્તો ! યાદ રાખો આપણે કોના શરણે છીએ. સ્વામિનારાયણ ભગવાન અને સ્વામિનારાયણ ભગવાન સંસ્થાપિત આ અદ્‌ભુત, અનોખા સત્સંગરૂપી બંધારણને શરણે છીએ. આવા અલૌકિક શરણના પ્રતાપે સામાન્ય ભક્તમાં પણ અલૌકિક તાકાત પ્રગટે છે. તે વાત વૈરાગ્યમૂર્તિ નિષ્કુળાનંદ સ્વામીએ ગૌરવભેર આલેખી છે.

ગોલીડા ગામના ચાર બ્રાહ્મણ ભક્ત ભાઈઓ ખેતરમાંથી સાંજે ઘર તરફ આવતા હતા. ગામમાંથી કોઈ કુસંગી જીવને લઈને જમદૂતો જતા હતા તે આ ભાઈઓએ જોયું અને મનમાં વિચાર કર્યો કે શું કરીશું ? આપણા ગામનો એક ભક્ત જીવ જમપુરીમાં જાય એ તો આપણી શોભા ન કહેવાય અને સ્વામિનારાયણ ભગવાનને યાદ કરી આ ચારભાઈ જમદૂતોની સામે પડી ગયા. કે આપણે ભગવાનના ભક્ત તરીકે સાચા ત્યારે જ ગણાઈએ કે જ્યારે જમડાને પાછા વાળીએ. અને હાક મારી જમદૂતોને ઊભા રાખ્યા. એટલું જ નહીં એની સાથે ઝઘડો કર્યો. હાથમાં લાકડી તો હતી જ. જમદૂતના મોઢા ઉપર લાકડીનો પ્રહાર કર્યો. એક પ્રહાર થયો. એમાં જમ જાણી ગયા કે ધરતીલોકના આ માણસો આપણને લાકડી મારી જાય ! અને તે પણ કેવો કાતિલ પ્રહાર ! કડાકાની સાથે દાંત પડી ગયો. જમ ચેતી ગયા કે આ તો કોઈ શક્તિશાળી માણસો લાગે છે. આનામાં તો બહુ તાકાત છે. આ તો એક જણાએ જ લાકડી મારી ! ત્રણ જણાતો હજુ પાછળ છે. જો ત્રણે ત્રણ આવશે તો આપણે જમપુરીમાં સંદેશો પહોંચાડવા માટે પણ નહીં બચીએ.

અને એ જીવને મુકીને જમદૂતો પાછા ચાલ્યા ગયા. એટલું જ નહીં પણ ભક્તોની


(અનુસંધાન ૩૫ ઉપર)

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાનના આચાર્યો

– કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી

હિન્દુ ધર્મ આચાર્યોની પરંપરાથી ગુંથાયેલો છે. શ્રીમદ્ શંકરાચાર્ય, શ્રીમદ્ રામાનુજાચાર્ય, શ્રીમદ્ નિમ્બાર્કાચાર્ય, શ્રીમદ્ મધ્વાચાર્ય, શ્રીમદ્ વલ્લભાચાર્ય આ પાંચ આચાર્યો અને તેમના સિધ્ધાંત દ્વેત, અદ્વેત, શુધ્ધાદ્વેત, દ્વેતાદ્વેત અને વિશિષ્ટાદ્વેત મત પ્રમાણે અનેક સંપ્રદાય વિસ્તર્યા છે.

વિ.સં. ૧૮૯૫ની જન્માષ્ટમીએ મોક્ષનગરી અયોધ્યામાં શ્રીરામ શર્માનું પ્રાગટ્ય થયું. જેઓ સાક્ષાત્ શ્રીકૃષ્ણચંદ્રના મનોનિત સખા ઉધ્ધવજી હતા. વૈરાગ્ય ધારણ કરી નિરાકારી સંત આત્માનંદજીના શિષ્ય બન્યા. પાછળથી નિરાકાર બ્રહ્મની ઉપાસના જણાતા ત્યાંથી દક્ષિણ ભારતના કાવેરી ગંગા તટે શ્રી રંગમ્ ક્ષેત્ર જે શ્રીમદ્ રામાનુજાચાર્યનું મુખ્ય ગાદી સ્થાન છે ત્યાં રોકાયા. શ્રીવૈષ્ણવ, પ્રપન્નામૃત આદિ શાસ્ત્રો ભણ્યા. સાક્ષાત્ રામાનુજાચાર્ય સ્વપ્નમાં પધાર્યાને દીક્ષા પ્રદાન કરી અને "ઉધ્ધવ" નામે સંપ્રદાય સ્થાપવા આજ્ઞા કરી. ત્યારબાદ વૃંદાવનમાં થોડા



આશ્રિતોની સભામાં "ઉધ્ધવ નામના વૈષ્ણવ" સંપ્રદાયની સ્થાપના કરી. જેના આચાર્યપદે શ્રી રામાનંદ સ્વામી સ્વયં વિરાજ્યા. પોતે રામાનુજાચાર્યે આપેલ ગુરુમંત્ર ઉપદેશ કર્તા જેથી આશ્રિતને સાક્ષાત્ સાકારબ્રહ્મ શ્રી રાધાકૃષ્ણ સ્વરૂપના દર્શન થતા, અંદાજે સતત-૫૪ વર્ષ સુધી સંપ્રદાયના આચાર્યપદે શ્રીમદ્ રામાનંદ સ્વામી વિરાજ્યા. વિ.સં. ૧૮૫૬ના પોતાના લોજ ગામના આશ્રમે સંતો સાથે રોકાયેલા સાક્ષાત્ છપૈયામાં પ્રકટેલા પરબ્રહ્મ શ્રી નીલકંઠ બ્રહ્મચારીને યોગ્ય શિષ્ય ગણીને વિ.સં. ૧૮૫૭ના કારતક સુદ પ્રબોધિની એકાદશીને સંપ્રદાયની ગાદી પર આચાર્ય પદે પટ્ટાભિષેક કર્યો અને શ્રી સહજાનંદ સ્વામી તથા નારાયણમુનિ નામ પાડ્યા. નિવૃત આચાર્ય ગુરુ મહારાજ શ્રી રામાનંદ સ્વામીના અક્ષર ગમન બાદ સહજાનંદસ્વામીએ ૨૦૦૦ જેટલા વૈરાગ્યની મૂર્તિ સમા ઉપદેશક સંતોને દીક્ષા આપી. અને પોતાના દિવ્ય અલૌકિક પ્રભાવથી પરમહંસ નૈષ્ઠિક વ્રતધારી સંતોએ ગામો ગામ પગપાળા વિચરણ કરીને માનવને ખરા અર્થમાં માનવ બનાવીને અદ્ભૂત કાર્ય કર્યું. જેથી આ સંપ્રદાય ખૂબ પ્રગતિને પામ્યો. ઐશ્વર્યમૂર્તિ સાક્ષાત્ - પરબ્રહ્મ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ઐશ્વર્યથી અનંત જીવાત્મા ભગવાનના દિવ્ય

અમદાવાદ દેશના આચાર્યશ્રીના નામ	અભિષેક સમયે ઉમર (વર્ષ)	ગાદીએ બિરાજ્યાના (વર્ષ)	કુલ આયુષ્ય
આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી	૧૭	૪૨	૫૯
બીજા આચાર્યશ્રી કેશવપ્રસાદજી મહારાજશ્રી	૩૩	૨૨	૫૫
ત્રીજા આચાર્યશ્રી પુરુષોત્તમપ્રસાદજી મહારાજશ્રી	૨૦	૧૨	૩૨
ચોથા આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી	૩	૩૫	૩૮
પાંચમા આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી	૧૬	૩૨	૪૮
છઠ્ઠા આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી	૨૫	૩૫	બિરાજીત છે
સાતમા આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી	૩૩	વિદ્યમાન છે	

સુખને ભોગવવા લાગ્યા અને પ્રભુના સુખે અસાર સંસારને પ્રભુપ્રાપ્તિનો દિવ્ય માર્ગ ગણીને, નિર્વાસનિક બનીને ભગવાનને પામવા લાગ્યા. ભગવાન શ્રીહરિએ વિ.સં. ૧૮૮૨માં પોતાના બે ભાઈ શ્રીરામપ્રતાપજી તથા ઈચ્છારામજીના પુત્રોને અનુક્રમે અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજી બેને દત્તપુત્ર કરીને સંપ્રદાયના આચાર્ય પદે બિરાજીત કરીને, મોક્ષ માર્ગ સ્થાપીને પોતે મનુષ્ય દેહે સ્વેચ્છાએ આ નશ્વર દેહનો ત્યાગ કર્યો. ભગવાન શ્રીહરિની પરંપરામાં અમદાવાદ અને વડતાલની ગાદી ઉપર જે તે સમયે જે તે આચાર્યશ્રી બિરાજમાન થાય છે અને સત્સંગની સુંદર પ્રવૃતિ થાય છે.

ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી

અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદી પર આદિ આચાર્ય તરીકે સંવત ૧૮૮૨ના કારતક સુદી એકાદશીને રોજ શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજનો સ્વયં શ્રી સ્વામિનારાયણ ભગવાને ગાદિ પટ્ટાભિષેક કર્યો. તે આદિ આચાર્ય મહારાજનો જન્મ સુવાસીનીબા ના કુખે સંવત ૧૮૬૫ના જેઠ સુદી એકાદશીના શુભ દિને છપૈયા ગામે થયો હતો. તેમનું જીવન સાધુ જેવુ સાદુ હતું. પોતાનો દેહ સત્સંગના ઉત્કર્ષને માટે કરી રાખ્યો હતો. શ્રીહરિના સાંનિધ્યમાં રહેવાથી તેઓશ્રીમાં ઉત્તમ ગુણોએ સદાને માટે નિવાસ કર્યો હતો. તેમની દૃષ્ટિ નિરાવરણ બની હતી અને ત્રણે અવસ્થામાં પ્રગટ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને સાક્ષાત્ દેખતા.

આ આચાર્યની આત્મનિષ્ઠા, પરાકાષ્ટાને પામી હતી.

એક વખત સંતોએ સહિત આચાર્ય મહારાજ, જેતલપુર પાસેના ગામડી ગામે પધારેલા ત્યારે ગામના



સત્સંગીઓમાં અનુપમ આનંદ છવાઈ રહ્યો હતો. આનંદના અતિરેકમાં ક્રિયાનું વિસ્મરણ થતું, આ પ્રેમની વિહ્વળતા પાકશાળા સુધી પહોંચી હતી. રસોઈ કરનાર બ્રાહ્મણે સંભ્રમમાં સાકરને બદલે મીઠું નાખ્યું. દુધપાક તૈયાર કર્યો. ઠાકોરજીને થાળ થયો. આચાર્યશ્રી જમવા બેઠા, શ્રીહરિમાં અખંડવૃત્તિ રાખી દુધપાક જમી ગયા. પીરસનાર જેમ આગ્રહ કરે તેમ જમતા જાય. તેમને મન ભગવાનની પ્રસાદીની વસ્તુ તરીકે સાકર અને સબરસ બન્ને સરખાં હતાં, મુખ પર લગાર પણ ગ્લાનિ અથવા વિરૂપતા આવવા દીધી નહીં ! જ્યારે બીજા જમ્યા, ત્યારે દુધપાક ખારો થયો છે, એવી ખબર પડી.

સત્સંગીઓને દુઃખ થયું. અને આચાર્યશ્રીની માફી માગી ! આચાર્યશ્રી પ્રસન્ન વદને કહેવા લાગ્યા કે ભક્તો ! દુઃખી થશો નહિ. આ દેહને ભાડુ જ આપવાનું હતું ને ! વળી ભગવાનની પ્રસાદીમાં સ્વાદની ભાવના રાખવી નહિ. જે પ્રસાદી તરીકે આવે તે જમી લેવું. **આ હતું ઉત્તમ નિસ્વાદી વર્તમાન, અને આત્મનિષ્ઠા** પોતે પાળ્યું અને બીજાને બોધ આપ્યો.

એક વખત આચાર્યશ્રી અવધભુવનમાં માનસીપૂજા કરવા બેઠા હતા. અને શ્રીહરિને વિષે તદાકાર વૃત્તિ બની હતી. અને દેહ ભાવનું વિસ્મરણ થયું હતું. તેવામાં તેમના બરડા ઉપર વીંછી ચઢ્યો અને પોતાના સ્વભાવ પ્રમાણે વીંછીએ ડંશ દીધા, તેનાં લાલ ચાઠાં પડેલાં ! છતાં એક કલાક સુધી માનસીપૂજામાં રહ્યા ! પણ દેહનો ભાવ આવવા દીધો નહિ ! કલાક પછી પાર્ષદોને કહ્યું કે જુઓ કંઈ કરડ્યું જણાય છે. ત્યારે સેવકોએ જોયું તો વીંછી મળી આવ્યો. આખો બરડો ડંશથી લાલ રંગનો સુજી ગએલો જોયો ! સર્વેને અતિ આશ્ચર્ય અને દુઃખ થયું. મહારાજશ્રીએ જણાવ્યું કે દરેક પ્રાણીમાત્ર પોતાની પ્રકૃતિ પ્રમાણે આચરણ કરે છે. તો તે પ્રાણી તે સ્વભાવને અનુસર્યું, આપણી પ્રકૃતિ દૈવી ગણાય તે મુજબ વર્તન સ્વાભાવિક થાય. સૌ કોઈ પોતાની પ્રકૃતિ અને સ્વભાવ કેમ મુકે ? આ હતી તેમની ઉત્તમ આત્મનિષ્ઠા.

તેઓશ્રી વિદ્વાન હતા અને વિદ્યા

તરફ સહાનુભૂતિ દર્શાવતા, તેઓ કવિ પણ હતા, તેમનાં રચેલાં ઘણા કીર્તનો સંપ્રદાયમાં પ્રસિદ્ધ છે. અને અમદાવાદની ઐતિહાસિક કલાકૃતિથી બેનમેન અદ્‌ભૂત હવેલીનું વિશાળ મકાન આ આચાર્યશ્રીએ બંધાવેલું છે. ડુંગરપુર, ઈડર, સિદ્ધપુર, માંડવી (કચ્છ) અને છપૈયા વિગેરે સ્થળોએ મંદિરો કરાવરાવી પ્રતિષ્ઠાઓ કરેલી છે. અને શિક્ષાપત્રીમાં શ્રીહરિની આજ્ઞા થતાં તરત જ અમદાવાદમાં શ્રી સ્વામિનારાયણ સંસ્કૃત પાઠશાળા શરૂ કરી અને વિદ્વાન શાસ્ત્રી રાખીને વિદ્યાની પ્રવૃત્તિ કરાવી, તે પાઠશાળામાંથી હજારો સાધુ અને બ્રાહ્મણો વિદ્વાન થઈ ગુજરાતમાં પ્રસિદ્ધ થએલા છે. અદ્યાપિ ઉત્તરોત્તર પાઠશાળા વૃદ્ધિ પામતી જાય છે. અને વિદ્યાની પ્રવૃતિ થતી જાય છે.

આ આચાર્યશ્રી સંવત ૧૯૨૭ના ફાગણ સુદી સાતમને રોજ ભૌતિક દેહનો ત્યાગ કરી શ્રીહરિના સાંનિધ્યમાં રહ્યા. આ આચાર્યશ્રીએ ૪૨ વર્ષ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન પર રહી અને સત્સંગનું ઉત્કર્ષપણું કર્યું, અને ઘણી જ સત્સંગની સેવા કરી છે.

ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કેશવપ્રસાદજી મહારાજ

તેઓશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજના ઔરસ પુત્ર હતા. તેમનો જન્મ સવંત ૧૮૮૮માં અમદાવાદમાં થયો હતો, ધર્મકુળના સંસ્કારો તેમને વારસામાં મળ્યા હતા. અને સત્સંગ યૌવન અવસ્થામાં હતો. પિતાના માર્ગે ચાલી ધર્મનો ઉત્કર્ષ કરવાની ધુરા તેમણે સંભાળી.

માયાળું સ્વભાવ અજોડ હતો. સાધુ અને બ્રહ્મચારી તથા હરિભક્તો વિષે



બહુ જ માયાળું સ્વભાવ રાખતા.

સત્સંગ પ્રચાર માટે ગામોગામ જાય ત્યારે વિદ્વાન્ સાધુ, બ્રહ્મચારીને સાથે રાખતા, ને આદર કરાવતા.

"સત્સંગિભૂષણ" ગ્રંથની ગૂઢ ભાવાર્થ પ્રદિપિકા નામની સંસ્કૃતમાં ટીકા રચાવી. ૧૯૪૨માં હરિવાક્ય સુધા સિન્ધુ નામના મહાન ગ્રંથ ઉપર સત્સંગીઓની સરળતાર્થે સંસ્કૃતમાં અન્વયદિપિકા નામની ટીકા કરી. પોતે સત્સંગમાં વિચરણ કરી સૌરાષ્ટ્રના તેમજ કચ્છના મોટા ભાગના રાજવીઓમાં જેવા કે, ધ્રાંગધ્રા, મોરબી, વાંકાનેર, લીંબડી, વઢવાણ, માળીઆ અને કચ્છ ભુજ વિગેરે રાજ્યોમાં સત્સંગ કરાવ્યો, અને સંપ્રદાયનું રહસ્ય સમજાવ્યું, અદ્યાપિ તેઓના વંશજોમાં શ્રી સ્વામિનારાયણ ધર્મ પળાય છે અને સદાચારી જીવન જીવે છે. કરાંચી, પ્રાંતિજ, માણસા, ડભાણ, ચરાડવા, વિસનગર વિગેરે સ્થાનોમાં મોટા મંદિરો કરાવી તે ગામોમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરી. તેમજ અમદાવાદ, મુળી, ધોળકા અને જેતલપુર મંદિરમાં કાષ્ટકલાના અદ્‌ભૂત બેનમૂન કલાકૃતિથી શોભાયમાન સભામંડપનું નિર્માણ કરાવ્યું.

આ પ્રમાણે સત્સંગનો ઉત્કર્ષ તેઓશ્રીના વખતમાં થયો. તેઓશ્રી સત્સંગરૂપી વાટિકાના ઉત્તમ માળી તરીકે સંવત ૧૯૨૪ થી ૧૯૪૬ સુધી વિહાર કર્યો. અને સત્સંગ વાટિકાને નવપલ્લવિત મનોહારી અને દિવ્ય બનાવી સતત ૨૨ વર્ષ સુધી શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન પર રહી સંવત ૧૯૪૬ના ચૈત્ર વદી ચોથના રોજ ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરવાસી થયા, અને શ્રીહરિની સેવામાં હાજર રહ્યા.

ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી પુરૂષોત્તમપ્રસાદજી મહારાજ :

આ આચાર્યશ્રીનો જન્મ સં. ૧૯૨૬ના માગશર વદી બીજના રોજ થયો હતો. તેઓશ્રી ગાદી ઉપર સં.૧૯૪૬માં આવ્યા. આ ધર્મકુળની ત્રીજી પેઢી હતી. સત્સંગની પ્રણાલિકા ખૂબ જ જળવાઈ રહી હતી. તેઓશ્રી સ્વભાવે માયાળું અને મળતાવડા હતા. સત્સંગનું ગૌણપણું સહન કરી શકતા નહિ. પ્રતિવાદીઓ સામે છાપ પાડવાનું ભૂલતા નહિ. દેરા તંબુ, પાયદળ વિગેરે

સાથે ઠાઠથી ગામડે ગામડે ફરતા સભાઓ ભરતા, સત્સંગને અનેરો ઉત્સાહ થાય તેવું વાતાવરણ ઉપજાવતા અને તદ્નુકુલ ઉપદેશ



આપતા, અને કારતક માસથી જેઠ માસ પર્યન્ત સતત આઠ મહિના ગામડે ગામડે ફરીને ઉપદેશ આપતા સત્સંગનો વધારો કરતા. તેઓશ્રીએ સાહિત્યને ઉત્તેજન સારી પેઠે આપેલું છે. વચનામૃતનો અભિપ્રાય સહેલાઈથી સમજાય તે માટે ભાવાર્થ નામની ટીકા રચાવી અને વચનામૃતનો ગ્રંથ છપાવી શોધાવીને સમજવામાં સરળ કરી અપાવ્યો.

તેઓશ્રીએ અમદાવાદ મંદિરના કાષ્ટકલાથી શોભાયમાન ઐતિહાસિક દરવાજાનું નિર્માણ કરાવ્યું. તદ્પરાંત સાબરમતીના તટે ઘાટ બંધાવ્યો, તેને હાલ આપણે નારાયણઘાટ તરીકે ઓળખીએ છીએ, છપૈયામાં નારાયણ સરોવરને પથ્થરથી બંધાવ્યું. સાદરા વિગેરે ગામોમાં મંદિર કરાવી દેવોની સ્થાપના કરેલી છે.

પોતે અપુત્ર હોવાથી કાશીપ્રસાદજી પાન્ડેના પુત્ર શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને દત્તક વિધિથી પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા, અને સંવત ૧૯૫૮ના કારતક વદી અમાવાસ્યાને રોજ ભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરનિવાસી થયા. તેઓશ્રી ૧૨ વર્ષ શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન પર રહ્યા અને સત્સંગ વૃદ્ધિ પમાડ્યો.

ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજશ્રી :

ધ.ધુ. આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજનો જન્મ છપૈયા ગામમાં સ્વામિનારાયણ ભગવાનના મોટાભાઈ રામપ્રતાપજી પાંડેના વંશમાં શ્રીયુત કાશીપ્રસાદજી હરિસહાયજી પાન્ડેના ઘરે સંવત ૧૯૫૫ના અષાઢ સુદી ૯ નવમીના રોજ થયો હતો.

શ્રીજી મહારાજની ઈચ્છા અને સત્સંગના સદ્ભાગ્યે અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદીના ત્રીજા આચાર્યશ્રી પુરૂષોત્તમપ્રસાદજી મહારાજે પોતે અપુત્ર હોવાથી સ્વામિનારાયણ ભગવાનના લૌકિક દૃષ્ટિએ સગા ભત્રીજા અને આદિ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી અયોધ્યા-પ્રસાદજી મહારાજના મોટાભાઈ નંદરામ પાન્ડેના પુત્ર હરિસહાયજી પાન્ડેના પાંચમાં પુત્ર કાશીપ્રસાદ પાન્ડેના જેષ્ઠપુત્ર શ્રી વાસુદેવપ્રસાદજી પાન્ડેને દત્તકવિધિથી પુત્ર તરીકે સ્વીકારી લઈ પોતાના ઉત્તરાધિકારી બનાવ્યા.

તે પછી ટૂંક સમયમાં આચાર્યશ્રી પુરૂષોત્તમપ્રસાદજી મહારાજ અક્ષર-વાસી થયા.

શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજને



સંવત ૧૯૫૮ના કારતક વદ અમાવાસ્યાના રોજ અમદાવાદ શ્રી નરનારાયણદેવની ગાદીના ચોથા આચાર્ય તરીકે વેદવિધિપુરઃસર મોટી ધામધુમથી ગાદી ઉપર આરૂઢ કરવામાં આવ્યા.

આ આચાર્યશ્રી ગાદી ઉપર આવ્યા ત્યારે તેઓ સગીર હોવાના કારણે સંસ્થાનો વહીવટ તેઓ તરફે ટ્રસ્ટીઓ સંભાળતા. પુખ્ત ઉંમરે પહોંચ્યા પછી સંસ્થાનો વહીવટ દક્ષતાપૂર્વક પોતે સંભાળવા લાગ્યા.

આ આચાર્યશ્રીએ સંસ્કૃત, પ્રાકૃત, ગ્રંથોનું સારૂ શિક્ષણ પ્રાપ્ત કરેલું, અંગ્રેજીનું જ્ઞાન સારૂ ધરાવતા, માણસ પારખવાની શક્તિ અજાયબ હતી, સત્સંગના ઉત્કર્ષનાં કાર્યોમાં ઉંડો રસ ધરાવતા.

તેઓશ્રીએ વાલી, અયોધ્યા, પેથાપુર, બામરોલી, છપૈયા ખાતે

જન્મસ્થાનમાં બાલસ્વરુપ ઘનશ્યામ મહારાજની, એમ વેદવિધિપુરઃસર તે તે ગામોના શિખરબંધ મંદિરોમાં તે તે દેવોની સ્થાપનાઓ કરેલી છે.

તેઓશ્રીએ અમદાવાદ, મૂળી, ભુજ, ધોળકા વિગેરે શહેરોના મંદિરોમાં શ્રીજીમહારાજે સ્વ-હસ્તે પધરાવેલા દેવોના શતવાર્ષિક પાટોત્સવ વેદવિધિપુરઃસર મોટી ધામધુમથી ઉજવી-ઉજવાવી સત્સંગમાં ઉત્સાહ પ્રેર્યો હતો.

આ આચાર્યશ્રીએ સ્વામિનારાયણ ભગવાને લોકકલ્યાણાર્થે શિક્ષાપત્રી રચી તેને સં. ૧૯૮૨માં સો વરસ પૂરાં થતાં હોઈ તે પ્રસંગનો અમદાવાદ મંદિરમાં મોટો શિક્ષાપત્રી શતાબ્દી મહોત્સવ ઉજવ્યો હતો. તે દિવસથી આરંભી સંપ્રદાયમાં શિક્ષાપત્રી જયન્તી દર વર્ષે ઉજવાય છે.

આ આચાર્યશ્રીએ "અખિલ સનાતન વર્ણાશ્રમ સ્વરાજ્ય સંઘ"ને અમદાવાદ મંદિરમાં અધિવેશન રાખવા આમંત્રણ આપી શ્રી નરનારાયણદેવની છત્રછાયા નીચે વૈષ્ણવાચાર્યો, શંકરાચાર્યો, મંડલેશ્વરો, ભારતના તમામ રાજ્યોના નામાંકિત પંડિતો, અમદાવાદના મીલમાલિકો, તેમજ ભારતભરના ધર્મપ્રેમી અગ્રગણ્ય જનોને સભાના રૂપમાં એકત્રીત કર્યા હતા. ઉપરોક્ત મહાનુભાવોને શિક્ષાપત્રીના આદેશ મુજબ યથાયોગ્ય મોભાસરની સુંદર બેઠકોમાં વ્યવસ્થાપૂર્વક સન્માન સાથે પધરાવી તેઓનાં મન જીતી લઈ સત્સંગની પ્રતિષ્ઠામાં વધારો કર્યો હતો. અધિવેશનમાં આ આચાર્યશ્રીએ "स्नातं चन्दन चर्चितम्" એ શ્લોકથી મંગલાચરણ કરી સુંદર શૈલીમાં પ્રેરણાત્મક પ્રવચન આપ્યું હતું. મંદિરમાં અધિવેશન ભરાયા પછી ઉત્તરોત્તર વૈષ્ણવો, સ્માર્તો વગેરે દેવ દર્શનનો વધુ લાભ મેળવતા થયા.

આ આચાર્યશ્રીએ વિદ્વાન સંતો અને ગવૈયા સંતોને સાથે લઈ ઉત્તર વિભાગના સત્સંગીઓના નાના મોટા તમામ ગામોનો પ્રવાસ કરી શ્રીહરિનો સર્વોપરિ મહિમા સમજાવી કથા, વાર્તાનું અલૌકિક સુખ આપીને સત્સંગીઓને ખૂબ રાજી કર્યા હતા.

આ આચાર્યશ્રી સંવત ૧૯૯૩ના કારતક વદ એકમના રોજ અક્ષરનિવાસી થયા.

તેઓશ્રીની કારકિર્દી સંપ્રદાયના ઈતિહાસમાં અમર રહેશે.

ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી :

આ આચાર્યશ્રીનો જન્મ અમદાવાદ ખાતે સંવત ૧૯૭૮ના આસો સુદી પૂર્ણિમાના દિવસે થયેલો. શરદ્ પૂર્ણિમાના દિવસે જન્મ થવાથી શીતલતા, અમૃતત્વ આહ્લાદકત્વ વગેરે વગેરે મહાન ગુણોના આવિર્ભાવો તેઓશ્રીના જન્મની સાથેજ તેઓમાં દેખાવા લાગ્યા. અને ચંદ્રના ઉદયથી જેમ અઢારભાર વનસ્પતિઓને પોષણ મળે છે. તેમ આ આચાર્યશ્રીનો જન્મ શરદ્ પૂર્ણિમાના દિવસે થયો હોવાથી સમગ્ર સત્સંગનો સર્વાંગી વિકાસ સધાયો અને ચંદ્રમાની કલાઓ જેમ પૂનમ સુધી ઉત્તરોત્તર વધે છે તે પ્રકારે આ આચાર્યશ્રીના તે તે ગુણો એક પછી એક મૂર્ત સ્વરૂપે વિકસવા લાગ્યા.

આ આચાર્યશ્રીને સંવત ૧૯૮૬ના ચૈત્ર સુદી નવમીના રોજ ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી વાસુદેવપ્રસાદજી મહારાજે મોટા



સમારોહથી અને વેદવિધિ પુરઃસર શ્રી નરનારાયણદેવના મંદિરના વિશાળ પટાંગણમાં ઉપવીત સંસ્કારો આપ્યા તે પ્રસંગે તે વખના કલેકટર, કમિશ્નર અને માળીયા ઠાકોર સાહેબ વગેરે વગેરે આમંત્રિત મહેમાનો અને સત્સંગીઓ ઉપવીત સંસ્કારનો સમારંભ જોઈને પ્રભાવિત બન્યા. આ આચાર્યશ્રી અમદાવાદ ગાદીના ચોથા આચાર્યશ્રી વાસુદેવપ્રસાદજી મહારાજના ઔરસ પુત્ર હતા. આ આચાર્યશ્રીએ પોતાના પિતાશ્રીની હયાતીમાં નાની વયે સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કરેલો અને સંગીતનું જ્ઞાન

તો આ આચાર્યશ્રીને સ્વયંભૂ જ હતું. શરીર સ્થુલ હોવા છતાં ગમે તેવા તોફાની ઘોડાની લગામ તેઓ પકડે એટલે ઘોડો સ્વયં શાંત બની જતો. તેઓનો તેવો પ્રભાવ હતો.

સંવત ૧૯૯૩ના કારતક વદી એકમના રોજ ગાદી ઉપર આરૂઢ થયા. તે વખતે તેઓ ચૌદ વર્ષના હતા. પુખ્ત ઉંમરે પહોંચતા ટ્રસ્ટી મંડળના હસ્તકનો કાર્યભાર સ્વયં ચલાવવા લાગ્યા. તે પછી સત્સંગે ખૂબ સંતોષ અનુભવ્યો અને સત્સંગનો સર્વાંગી વિકાસ પણ સધાયો.

પોતાના પિતાશ્રીની ત્રયોદશા નિમિત્તે અમદાવાદ શહેરમાં ચોરાસી કરી. હજારો બ્રાહ્મણો, સંતો, સન્યાસીઓ, વૈરાગીઓ, હરિભક્તો અને હરકોઈ અન્નાર્થીને જમાડીને તૃપ્ત કર્યા હતા.

આચાર્યશ્રીએ યાત્રાળુ સત્સંગીઓને ઉતરવા માટે સુગમતા રહે, એવી અદ્યતન સગવડવાળી સંત-હરિભક્ત મારફત મંદિરમાં જ બે આલિશન ધર્મશાળાઓ તૈયાર કરાવડાવીને યાત્રાળું સત્સંગીઓને સંતોષ આપ્યો.

આ આચાર્યશ્રીએ જેતલપુર, ઈડર, છપૈયા, માંડવી અને સિદ્ધપુર વિગેરે શિખરબંધ મંદિરોમાં પધરાવેલા તે તે દેવોના શતવાર્ષિક પાટોત્સવો ઉજવી, ઉજવાવી અખીલ સત્સંગને પ્રફુલ્લિત કર્યો. ટોરડામાં શ્રી ગોપાળ લાલજી હરિકૃષ્ણ મહારાજની, દેત્રોજમાં બાળસ્વરૂપ ઘનશ્યામ મહારાજની, તથા અંજાર (કચ્છ)માં ઘનશ્યામ મહારાજની, વડનગરમાં શ્રી ઘનશ્યામ મહારાજની તથા સાપાવાડામાં ઘનશ્યામ મહારાજની વેદ વિધિ પુરઃસર પ્રતિષ્ઠાઓ કરી. આચાર્યશ્રીએ અમદાવાદ મંદિરમાં શ્રી નરનારાયણદેવના મંદિર પાસે આલિશાન એક ઘુમટવાળું અક્ષરભુવન બનાવડાવી તેમાં બાલ સ્વરૂપઘનશ્યામ મહારાજની સં.૨૦૦૯ના ચૈત્ર સુદ નવમીના રોજ વેદવિધિ પુરઃસર પ્રતિષ્ઠા કરી અને શ્રીહરિની પ્રસાદીની વસ્તુઓના દર્શનનો લાભ સૌ કોઈ સરળતાથી એકી સાથે મેળવી શકે તે રીતે પોતાના વારસામાં મળેલ અપ્રાપ્ય પ્રસાદીની વસ્તુઓ આપી અને તે તે વસ્તુઓ સુવ્યવસ્થિત યથાયોગ્ય યથાક્રમ પધરાવીને ત્યાગનું એક ઉમદા દૃષ્ટાંત પુરૂં પાડેલ છે.

આ આચાર્યશ્રીનો રજતજયંતી મહોત્સવ સંવત ૨૦૧૮ના ફાગણ સુદ-૩ના રોજ સમસ્ત સત્સંગ સમાજે ભવ્ય સમારોહથી ઉજવ્યો હતો. અને તેમાં થયેલ આર્થિક ફંડમાંથી આપણા મંદિર દ્વારા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ આપણા સંપ્રદાયમાં સૌ પ્રથમ શિક્ષણનું એક નવું સોપાન શ્રી સહજાનંદ આર્ટસ કોમર્સ કોલેજનું નિર્માણ કરાવરાવી સંપ્રદાયને અર્પણ કરી. જે આજે મોટું વટવૃક્ષ બનીને શિક્ષણની અમૂલ્ય સેવા કરે છે.

તેઓશ્રીના અક્ષરનિવાસ પછી તેમના ઔરસ પુત્ર શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તેમના ઉત્તરાધિકારી તરીકે ગાદી ઉપર આવ્યા.

ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી :

ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના જ્યેષ્ઠ પુત્ર છે. તેઓશ્રીનો જન્મ સં. ૨૦૦૦ના ચૈત્ર વદી ત્રીજને રોજ થયો છે. ધર્મકુળના પરંપરાગત ધાર્મિક સંસ્કારો તેમણે પ્રાપ્ત કર્યા છે. વર્તમાન યુગમાં અંગ્રેજીનું શિક્ષણ આવશ્યક હોવાથી કોલેજમાં તેઓએ ઉચ્ચ શિક્ષણ લીધું છે. તાત્વિક દૃષ્ટિએ તો તે ધર્મની ગાદીના રક્ષક છે. તેથી પિતાજીએ તેમને ધર્મનું શિક્ષણ યથાર્થ મળે તેવો પ્રબંધ કરેલો અને તેમને ધર્મ અને સત્સંગની મર્યાદા તથા નિયમોથી વાકેફ કરેલા, સંસ્કૃત ભાષાના શિક્ષણનો પણ પ્રબંધ કરેલો, જ્યાં જ્યાં મોટા મોટા સમારંભો થાય અથવા હરિભક્તો મહારાજશ્રીને આગ્રહપૂર્વક બોલાવે ત્યાં ત્યાં મહારાજશ્રી તેમને સાથે લઈ જતા, અથવા એકલા તેમને મોકલતા. આ પ્રમાણે તેમને આચાર્યની ફરજો વગેરેનો પ્રાથમિક ખ્યાલ આપવામાં આવેલો.

પરદેશગમન-વસ્તુસ્થિતિ એવી હોય છે કે કોઈપણ મંડળના સભ્યો અથવા મનુષ્યો કોઈપણ કારણસર અથવા સ્વેચ્છાથી પરદેશગમન કરે છે, અગર તો પરદેશમાં વસવાટ કરે

છે, ત્યારે પોતાનો સાંપ્રદાયિક ધર્મ પોતાની સાથે લઈ જાય છે. તે પ્રમાણે કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસતા સત્સંગીઓ આજીવિકા નિમિત્તો આફ્રિકા દેશમાં ગયા છે. અને પૂર્વ આફ્રિકામાં કાયમી વસવાટ કરીને રહેલ છે. ગળથુંથીમાંથી જ પ્રાપ્ત થયેલો શ્રી સ્વામિનારાયણ ધર્મ તેઓ તેમની સાથે લઈ ગયા છે અને સંપ્રદાયની મર્યાદા અને નિયમો યથાશક્તિ પાળે છે. પૂર્વ આફ્રિકાના નાઈરોબી શહેરમાં સત્સંગ મંડળની સ્થાપના તેમણે કરી અને મંદિર સ્થાપી સંપ્રદાયની મૂર્તિઓ પધરાવવાનો શુભ સંકલ્પ કર્યો.

તા. ૨૬-૧૨-૫૭ને રોજ મૂર્તિ પ્રતિષ્ઠાની કુમકુમ પત્રિકાઓ શ્રી નરનારાયણદેવ ગાદીના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી અને સત્સંગી બાઈ-ભાઈઓ તરફ મોકલવામાં આવી. ધર્મની પુષ્ટિને અર્થે આ પત્રિકાનો સ્વીકાર સનાતન ધર્મમાર્તન્ડ આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજે કર્યો. અને પોતાના પુત્રશ્રી લાલજી મહારાજ પ.પૂ.શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજને ત્યાં જવા માટે આજ્ઞા કરી. તે સમયે લાલજી મહારાજની ઉંમર ફક્ત ચૌદ વરસની હતી. પુત્ર વાત્સલ્યની લાગણી જરા શિથિલ કરી ધર્મના વિસ્તાર અને પોષણ અર્થે પોતાના પુત્રને પરદેશ જવા આજ્ઞા આપી.

સ્વામિનારાયણ સંપ્રદાય હવે માતૃભૂમિ ભારતમાં મર્યાદિત રહ્યો ન હતો, તે હવે સમુદ્ર ઓળંગી અંધારમય ખંડ જે આફ્રિકા તેને સત્સંગરૂપી સૂર્યથી પ્રકાશિત કરવા કટિબદ્ધ થયો, ધર્મનો કુમળો છોડ હવે નવપલ્લવિત થઈ પાંગળવા લાગ્યા. સત્સંગીઓના મન



પ્રફુલ્લિત થયાં અને પરદેશમાં ધર્મના બીજ સદાયને માટે રોપાયાં.

તા. ૨૬-૧૨-૧૯૫૭ના મંગળ દિવસે પ.પૂ. લાલજી મહારાજના વરદ્ હસ્તે મૂર્તિઓની પ્રતિષ્ઠા નાઈરોબી સ્વામિનારાયણ મંદિરમાં ધામધુમથી વેદવિધિસર રીતે સંપન્ન થઈ. ધર્મનું વર્તુલ વિસ્તાર પામ્યું. પરદેશ નિવાસી સત્સંગીઓના મન પ્રફુલ્લિત થયાં. માતૃભૂમિની સાથે ધર્મનો સંબંધ જળવાઈ રહ્યો. અને શ્રી સ્વામિનારાયણ નામનો વિજયધ્વજ સર્વત્ર ફેલાઈ રહ્યો ! નામ પ્રમાણે ત્યારના બાલ સ્વરૂપ પ.પૂ. શ્રી લાલજી મહારાજે પોતાની તેજસ્વીતાના દર્શન સૌને કરાવીને પ્રેરણાત્મક આર્શીવચનો દ્વારા સત્સંગને યોગ્ય માર્ગ દર્શન આપ્યું ને આપતા રહ્યા.

શ્રી લાલજી મહારાજ તરીકેનાં પ્રવચનોમાં તેઓ સંપ્રદાયની એકતા અને ધર્મની અભિવૃદ્ધિ જોવાની ઉત્સુકતા જણાવતાં.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સં. ૨૦૨૫ના આસો સુદ-૧ તા. ૧૨-૧૦-૧૯૬૯ના રોજ અક્ષરનિવાસી થતાં પ.પૂ. લાલજી મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ તેમના સ્થાને આસો સુદ-૨ તારીખ ૧૩-૧૦-૧૯૬૯ના રોજ શ્રી નરનારાયણદેવની ગાદી પર પદારૂઢ થયા.


ટૂંકા ગાળામાં પણ તેઓશ્રીએ સંપ્રદાયનાં અનેક કાર્ય કર્યા કરાવ્યાં છે તે નોંધપાત્ર છે.

તેઓશ્રીએ પોતાના શરીરની કે કુટુંબની ચિંતા કર્યા વગર સતત સત્સંગની ચિંતા સેવી છે. પ્રખર તાપ હોય કે કાતીલ ઠંડી હોય કે ભારે વર્ષા હોય અથવા દિવસ હોય કે રાત પરંતુ સત્સંગ અને સત્સંગીઓના હિતાર્થે તેઓનું વિચરણ સતતને સતત ચાલતું જ રહ્યું છે. ચૌદ વર્ષની કોમળ વયથી તેઓશ્રીએ સત્સંગયાત્રા ચાલુ કરી છે તે આજે પણ અવરિત ચાલતી જ રહી

છે. ગરીબ-તવંગર કે નાના-મોટાના ભેદોને ભૂલીને તેઓશ્રીએ સૌની વિનંતી સ્વીકારીને લાખો ભક્તોનાં ઘર પધરામણીથી પાવન કર્યા છે. અનેક પારાયણો ને પાટોત્સવોમાં તેઓશ્રીની હાજરી અનિવાર્ય બની રહી છે. તેઓશ્રીએ આચાર્યપદ શોભાવ્યા પછી દેશમાં ઘણા નવાં મહામંદિરો અને સેંકડો હરિ મંદિરો અસ્તિત્વમાં આવ્યા. મથુરા, નારાયણઘાટ, નારણપુરા, ગાંધીનગર, ખાણ, લીમડી, કાંકરીયા, ઉનાવા, સાપાવાડા, હિંમતનગર, બાવળા, દિલ્હી, બદ્રિનારાયણ વગેરે સ્થળે શિખરબંધ મંદિર અને જેતલપુર, ચરાડવા, છપૈયા આદિ મંદિરમાં ઘનશ્યામ મહારાજની પ્રતિષ્ઠા કરી. અગણિત મંદિરોના જીર્ણોદ્ધાર થયાં, અનેક પદયાત્રાઓનું આયોજન કરીને સેંકડો ભક્તોની સાથે સ્વયં ચાલીને તીર્થોનો મહિમા વધાર્યો છે. સંપ્રદાયની, સત્સંગની, ધર્મની સીમાઓ ભારત ભૂમિના પરિમાણમાં અંકાતી હતી તે હવે વિશ્વના ઘણા દેશોમાં આપશ્રીએ વિસ્તારી છે. તેના ફલ સ્વરૂપે આફ્રિકા, ઈંગ્લેન્ડ, અમેરિકા કેનેડા અખાતી દેશો સિસલ્સ, ઓસ્ટ્રેલીયા, ન્યુઝીલેન્ડ મોરેશ્યસ આદિ ઘણા દેશોમાં સત્સંગ વૃદ્ધિ પામ્યો. અનુયાયીઓના અંતરમાં શ્રીહરિની ભક્તિની દૃઢતા થઈ, અને તે તે દેશોમાં નવ્ય ભવ્ય મંદિરો સાકાર બન્યા. વિદેશોમાં સત્સંગ-સંસ્કારના પ્રહરી સમી I.S.S.O. સંસ્થાનું નિર્માણ કર્યું. ધર્મપ્રચાર અને સંપ્રદાયની પુષ્ટિ માટે સત્સંગ સાહિત્ય અતિ મહત્વની બાબત ગણાય છે. સમયનો સાદ પારખીને તેઓશ્રી આ બાબતમાં ખૂબ સજાગ બન્યા. પરિણામે દેશ અને વિદેશમાં વચનામૃત, શિક્ષાપત્રીભાષ્ય, સત્સંગિજીવન, સત્સંગીભૂષણ, હરિવાક્ય સુધાસિન્ધુ જેવાં સર્વોપરિ મોક્ષ શાસ્ત્રો લાખો ભક્તો અને મુમુક્ષુઓના હાથમાં પહોંચી શક્યા. સંપ્રદાયના ઘણા અપ્રાપ્ય ગ્રંથો પ્રકાશીત કરાવીને સાહિત્યની પ્રવૃત્તિને વેગવંતી બનાવી. તદુપરાંત વાસ્તુકલા ચિત્રકલાને લગતા પ્રકાશનો તેમજ "શ્રી સ્વામિનારાયણ" માસિક અને "ભક્તિસુધા" ત્રૈમાસિક વગેરેના પ્રકાશન દ્વારા સાહિત્ય યજ્ઞ વિસ્તરતો જ રહ્યો છે. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલય તથા દેવેન્દ્ર સંગીત શિક્ષાભવન આદિક દેવ વિદ્યા ભણાવતી સંસ્થાઓ હતી જ તદુપરાંત સમય અને સંસ્કારોની સમતુલા જળવાય એવા ગુરુકુળો અસારવા-અમદાવાદ, જેતલપુર, કોટેશ્વર, ઝીલવાણા, ચિલોડા, કલોલ, બાયડ, સિદ્ધપુર, સોકલી, માઉન્ટ આબુ, હાથીજણ, જયદેવપુરા, આબુરોડ, સાયલા, વડનગર, વિસનગર, વાંસવાડા, ધ્રાંગધ્રા, ઉંઝા, ચરાડવા, કણભા, ઉપલેટા, ભુજ, માંડવી, ગાંધીધામ, રામપર, કણજા, ચોટીલા, નરશીપરા, મહાદેવનગર વગેરે સ્થળોએ નિર્માણ પામીને શિક્ષણ સાથે સંપ્રદાયની સુંદર પ્રવૃતિ વિસ્તાર પામી. તેઓશ્રીની આજ્ઞા અને પ્રેરણાથી ચાલતાં ગુરુકુળો પ્રાચીન કાળની ઋષિ પરંપરાનું આધુનિક સ્વરૂપ બની રહ્યા છે. અને આજના કલુષિત વાતાવરણમાં ઉગતી પેઢીને માનવીય અને ધાર્મિક સંસ્કારો સાથે શિક્ષણ મળતાં માનવ સમાજના સારા ભવિષ્ય માટે ઉજળી આશા બંધાઈ છે. વળી સમાજને આધુનિક શિક્ષણની સુવિધા સરળતાથી મળી રહે તે માટે ધ.ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ સંચાલિત શ્રી સહજાનંદ આર્ટસ-કોમર્સ કોલેજની સફળતાબાદ તેને વધુ વિસ્તારીને સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, સહજાનંદ બાલમંદિરથી માધ્યમિક સુધીનુ સહજાનંદ સ્કુલ કેમ્પસમાં આધુનિક ઉંચ્ચ શિક્ષણ આપવાનું ભગરીથ શિક્ષણ કાર્ય થઈ રહ્યું છે. નારણપુરામાં અંગ્રેજી શિક્ષણનું નવું સોપાન Terf નો પ્રારંભ કરાવીને નારણપુરા અને આસપાસના વિસ્તારને ઉચ્ચ અંગ્રેજી શિક્ષણ સાથે અત્યંત આધુનિકયુગના કૉમ્પ્યુટરના નોલેજ સાથે સંસ્કારના ઉત્તમ સદ્‌ગુણોનું જ્ઞાન આપણી આ સંસ્થા આપે છે. સત્સંગ અને શિક્ષણ સેવા ઉપરાંત સમાજની અન્ય સેવા માટે તેઓશ્રી સદા જાગૃત રહ્યા છે. ક્યાંય અતિવૃષ્ટિ હોય, અનાવૃષ્ટિ હોય, આગ, ધરતીકંપ, જળપ્રલય જેવી હોનારતો હોય ત્યાં તેઓશ્રીની કરૂણાભરી સેવા-સહકાર તુરત જ પહોંચી જાય છે. કેટલાંય ઔષધાલયો,

અન્નક્ષેત્રો ગરીબોની કાયમી સેવા કરી રહ્યાં છે. એ રીતે સત્સંગ માટે જીવન સમર્પીને તેઓશ્રીએ ભવિષ્યની આચાર્ય પરંપરા માટે પ્રેરણાદાયી પવિત્ર સુવર્ણ ઈતિહાસ રચ્યો છે. તેઓશ્રીનું શુધ્ધ પવિત્ર નિર્મળ અને ખૂબજ લાગણી શીલ અને દયાવૃતિ વાળુ જીવન સમગ્ર સત્સંગ માટે ધર્મજગત માટે ગૌરવ છે. તેઓશ્રીએ સંપ્રદાયના આચાર્યપદે રહીને સત્સંગની સેવા-સાધનાનાં પચીસવર્ષ-રજત જયંતી, અને જીવનયાત્રાનાં પચાસ વર્ષ-સુવર્ણ જયંતી રૂપે સમસ્ત સત્સંગ સમાજે ભવ્યાતિભવ્ય રજત સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવ્યો તેના સંકલ્પ રૂપે છપૈયા ધામ મંદિર સંપૂર્ણ આરસ પહાણથી નવપલ્લિત અને દેદિપ્યમાન બન્યુ જે સૌને વિદિત છે. ત્યારબાદ ૬ દાયકા પૂર્ણ કરીને ૬૦ વર્ષે પહોંચ્યા ત્યારે સત્સંગ સમાજે સાથે મળીને "ષષ્ઠિપૂર્તિ મહોત્સવ" ઉજવીને તેઓશ્રીના દર્શનસ્પર્શ અને પ્રભુ પ્રાપ્તિનો અનુભવ સારાયે જગતના મુમુક્ષુ જીવાત્માઓએ લીધો. આ મહોત્સવ ઉજવવા માટે પણ શરત મૂકી અને પોતાનો દિવ્ય સંકલ્પ સર્વોપરિ શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓનું મ્યુઝિયમ બનાવી તેમાં દરેક પ્રસાદીની વસ્તુને અદ્યતન આધુનિક ઢબે સુંદર સંગ્રહાલયનું નિર્માણ કરાવીને આ અલૌકિક દિવ્ય પ્રસાદીની વસ્તુનું જતન કરી શકાય.

૬૦માં વર્ષે ત્યાગની પરાકાષ્ટા સ્વરૂપે પોતાને સફળ જીવનના કિર્તીસ્તંભે પહોંચાડનાર "આચાર્યપદ" ને સ્વેચ્છાએ ત્યાગ કરીને પોતાના ઔરસ પુત્ર લાલજી



મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને વિ.સં. ૨૦૬૦ના આસો સુદી-૨ને તા. ૧૫-૧૦-૨૦૦૪ના શુભ દિને પોતાના વરદ્ હસ્તે પટ્ટાભિષેક કરી શ્રી નરનારાયણદેવ દેશ પીઠસ્થાનના સાતમાં આચાર્યપદે સ્થાપના કરી. આ દિવ્ય પ્રસંગે સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ સુંદર અને અદ્વિતિય મહોત્સવનું આયોજન કર્યું. દેશોદેશથી સંતો પધાર્યા, વિદેશથી સેંકડો હરિભક્તો પધાર્યા અને અનંત મુમુક્ષુજનો અદ્‌ભૂત ઉત્સવના દર્શન કરીને આ ભવ્યાતિ ભવ્ય ઐતિહાસિક ગાદી અભિષેકની યાદગાર પળોને જીવનમાં હૃદયમાં ઉતારીને આનંદ પામ્યા.

પરઉપકારી અને ભગવત સ્વરૂપ આવા આચાર્ય મહારાજશ્રીને કોટી કોટી વંદન.

ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી :

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું ધર્મકુળ ગંગોત્રીમાં સં. ૧૯૨૮ના વિજયાદશમીના મંગળ દિવસે પ્રાકટ્ય થયું.

બાળપણથીજ તેજસ્વી જણાતા અત્યંત દિર્ઘ દૃષ્ટિવાળા આચાર્યશ્રી સેંટ ઝેવિયર્સ ઉપરાંત સહજાનંદ કોલેજમાં અંગ્રેજી માધ્યમનો અભ્યાસ કરી તૈયાર થયા. સત્સંગમાં નાનપણથી જ પિતાશ્રીની સાથે ખૂબ વિચરણ કરીને સત્સંગનો સ્નેહ પ્રાપ્ત કર્યો. યુવા અવસ્થાએ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રવૃતિ દ્વારા હજારો યુવાનોને સત્સંગ અને સેવાના રંગથી રંગી નાખ્યા. તા. ૧૫-૧૦-૦૪ને આસો સુદ બીજના દિને ગાદી પર બિરાજ્યા. જેઓશ્રી દેશ-વિદેશમાં સત્સંગને પોતાના પિતાશ્રીને માર્ગે ખૂબ વિકાસ અને પ્રગતિશીલ બનાવશે જ તેવી સારાયે સત્સંગ સમાજને પ્રબળ નિષ્ઠા અને આશા છે. સત્સંગના નવા આચાર્ય મહારાજશ્રીને કોટી-કોટી વંદન !

ધન્ય આચાર્ય દેવો ભવઃ

– સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (મહંતશ્રી નારણઘાટ)

અક્ષરધામના દિવ્ય તખત ઉપર બિરાજમાન એવા પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે સંકલ્પ છોડ્યો "ઐકોઽહમ્ બહુશ્યામ" અને એવા અદ્‌ભૂત સંકલ્પને અનુસરી પોતે પોતાના સમગ્ર સાજ સમાજ સહિત આ બ્રહ્માંડના અધિપતિ વૈરાટ નારાયણની



સપ્તમ આચાર્યપદે બિરાજેલા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારતા મંદિરની સ્કીમ કમીટીના સભ્યો અને ન્યુજર્સીના પ.ભ. પ્રહલાદભાઈ પટેલ.

અથાગ સ્તુતિને અનુગ્રહીત કરી અગણિત જીવ ઈશ્વરોના કલ્યાણકારી શ્રેયને અનુલક્ષીને મૃત્યુલોકની માનુષી ચેષ્ટાને અંગીકાર કરી માતા ભક્તિના ધાવણે ને પિતા ધર્મના સંસ્કારના સહારે જ્ઞાનની ગહનતાને તો બાળપણની ગળથૂંથીમાં જ ગટગટાવી સમગ્ર કિશોર અવસ્થા ઘોર તપશ્ચર્યાને વર્ણીવેષે વનવાટ ને સમર્પિત કરી દીધી! પૂર્વમાં પ્રગટેલા પૂરબીયાએ વણ થંભ્યા પદારવિંદે ભારત ભોમની ધરાને ખૂણે ખૂણે ખુંદી લઈને મુમુક્ષુઓથી ભરી પડી પશ્ચિમ દિશાની સોરઠી ભૂમિને પોતાની કર્મભૂમિનું કલ્યાણકારી બીરૂદ આપ્યું. યજ્ઞની આહુતિઓથી આરંભી સદાવ્રતો દ્વારા ભૂખ્યાને ભોજનોને સમૈયાઓમાં દેવ દર્શન અને જ્ઞાન ધ્યાનના ઠેર-ઠેર અખાડાઓ શરૂ થયા ! સંતો અને પરમહંસોને દીક્ષા દાન દેતા-દેતા સમાજે આજ પર્યંત ન જોયલી, ન દિઠેલી કદી ન કલ્પેલી અસીમ સાધુતાથી છળકતી ભગવી સરિતાઓ સમાજમાં ચારેકોર વહેલા લાગી ! પદયાત્રાઓ અને ઘોડાના ડાબલા ઓથી ઉડતી ડમરીઓ ધૂન-ભજન રૂપે સંગીતના સાતેય સુરોને ગામે ગામ અને શહેરે-શહેરોમાં ગુંજવી રહી સમગ્ર સત્સંગી સમાજના શિરમોડ ભગવાન સ્વામિનારાયણે એકાંતિક ધર્મનું સ્થાપન, પ્રવર્તન અને સફલ સંચાલન કરી આ બ્રહ્માંડમાં આયુષ્ય પર્યત દિર્ઘકાલીન અક્ષરવાટને વહેતી રાખવા આગવું અદ્‌ભૂત આયોજન પણ કરી આપ્યું. ગગન ચુંબી નવ નવ શિખરબધ્ધ મંદિરોમાં અલૌકિક મૂર્તિઓ પધરાવી પ્રાણ પ્રતિષ્ઠા કરી તેમના દ્વારા સદાને માટે પોતાનું પ્રગટ પણું સ્થાપ્યું.


વળી ધર્મકુળના બન્ને ભાઈઓના શ્રેષ્ઠ પુત્રોમાં આચાર્ય પદનું પ્રતિપાદન કરી તે દ્વારે ધર્મકુળની ગાદીતળેથી મોક્ષદાયીની ભાગીરથી વહેતી રાખી. આ ઉપરાંત પરમ એકાંતિક ધર્મ દ્વારા પણ "વહેતી કીધી અક્ષરવાટ પુરુષોત્તમ પ્રગટી રે" અને અંતે પોતાની વાણી ને પોતાનું સ્વરૂપ ગણી સ્વરચીત શાસ્ત્રો દ્વારા પણ પોતે સદા પ્રગટ રહેવાની બાહેંધરી આપી. આ રીતે ચોતરફ મોક્ષ દ્વારો ખુલ્લા મુકી પોતાના દિવ્યતમ સંકલ્પની સિધ્ધિ કરી.

સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીએ પુરૂષોત્તમ પ્રકાશમાં શ્રીહરિના હૃદયગત અભિપ્રાયોનો સરવાળો કરતા આલેખ્યું છે કે -

મારા ધામમાં આવવા સારુ રે,
એવા ઉપાય કર્યા બહુ રે,
સર્વ ઉપાય કીધા છે સારા રે,
તેમાં ભરસે જીવ અપાર રે.
પણ છેલ્લો છે આ ઉપાય રે,
બહુ જીવ તરસે આમાય રે,
ધર્મવંશી આચારજ ધાર્યા રે,
ગુરૂ કરી ગાદી એ બેસાર્યા રે.



શ્રી નરનારાયણ દેવ દેશનાં સંતો પોણા વાણા પ્યારા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પદારૂઢ પ્રસંગે આરતી ઉતારીને અમે સદાય આપની અનુમતિ-આજ્ઞામાં સત્સંગની પ્રવૃત્તિમાં આપની સાથે રહીશું તેવો મનોમન કોલ આપી રહ્યાં છે.



શ્રી લક્ષ્મીનારાયણ દેવ દેશ વડતાલ, ગઢપુર, જુનાગઢ અને ધોલેરાના સંતોએ સમૂહમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારીને બન્ને દેશના એક રૂપતાના દર્શન કરાવ્યાં હતાં.

કામ કર્યું છે એવું સારું રે,
મન માન્યુ છે બહુ અમારું રે,
કાંજે એ છે ધર્મનું કુળ રે,
માટે એ વાતનું ઉંડુ છે મૂળ રે.

શ્રીહરિના આ ગુંજનોને આજે ૨૦૦-૨૦૦ વરસના વાણા વાઈ ગયા છતાં હજુ જાણે કાલ સવારની વાત હોય એવા તરો તાજા અને લીલા પલ્લવ સત્સંગ દિન પ્રતિદિન તમામ ક્ષેત્રોએ સફળતાની સિધ્ધિઓ હાંસલ કરી રહ્યો છે. તેનું કારણ આચાર્ય પરંપરાના છઠ્ઠા વંશજ ધર્મ ધુરંધર, સંતજન રક્ષક, સત્સંગ સમાજને પોષક, આબાલવૃધ્ધ લોકોના લાડીલા, હૃદય સમ્રાટ, હૃદય કુંજના વનમાળી સમા સર્વક્ષેત્રે સફળતાના શિખરે બિરાજતા શ્રીહરિના સ્વરૂપ સમા આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજની છત્ર છાયામાં બાળ લાલજી સ્વરૂપે આરંભેલી સત્સંગ સેવાની કારર્કિદીએ તેઓશ્રીની રમત ગમત અને તરવરતી તરુણાઈને ગંભીરતામાં પધરાવવા માંડી. ધીરે ધીરે પધરામણીઓ થવા લાગી, અને પિતાશ્રીના નાદુરસ્ત સ્વાસ્થયના કારણે સત્સંગમાં આવતી ઉણપ અને પડતી ખોટ પૂરવા તરુણ વયે પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે કમર કસી. અભ્યાસની સાથોસાથ સત્સંગની જવાબદારીઓ શિરે ચડાવી, સમૃધ્ધિની છોળોમાં સુખ સાજના વૈભવોમાં આળોટવાને બદલે ભગવાનના આ પુત્રે કઠોર પરિશ્રમને કાખમાં લઈ તન-મનને આકરી કસણીઓમાં તાપવા તત્પર થઈ અવકાશને આંબવા જેવા અધરા ચડાણો તરફ કદમ ભરવા લાગ્યા. પચ્ચીસ વરસની ભરજુવાનીએ પહોંચતા જ શિર પરનું છત્ર છીનવાઈ ગયું ! પિતાશ્રીનો અક્ષરવાસ થતા આચાર્યપદની સમગ્ર જવાબદારીઓ અનાયાસે શિરે આવી પડી. પરંતુ આ કઠોર કર્મવીર અત્યાર સુધીમાં તો અડધી સદી ફટકારી ચુક્યા હતા. ત્યાગી-ગૃહી સમગ્ર સત્સંગ સમાજની સેવામાં સદા તત્પર રહી સૌનો અપ્રતિમ પ્રેમ સંપાદન કરી ચુક્યા હતા. દેશ-પરદેશમાં સર્વત્ર અદ્‌ભૂત આવકાર પામી સૌના શિરો માન્ય જોત-જોતામાં બની ગયા. સત્તાના અહંકારથી દૂર રહી નમ્રતા અને જ્ઞાન ગહન ગંભીરતાથી મહાત્મ્યે સભર સંચાલનમાં પોતે "સ્વ"ને વધુ ને વધુ ઓગાળવા લાગ્યા. "સ્વ"ના ભાવ વિના અને કોઈપણના અભાવ વિના કેવળ સર્વત્ર દિવ્યભાવના સથવારે મંઝીલ આગળ ધપવા લાગી. નવયુવાનો તેઓના હસ્તે ભાગવતી દીક્ષા ગ્રહણ કરવા થનગનવા લાગ્યા ! ગામો ગામ નવ નિર્મિત મંદિરો આકાર પામીને તેઓશ્રીના હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરવા અધીરા બનવા લાગ્યા ! પારાયણોની પરંપરાઓ સર્જાવા લાગી ! વિદ્વાન સંતોના નવો સંચાર થતા ગામોગામ સત્સંગ સભાના આયોજનો અને પુસ્તકોના પ્રકાશનો વધવા લાગ્યા.

ઉદ્‌ઘાટનો અને પધરામણીઓનો તો જાણે આભ ફાટ્યો કહેવાય ! લાગ્યું કે મંદિરના દરવાજે ઉગતો સૂરજ તેઓને તો હમેશાં મંદિરના ઓરડે જ આથમતો હતો ! કહેતા સૂર્યોદય થતા જ ઘરેથી નીકળતા ને આખોય દિવસ સત્સંગની

સેવામાં જ ઓતપ્રોત રહી છેવટની શયન આરતી ટાણે જ ઘરનું આંગણું પાવન કરતાં ! આમ સમગ્ર યુવાનીની આહુતિ સત્સંગને અર્થે શ્રીકૃષ્ણાર્પણ કરી દીધી ! પોતાનું અંગત જીવન કે ગૃહસ્થાશ્રમ સપનાઓની ઝાંખીની જેમ સતત વિસ્મૃતિ અવસ્થાએ ગૌણ ભાવે પડછાયાની ગરજ સારતા રહ્યા ! ભગવાન સ્વામિનારાયણના સંદેશને દેશ-વિદેશની દિગંતોમાં પ્રસરાવવા કઠોર પરિશ્રમ વણથંભ્યું વિચરણ વખતો વખત વિદેશ યાત્રાઓ, વિવિધ યાત્રા પ્રવાસો, શહેર-સભાઓ પ્રવચનો અને આશીર્વાદો દ્વારા ત્યાગી સૌને પોષણ આપી અંગત મિલન અને મુલાકાતો દ્વારા સૂજ સમજ અને પ્રેરણાઓ પુરી પાડી. સમાજના ખરા મિત્ર તો ગરીબોના બેલી, બુઝુર્ગોના ખરા રાહબર, તરુણોના તારણહાર તો અધીરા યુવાનોના ધીરધુરંધર સગાળશા, સાધુઓના સમઆદર એવા શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ આજે ખરેખર શ્રીહરિના તેજનો જ પ્રસાદ બની સમગ્ર સત્સંગના હૈયાનો બાપ બની ગયા.

ષષ્ઠિપૂર્તિ મહોત્સવની ગુંજ હજી તો સૌના કાનમાં ગુંજી રહી છે. તબીયત સંપૂર્ણ સ્વસ્થ અને યુવાનોને પણ શરમાવે તેવી ગતિમાન કાર્ય શૈલી મૌજુદ છે. તીવ્ર નિર્ણય શક્તિ તરવરી રહી છે. ચોમેર યશસ્વી ધજા પતાકાઓ લહેરી રહ્યા છે. લોક હૈયાની ચાહના પરમ સીમાએ જયજયકાર પોકારી રહી છે. એવા સમામા નિવૃતિ લેવાનો નિર્ણય જાહેર કરી પોતાની સર્વ ક્ષેત્રીય યશસ્વી કારકિર્દી પર સહજાનંદી નિઃસ્પૃહતાનો નિર્મોહી કળશ ચડાવી દીધો ! પરંતુ સત્સંગ સમાજને આ સમાચાર એક વેધક બની ગયા ! અબોલ પશુની જેમ ઉંકારો કરવાનો સમય પણ મળ્યો નહિ. કારણ કે ચપળ રાજાધિરાજે પ.પૂ. લાલજી મહારાજને આગળ ધરી દીધા ! વિરહ અગ્નિમાં સમાજ આખો હોમાય જાય એ પહેલા જ પ.પૂ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના હાથે અમી છાંટણા કરાવી દીધા ! શ્રીહરિએ તો પુરૂષોત્તમપ્રકાશમાં તો કહ્યું જ છે કે માટે સૌ ધર્મકુળ માનજો,

સૌ કરજો એની સેવ,
અન્યજન જેવા એ નહિ,
એ છે જાણજો મોટા દેવ.
એક બ્રાહ્મણને જાણો ભક્ત અતિ,
વળી કા'વે અમારુ કુળ,
એને સેવતા સૌ જન તમો,
પામશો સુખ અતુલ.
મન વાંછિત વાત મળશે,
વળી સેવતા એના ચરણ,
એ છે અમારી આગન્યા,
સર્વ કાળમાં સુખકરણ.
મન કર્મ વચને માનજો,
એમાં નથી સંશય લગાર,
એહ દ્વારે મારે અનેકનો,
આજ કરવો છે ઉદ્ધાર

સંજીવની સમા આ અમૃત વચનોને વાગોળી ગદ્‌ગદ્‌ કંઠે અને રોમાંચિત ગાત્રોએ પૂ. મહારાજશ્રી પ્રત્યેનું અનહદ ઋણ હૈયામાં અનામત રાખી તેઓશ્રી પ્રત્યે કૃતકૃત્યતા પૂર્ણ નમન કરી નવ આગંતુક શ્રેષ્ઠ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ પ્રત્યે આશા ભરી મીટ માંડીએ છીએ કે શ્રીહરિએ અક્ષરધામરૂપી તખત પરથી તેજના મહાસાગરમાં ડુબકી મારી હવે કૌશલના કાંઠે દર્શન આપ્યા છે તો અમો સૌ ત્યાં પણ આપને પૂર્ણ શ્રધ્ધાપૂર્વક વધાવીએ છીએ. આવકારીએ છીએ. હે વહાલા ઘનશ્યામ મહારાજ ! તમે તો માત્ર સ્વરૂપ બદલ્યું છે ! ફરી અમારી વચ્ચે નવા સ્વરૂપે આગમન કર્યું છે. કાષ્ટ જુદું છે માંહી ઝગતો પ્રબળ અગ્નિ તો એનો એ જ છે. બસ આવીજ નિર્દોષ બુદ્ધિ, દિવ્યભાવ અને અહોભાવ પૂર્ણ દૃઢ નિષ્ઠા રાખી શ્રીહરિને નવા સ્વરૂપે આરાધવા લાગી જઈએ એજ હૃદયની આરત સહ.


પ.પૂ. મહારાજશ્રી પ્રત્યેનો આદર ભાવ

(પાના નં.૭નું ચાલુ)

સ્થાનનું માહાત્મ્ય મહિમા સમજીએ અને અન્યને સમજાવીએ.

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નિવૃત થયા છે. પણ નિવૃતિ જેવો શબ્દ તેઓશ્રીના જીવનમાં ક્યાંય આવતો નથી. માટે આપણે જેવા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ઓળખ્યા છે તેવા જ સપ્તમ આચાર્ય પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી ૧૦૮ શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ઓળખીને તેમની અહર્નિશ આજ્ઞામાં વર્તીને આપણું જીવન સફળ કરીએ. તોજ આપણે ખરા અર્થમાં સત્સંગી કહેવાઈએ.

કરુણાસાગર



– બ્ર. સ્વામી રાજેશ્વરાનંદ (શ્રી નરનારાયણદેવના પૂજારી)

સર્વોપરિ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન આપણા ઇષ્ટદેવના પ્રત્યક્ષ દર્શન આપણે કર્યા નથી. પરંતુ સંતોની વાતોમાં અને શાસ્ત્રોના અભ્યાસથી તેઓના સ્વભાવિક ગુણો આપણે જાણીએ છીએ. આવાજ દિવ્ય ગુણોના ભંડાર શ્રીહરિના દ્રઢા વંશજ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના પ્રત્યક્ષ દર્શન કરતા થાય છે. શ્રીહરિની જેવી સુંદર ધીમી ચાલ ! અલૌકિક મુખારવિંદથી મધુર હાસ્ય! ગમે તેવા થાક્યા હોય, ઉજાગરા હોય, શરીરે કસર હોય છતાય સદાય હાસ્ય જેઓના મુખ પર છવાયેલું હોય ! નાનામાં નાના સંત હરિભક્ત કે કોઈપણ જીવ પર અતિ દયા લાગણી પોતાના હૃદયથી દેખાય આવે. કોઈ સંત-હરિભક્ત બિમાર હોય, કોઈ મુશ્કેલી હોય તો દયાના સાગર સમા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી બહુ જ લાગણીવશ થઈ જાય ! કોઈનું દુઃખ જોઈ ન શકે ! જેથી ઘણીવાર તેવા ભક્તોની ખબર અંતર પૂછવા દવાખાને અથવા તેમના ઘરે પધારે અને તેમને એવા અહોભાવથી ખબર પૂછે કે બિમાર ભક્તની બિમારી કેટલાય ગાઉ દૂર ચાલી જાય ! મારા સંતો ! મારા ભક્તો! તેમના પર સદાય રાજી રાજી ને રાજી! પધરામણીના પ્રસંગમાં હજારો દાખલા-દ્રષ્ટાંતો પરચાઓ જોવા મળે છે. મંદિરના નિયમ અનુંસાર પધરામણી કરાવનારે પ.પૂ. મહારાજશ્રીને અગાઉથી સમય મેળવીને પોતાને ત્યાં પધરામણી પ.પૂ. મહારાજશ્રી પાસે લખાવીને મંદિરે તે અંગેનું ફોર્મ વગેરે ભરવાનું હોય છે. તે પછી જ તેમને ત્યાં નિયત કરેલ સમયે પ.પૂ. મહારાજશ્રી પધારે છે. આ વાત તો ટાઈમટેબલ મુજબ થઈ, તે બરાબર હોય જ છે. પરંતુ પધરામણીના સમયે ત્યાં આજુબાજુ વાળાને "લાલ પાઘ"ના દર્શન થતા તે સત્સંગી હોય અથવા ન હોય પણ મનમાં નક્કી કરે કે આવા દિવ્ય પુરુષનું મારા ઘરમાં જો આગમન થાય તો મારા ભવોભવના પાપ બળી જાય ! માટે હું પણ તેમના ચરણમાં પ્રાર્થના કરું કે, પૂ. બાપજી મારું ઘર નજીક જ છે બધી તૈયારી છે. આપ પધારશો ? ત્યારે દયાળુ પ્રભુ કહે કે સારું પણ જલ્દી કરજો. બસ બહુ થઈ ગયું ! આવુ કહે એટલે બીજા પણ તૈયાર થઈ જાય ! અરે ! ગાડીમાં બિરાજ્યા પછી પણ દોડતા દોડતા ! મારા પર દયા કરોને ! ત્યારે પણ દયાના સાગર સમા પૂ. મહારાજશ્રી ગાડીમાંથી ઊતરીને તેમને રાજી કરે ! આવા આવા તો હજારોથી વધુ પ્રસંગો છે. સામાન્ય સંત-મહાત્મા કે કોઈ અન્ય ધર્માચાર્ય પાસે ક્યારેક આવુ બને તો તેનું પરિણામ જો જો ! પણ આ તો કોઈ મનુષ્ય જેવા સામાન્ય થોડા છે. ભગવાનના પુત્ર છે ! એટલે ભગવાન જ ! એમાં બીજો ભાવ ન લવાય.

એક પ્રસંગ મને યાદ છે : એક ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી એક ભાવિક ભક્તને ત્યાં હતી. ઘણા સમય પહેલા તેઓએ પધરામણી લખાવેલી. જેથી પધરામણીના દિવસે એ ભાવિક ભક્તે પોતાના દીકરાના લગ્નથી વિશેષ ધામધુમથી તૈયારી કરેલી. સગાવ્હાલા-મિત્રો, હરિભક્તોને નિમંત્રણ પાઠવીને દર્શન આશીર્વાદ માટે ખાસ આગ્રહથી

તેડાવેલા. ખરેખર પ્રસંગની મજા જો જો! પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ભરતખંડના પીઠાધિપતિ, સ્વામિનારાયણ સંપ્રદાયના ગાદીપતિ આપણા ગામમાં ફલાણા ભાઈને ત્યાં પધારવાના છે. માટે આપણે પણ શા માટે લાભ ન લેવો. એમ અત્રે ગામના એક ભાઈને આવો વિચાર આવ્યો. અને તેમણે તો પેલા ભાઈ જેવી જ સંપૂર્ણ તૈયારી કરીને લગ્નની જાન આવવાની હોય તે રીતે ઢોલ નગારા, ત્રાંસા સાથે સામૈયું કરવા સજજ થઈને ઉભા રહ્યાં! ગામ ઘણું મોટું ! એટલે પ.પૂ. મહારાજશ્રીની ગાડી આવી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-પાર્ષદ મંડળ સાથે નીચે ઉતર્યા કે તુરંત ભવ્ય સામૈયું અને સુંદર ઢોલ-નગારાના અવાજ અને આતશબાજીના અવાજથી વાતાવરણ ધમધમી ઉઠ્યું. ઠાકોરજીની આરતી પૂ. મહારાજશ્રીએ ઉતારી અને ભાવિક ભક્તે પૂ. મહારાજશ્રીની આરતી કરી. પૂજન, અર્ચન કરી આશીર્વાદ મેળવ્યા. સુંદર કાર્યક્રમ સંપન્ન થયો. અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ત્યાંથી વિદાય લઈ અમદાવાદ પધાર્યા. પરંતુ ગામમાં જેમને ત્યાં પ્રસંગ હતો અને જેમણે અગાઉથી પધરામણી લખાવેલી તેઓના ગામમાં પધરામણી થઈ ખરી ! પણ આ તો અનાયાસે પેલા ભાઈએ મોકો જોઈ લાભ મેળવ્યો ! પરંતુ પ.પૂ. મહારાજશ્રીને પણ એમજ કે આ ગામમાં આ એક જ પ્રસંગ છે. પણ જેઓએ સંપૂર્ણ તૈયારી કરેલી તેઓ તો ખૂબજ આકુળ વ્યાકુળ થઈ ગયેલા ! (આ ગામ સત્સંગથી બહુ પ્રચલિત ન હતું) અને તેમણે જ્યારે તમામ હકીકત જાણી ત્યારે ખૂબજ દુઃખી થઈને પ.પૂ. મહારાજશ્રીને ફોન કરીને પ્રાર્થના કરી અને પોતાની ગામડાની ભાષામાં ઘણું બધું કહ્યું ! ત્યારે દયાળુ અને કરૂણા સાગર શ્રીહરિના સાક્ષાત્ મૂર્તિ પ.પૂ. મહારાજશ્રીએ કહ્યું કે અરે ! વ્હાલા મારા ભક્ત ! અમારી ભૂલ થઈ છે. તમે જ્યારે કહો ત્યારે તમારે ત્યાં અમે આવવા તૈયાર છીએ. માટે તમે નિશ્ચિંત રહેજો. અમારા ભક્તો માટે તો અમે રાત દિવસ ટાઢ, તડકો કે આરામ જોતાજ નથી. આ શબ્દ પેલા ભાઈના કાને પડ્યા ને તેના આંખમાંથી આંસુની ધારા વહેવા માંડી !!!!! અરે ! પ્રભુ! આપ ભૂલ થઈ તેમ કહો છો. મારા નાથ ! આપ ભૂલ કરો ખરા ! આહાહા! આવુ ક્યારેય આપ ન બોલતા ! અમારા પ્રાણના આધાર ! આવુ ક્યારેય ન બોલતા ! મારું જીવતર ધન્ય બની ગયુ ! આ પૃથ્વી પર આવા દિવ્ય પુરુષો છે ત્યાં સુધી આ ધરા આ ભારત ભૂમિને ઉની આંચ નહીં આવે ! આવા શબ્દો બોલવાની કોઈની હિંમત નથી !

આ ગામના હરિભક્તે પોતાના બધા આમંત્રિતોને કહ્યું કે આપણો પ્રસંગ ઉજવાઈ ગયો. કારણ કે આપણે શ્રીહરિના અપર સ્વરૂપને હવે ઓળખ્યા એટલે આપણો જન્મારો સુધરી ગયો ! હવે આપણે નિશ્ચિંત છીએ. ધન્ય છે આવા ભક્તને પણ ..... કે જેઓએ પ.પૂ. મહારાજશ્રીને ઓળખ્યા અને જાણ્યા ! માટે છેલ્લે આપણે પણ આ ફેરો અફર ન જાય તે માટે તેમને અને તેમના સ્થાને બિરાજમાન શ્રીહરિના ૭માં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને જીવથી ઓળખીને આત્યંતિક કલ્યાણ સાધી લેવું.

"આજ ધર્મવંશીને દ્વાર આવો મોક્ષ માગવા રે લોલ."

શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન પદારોહણ સન્માન સમારોહ V.C.D. નું પ્રકાશન



શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ગાદી અભિષેક અને સત્કાર સમારંભના ભવ્ય દિવ્ય અલૌકિક ઐતિહાસિક પ્રસંગની 2 V.C.D.નો સેટ શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ તરફથી તૈયાર કરવામાં આવ્યો છે. જે મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.

તે જ આ તેજ (Tej) છે

– પ્રો. હિતેન્દ્રભાઈ નારણભાઈ પટેલ



સં.૨૦૬૦ આસો સુદ બીજ,તા.૧૫-૧૦-૨૦૦૪ શુક્રવારના મંગળદિને અમદાવાદમાં શ્રી નર નારાયણદેવના દરબારમાં ભગવાન શ્રી સ્વામિ નારાયણે સ્વહસ્તે સ્થાપેલી ગાદીના શ્રી નરનારાયણદેવ દેશના વર્તમાન પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય શિરોમણી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સત્સંગનું ઉત્તરદાયિત્વ શ્રીહરિના સાતમાં વંશજ પ.પૂ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીમાં અર્પ્યું. આ ધન્ય ઘડીનાં જેને દર્શન થયાં છે તે સર્વે નિઃસંશયપણે અક્ષરધામના અધિકારી છે. સાંપ્રત સમયના આ મહાન અવસરનું વર્ણન થઈ શકે તેમ નથી - ભક્તિભાવથી ભરપુર, પ્રેમની પરાકાષ્ટાની અનુભૂતિ, આધ્યાત્મિકતાનો સાક્ષાત્ અનુભવ, ત્યાગીગૃહીની એકાત્મકતા, માનવ મેદનીના અંતરમાંથી નિતરતા સ્નેહનું વર્ણન યથાયોગ્ય રીતે કરી શકાય તેમ નથી. કિંતુ તે શુભપળનું માહાત્મ્ય, મહત્વ, સ્મરણ અખંડ રહે તે હેતુથી બિચારા થોડા શબ્દોનો સહારો અત્રે લીધો છે.

શ્રીહરિના પાંચમાં વંશજ પ.પૂ.ધ.ધુ. આ. શ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પાસેથી ગ્રહણ કરેલ, સંપ્રદાયના ઉત્તરદાયિત્વ સમાન પાઘને ૩૫ વર્ષ સુધી (સં. ૨૦૨૫ આ. સુ.બીજ થી સં. ૨૦૬૦ આ.સુ.બીજ) ધારણ કરીને પછી આ શુભ દિને પોતે તે પાઘ શ્રીહરિના સાતમાં વંશજ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને અર્પણ કરનાર પ.પૂ.ધ.ધુ. આ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને સમગ્ર વિશ્વે બે હાથ જોડી મસ્તક નમાવીને કોટી કોટી વંદન કર્યા. **તેઓશ્રીએ અખંડ બ્રહ્મસ્વરૂપે વર્તીને ભગવાનની મૂર્તિ સિવાય અન્ય કાંઈ વહાલું રાખ્યું નથી. જેમણે આખી જીંદગી વાણી દ્વારા નહિ પણ આચરણ દ્વારાએજ ઉપદેશ આપ્યો છે.** તેવા આ ધર્માચાર્ય માટે તો આ અબાધિત સત્તાઓ પણ શરીર ઉપરની ધૂળ સમાન જ હતી. અને તેનો સ્વેચ્છાએ ત્યાગ કરીને માનવમાત્રને ઊત્તમકોટિનો ઉપદેશ આપ્યો. સંતો, મહંતો, હરિભક્તોએ ગીતાના અનાસક્તિ યોગનું આચરણ નજરે નિહાળ્યું. ક્ષુલ્લક બાબતો પણ નહિ છોડી શકતા આ જીવો આ મહાન ગાદી ત્યાગ જોઈને દિગ્મૂઢ થઈ ગયા ! આશ્ચર્યથી આંખો વિસ્ફારીત થઈ ગઈ, પોતાની અજ્ઞાનતાને જાણીને વાચા બંધ થઈ ગઈ, પગ થાંભલાની જેમ સ્થિર થઈ ગયા. સર્વેએ આ દિવ્ય ઘડીનું નેત્રો દ્વારાએ પાન કર્યું. હરિભક્તમાત્રે એ સમજવું જરૂરીર છે કે, લૌકિક રીતે પોતાની જવાબદારીઓ અનુગામીને આપીને, તેઓશ્રી જવાબદારીઓમાંથી ખસી ગયા નથી, તેઓ નિવૃત્ત થઈ ગયા, તેમ કહેવું યોગ્ય નથી. પરંતુ તેઓશ્રીનું આ એક લીલાચરિત્ર છે કે, તેમણે પોતાનું દૈવત્ય અન્યને વારસામાં આવ્યું છે. પોતાના સંપૂર્ણ આશીર્વાદ અન્યને સોંપ્યા છે. અને પોતે તો આત્મસ્વરૂપે નિર્લેપ થઈ રહ્યા ! **શ્રીજીના અપર સ્વરૂપ તરીકે ઓળખાનાર હવે શ્રીજી સ્વરૂપે જ થઈ રહ્યા !**

સુખદ અને દુઃખદ પ્રસંગો જ્યારે એક જ સિક્કાની બે બાજુઓ સમાન હોય છે, ત્યારે જ ભગવાને આપણને બે આંખો શા માટે આપી છે તે અનુભવાયું. **આ પ્રસંગ વખતે લાખો હરિભક્તોના નેત્રોમાંથી અશ્રુઓ વહ્યાં. તેમ છતાં પણ, તેઓશ્રીએ આ સત્સંગના બગીચાને ખીલવવા માટે**

પાડેલા પ્રસ્વેદ બિંદુઓ જેટલાં તો ન જ થયાં ! લેખકો અને કવિઓ નક્કી કરી શક્યા નહિ કે આ પ્રસંગ દુઃખનો છે કે સુખનો ! પૂ. મહારાજશ્રીએ પાઘ ઊતારી તેનું દુઃખ તો બધાને લાગ્યું, તેનો કારમો ઘા કાળજે વાગ્યો. પણ..... જ્યારે તે તેમનાથી પણ સવાયા મહાપુરુષને મસ્તકે મૂકાઈ ત્યારે પાછળનું દુઃખ ભૂલાઈ ગયું અને અશ્રાશ્રુઓ પ્રેમાશ્રુમાં ફેરવાઈ ગયાં. સર્વત્ર આનંદની લહેરખી દોડી ગઈ. પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો જયઘોષ દિગંતમાં વ્યાપી ગયો. અતિ નિર્માની વિરલ વિભૂતિ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને માથે પાઘ ધારણ કરતી વખતે જેટલો આનંદ થયો ન હતો તેનાથી લાખ ગણો આનંદ તે પાઘને ઊતારતાં થયો. (કેમ કે પોતાને તો સર્વદા આત્મસ્વરૂપે વર્તવામાં જ રૂચિ છે) અને તેનાથી અનંત ઘણો આનંદ સત્સંગ સાગરને થયો કે, આ પાઘ ઉત્તરોત્તર મેઘાવી, પ્રતિભાશાળી, પ્રબુધ્ધ, ગૃહસ્થવૈરાગી, આર્ષદૃષ્ટા મહાપુરુષોને મસ્તકે શોભી રહી છે. **આવા મહાપુરુષોનું શિષ્યત્વ સંપન્ન થવું એ પૂર્વજન્મના પૂણ્ય સિવાય શક્ય બનતું નથી.** લૌકિક દૃષ્ટિએ હવે પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિવૃત્તિ લેખાશે. પણ દિવ્ય દૃષ્ટિએ તો શ્રીહરિ સ્મરણ-ધ્યાનમાંથી તેમની નિવૃત્તિ નથી - હોઈ શકે પણ નહીં જ ! અને તે સિવાય તો તેમને પ્રવૃત્તિ પણ હતી જ નહિ. સ.ગુ. શ્રી નિષ્કુળાનંદ સ્વામીના 'મૈ હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ' એ કીર્તનને જેમણે જીવનભર એક ક્ષણ પણ વિસાર્યુ નથી તેવા મહાપુરુષના આ લીલાચરિત્રને સમજવા માટે હજારો જન્મ પણ ઓછા પડે તેમ છે.

સંપ્રદાયની શોભા, ગરિમા અને ગૌરવ સમી આચાર્યત્વની પાઘનો તો મહિમા જ અનેરો છે. પરાત્પરં પરમાત્મા શ્રી સ્વામિનારાયણ **ભગવાને સ્વયં, તે ધર્મવંશી આચાર્યને મસ્તકે બંધાવી છે. અને આત્યાંતિક કલ્યાણના કરતલ તરીકેનો અધિકાર એકમાત્ર તેમને જ આપ્યો છે. તે સત્તાની નિશાની નથી પણ ઉત્તરદાયિત્વનો ભાર છે.** તેનું વજન એ સર્વે સત્સંગીના ભૌતિક અને આધ્યાત્મિક વજન કરતાં વધુ છે. જેટલા પ્રદેશોમાં શ્રીજીના શુધ્ધ સત્સંગનો પ્રસાર છે. તેટલી તેની સાઈઝ છે. લાલ રંગ અને રેશમી કોર એ સંન્યસ્તાશ્રમ (ભગવો) અને ગૃહસ્થાશ્રમ (રેશમી કોર) બંનેના ગુરુપણાનું પ્રતિક છે. તેઓશ્રીએ સ્વમુખે પાઘનો મહિમા જણાવતાં કહ્યું કે, "અમે પણ આ પાઘને વંદન કરીને પછી જ મસ્તકે ધારણ કરીએ છીએ." પીઠાધિપતિ પણ જેનો આટલો બધો મહિમા સમજતા હોય તેવી **આ પાઘના દર્શન માત્ર જ પાપોનો વિનાશ કરનારી છે.** આવી અતિ દિવ્ય મહત્તા ધરાવતી પાઘ ધારણ કરનાર પણ તેનાથી વધુ બળીયો જ હોય. કાગળના શબ્દો ઊપરથી જેમ તેના લખનારાની કલ્પના થઈ શકે છે તેમ આવી આ દિવ્ય પાઘને ધારણ કરનારની દિવ્યતાની કલ્પના થઈ શકે છે. પૂર્વે દ્રોપદી સ્વયંવરમાં મત્સ્યવેધ માટે આવનાર ઘણા બલવંતો, મત્સ્યવેધ તો બાજુએ રહ્યો પણ.... ધનુષ્યબાણ જ ઊઠાવી ન શક્યા. તો પછી નિશાન તાકવાની તો વાત જ ક્યાંથી થાય ? અહીં એક જણ (તળપદી ભાષામાં જણ એટલે કે બળવાન પુરુષ મર્દ, ભાયડો વિ.) નિકળ્યો, આ પાઘને ધારણ કરવાની ક્ષમતા ધરાવનાર અને તે જ આપણા નવયુવાન આચાર્ય મહારાજશ્રી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી આચાર્યત્વની પાઘ માથે ઊપાડવી એટલે પોતાના બહોળા શિષ્યવર્ગની આત્યંતિક કલ્યાણની જવાબદારી લેવી. આ પાઘ તો શ્રીજી મહારાજે આપેલી છે. તેથી ધર્મવંશીઓ જ તે ધારણ કરવાની ક્ષમતા ધરાવે છે. અને શ્રીજીના વચને કરીને તેઓ અન્યનુ નિઃસંશયપણે કલ્યાણ કરી શકે છે. બીજે બધે તો થૂંકના સાંધા છે, રેતીમાં વહાણ ચલાવાના તુક્કાઓ અને ઠાલો વાણી વિલાસ છે.

આજના કળિકાળમાં વધતી વયે વાનપ્રસ્થાશ્રમ કે સંન્યસ્તાશ્રમ ગ્રહણ ન કરીએ અને પ.પૂ. મહારાજશ્રીનું સાઈઠમાં વર્ષે ગાદી ત્યાગનું આ લીલાચરિત્ર જોઈને તેમાંથી જ તેમનો ઊપદેશ સમજીએ તો આ જીવને આલોક અને પરલોકમાં જરૂર સુખ થાય. ગાદી ત્યાગના દિને પોતે શ્રી નરનારાયણદેવના મંદિરમાં આવ્યા માથે પાઘ ધારણ કરીને અને ગયા ત્યારે પાઘ વગર ! **બંને સમયની તેઓના મુખારવિંદની પ્રસન્નતામાં એક રતિભાર ફેર પડ્યો નહિ ! આને ત્યાગની પરાકાષ્ટા કહેવાય.** વસુકી ગયેલી ગાયનું દાન કરીને પૂણ્ય કમાવા માંગતા જનોને દૂધાળી ગાયનું જ દાન થાય તેનો સચોટ ઊપદેશ આચરણ દ્વારા જ આપ્યો. આજના યુગમાં સત્તાસ્થાન-રાજગાદી મેળવવા માટે સાઠમારીઓ ચાલે છે ત્યારે શુધ્ધ સનાતન ધર્મની આ ગાદી ઉપર ઊત્તરગામી અને અનુગામી વચ્ચે 'પહેલે આપ-પહેલે

આપ' થતું જોઈને, બંનેનો નિરાસક્ત ભાવ સંપ્રદાય તથા સમસ્ત દુનિયાને સ્પર્શી ગયો !

શ્રીહરિ ગ.મ. ૨૧માં વચનામૃતમાં કહે છે કે 'આ સંસારને વિષે જેને ધન-દોલત-રાજ ન હોય તે જ સુખિયો છે.' તે આચાર્યશ્રીએ પણ તે જ પ્રમાણે વર્તીને બતાવ્યું. પોતે ભગવાનના પુત્ર ખરા ને ! અને આજ રીતે બાપની જેમ જ બેટાએ પણ આજદિન સુધી વગર પાઘે યુવા સત્સંગીઓના દિલ જીતી લઈને સત્સંગ પ્રવૃત્તિ ખૂબ વિકસાવી છે. **દિલના રાજા જેવા આ લાલજીશ્રીએ લાખો યુવાનોના દિલ પર રાજ્ય કર્યું.** કવિ કલાપીના શબ્દો 'સુંદરતા પામતા પહેલાં સુંદર બનવું પડે' અનુસાર આચાર્ય બનીને સેવા પામતા પહેલાં જ અવિરતપણે તેમણે સેવાની ધુણી ધખાવી દીધી.

સ્વામિનારાયણ ભગવાને આજ્ઞા કરી અને તે અનુસારે પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તત્કાળ શ્રીહરિના સાતમા વંશજનો ગાદીભિષેક કરવાનો નિર્ણય કર્યો. **તેઓશ્રીના એક નિર્ણય માત્રે બાપ-દીકરાનાં સંબંધનો રંગ ઝાંખો પાડી, ગુરુ-શિષ્યના સંબંધનો રંગ વધુ ઘેરો કર્યો.** વડતાલ અને અમદાવાદ બંને દેશોના સંતો, મહંતો, આચાર્યો, હરિભક્તો, બાઈઓ, રાજનેતાઓ અને ધર્મનેતાઓની શુભ ઉપસ્થિતિમાં, બ્રહ્મદેવો સૂર્ય અને અગ્નિની સાક્ષીએ, વેદમંત્રોચ્ચારના ધ્વનિ સાથે પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે શ્રી નરનારાયણદેવની આરતી ઊતારીને પછી, પ.પૂ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજનું ગાદી સ્થાન ઉપર યથાવિધિ સ્થાપન કર્યું. સંપ્રદાયની પ્રણાલિકા પ્રમાણે વેદવિધિ અને વેદગાન થયું. દેશ-વિદેશથી આવેલા લાખો હરિભક્તો માટે પગ મૂકવા જેટલી જગ્યા પણ રહી નહિ. ચર્મચક્ષુઓથી સંતો-મહંતોના દર્શન થતાં અને અવકાશમાં રહેલા દેવ-દેવતાઓની હાજરી હરિભક્તોએ અનુભવી. પ્રસાદીના સભામંડપમાં, શ્રી નરનારાયણદેવની સન્મુખ આ વિધિ સંપન્ન થયો. પ.પૂ. મહારાજશ્રી ઊભા થયા અને ..... **શ્રીહરિએ આવિર્ભાવ કર્યો અને પૂ. લાલજી મહારાજશ્રીના મુખારવિંદ ઊપર તેજની આભા પથરાઈ ગઈ !** પૂ. મહારાજશ્રીએ પોતાની પાઘ તથા ખેસ પૂ. લાલજી મહારાજશ્રીના મસ્તકે ધરાવ્યાં અને તેમની આરતી ઉતારી. અંતરમાં શ્રીહરિનાં દર્શન કરીને પૂ. લાલજી મહારાજના નેત્રોમાંથી હર્ષાશ્રુ વહેવા લાગ્યાં. શ્રીજી દર્શનમાં ઓત-પ્રોત થઈ ગયા. ગળે ડૂમો ભરાઈ આવ્યો. પછી ધીરે રહીને પોતાના પ્રાણપ્યારા પિતાશ્રી અને આચાર્યશ્રીનાં તથા સત્સંગ સમસ્તના દર્શન કર્યા ત્યારે સાંત્વના પામ્યા. ગુરુ અને આચાર્ય એવા તેજેન્દ્રપ્રસાદજી મહારાજે તેમને ધીરજ બંધાવી અને તે સાથે જ આચાર્યત્વનું તેજ તેમનામાં ઝળહળી ઊઠ્યું ! ઉપસ્થિત રહેલા સૌ કોઈના હૃદયમાં તે બ્રહ્મ તેજના તણખા પડ્યા અને લાલજીશ્રીમાંથી આચાર્યશ્રી બનેલા પ.પૂ.ધ.ધુ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના જયજયકારનો ઘોષ વિશ્વમાં વ્યાપી રહ્યો ! જેની ઉપર સમર્થ આચાર્યશ્રીનો પૂર્ણ રાજીપો અને આશીર્વાદ હોય તેવા આ નવયુવાચાર્યને વડીલ સંતો-મહંતોએ આશીર્વાદની હેલી કરીને ભીંજવી દીધા. અને તે ભીનાશની કોર સૌએ માણી. આશીર્વાદોના અભિષેકમાં શ્રીનરનારાયણદેવના ધ્વનિનો રણકો સંભળાતો હતો.

પ.પૂ. મહારાજશ્રીએ તો પોતાનો દીકરો પણ સત્સંગને આપી દઈને સંપ્રદાયને ઊચિત અનુગામી પૂરો પાડ્યો અને ઢળતી ઉંમરે પણ પરોપકારની ભાવનાની મશાલ વધુ પ્રજ્વલિત કરી. વાત્સલ્યમૂર્તિ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પિતાશ્રીની સન્મુખ ગાદી ઉપર બેસવાનું રૂચતું જ નથી. કોઈ સુપુત્ર પોતાના પિતાશ્રી, પોતાને પગે લાગે તેવું ન જ ઈચ્છે. **પરંતુ અહીં તો ત્યાગ-સમજણ અને ઉદારતાએ કાળનું વહેણ બદલી નાખ્યું.** ગઈકાલ સુધી શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતાના પિતા અને આચાર્ય મહારાજશ્રીને પગે લાગ્યા વગર કદાપિ સાથે બેસતા નહિ. આજે તે જ સુલક્ષણા પુત્રની આરતી ઊતારીને પ.પૂ. મહારાજશ્રીએ તેમને ગાદીએ બેસાડ્યા ! **બંને એક-બીજાના શિષ્ય થવા તત્પર થયા છે ! હરિફાઈ છે, પણ ગુરુપદની નહિ, શિષ્યપદની !** આ ઉત્કૃષ્ટ સમજણ-વિવેક જોવા મળવો અતિ દુર્લભ છે. ટોપી પહેરાવવાળા, ટોપી ફેરવવાવાળા, પાઘડી આપવાવાળા, પાઘડી બંધાવવાવાળા અનેક છે, પણ પોતાની પાઘડી અન્યના મસ્તકે મૂકીને તેને પોતાના જેવો કાંતિવાન, ઐશ્વર્યવાન બનાવવાવાળા તો પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સિવાય કોઈ નહિ મળે. શીખ ગુરુ ગોવિંદસિંહે તેમના સંપ્રદાય માટે જેમ પાંચ યુવકોનું બલિદાન માંગેલું તેમ **ધન્ય છે આ નવયુવાન આચાર્યને કે જેમણે સંપ્રદાયની સેવા માટે તેમનું મસ્તક આચાર્યશ્રીના ચરણે ધરી દીધું !**

સંપ્રદાયની રીતરસમ અને પ્રણાલિકા પ્રમાણે વિદ્યમાન પ.પૂ. શ્રીગાદીવાળાંશ્રીએ પણ પોતાના સ્થાને આ જ સમય અને ક્ષણે પૂ. શ્રી વહુજી મહારાજને પોતાની જગ્યાએ સ્થાપ્યા. તેમની કંકુઅક્ષતથી પૂજા કરી ગાદી સ્થાને બિરાજમાન કર્યા. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીએ તેમને વિધિવત્ દીક્ષામંત્ર આપી મુમુક્ષુ બાઈઓને ત્યાગાશ્રમની દીક્ષા આપવા માટે અધિકારી બનાવ્યા. અને પૂ. શ્રી વહુજી મહારાજ સર્વે મહિલામાત્રના ગુરુપદે પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ શ્રી ગાદીવાળા મહારાજ તરીકે બિરાજમાન થયા. પ.પૂ. માતુશ્રીની વાત્સલ્ય નિતરતી આંખો આ શુભ પ્રસંગની સાક્ષી બની રહી. પૂ. વહુજી મહારાજશ્રી ધન્યભાગી નિવડ્યાં કે પૂ. માતુશ્રી અને પૂ. ગાદીવાળાશ્રી બંનેની કૃપા અને આશીર્વાદ તેમના ઊપર ઊતર્યા **અને તે ત્યાગમૂર્તિએ સંપ્રદાયની આ જવાબદારી પોતાના માથે સ્વીકારી.** ઊપસ્થિત ત્યાગી-ગૃહી સૌ મહિલાઓએ આ લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રીનો જયજયકાર કર્યો.

પ.પૂ. મહારાજશ્રીતો અક્ષરધામમાં જવાની સીડી હતા અને હવે તો તે સીડી ઊપર સહેલાઈથી જવાય તેવું નવું એક પગથીયું પણ તૈયાર છે અને તે છે આપણા નવયુવાન આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મહારાજશ્રીના ધર્મશાસનના ૩૫ વર્ષના દીર્ઘકાળ દરમ્યાન આપણે સર્વેએ તો માત્ર એક તેમને જ સાચવ્યા, જ્યારે તેઓશ્રીએ સંપ્રદાયના દરેક હરિભક્તોને, શિષ્ય જેમ ગુરુને સાચવે, તેનાથી અધિક રૂડી રીતે સાચવ્યા છે. અને તે પણ મન-કર્મ-વચને કરીને. આ જ તો તેમની મહાનતા છે. **તેઓશ્રી તો બીજા દત્તાત્રેય સ્વરૂપ છે.** તેમણે હરિભક્તોના નિવાસસ્થાનોને તીર્થક્ષેત્રો માનીને ત્યાં વિચરણ કરેલું છે. જ્યાં જ્યાં તેમની પધરામણી થઈ છે. **તેમાં એક ચરણ તેમનો હતો અને બીજો ચરણ સાક્ષાત્ શ્રીજી મહારાજનો હતો.** આપણે પરોક્ષની જેમ પ્રત્યક્ષનો મહિમા સમજવો.

સ.ગુ. શ્રી રામાનંદ સ્વામી પણ ધર્મગાદીની ધુરા નિલકંઠવર્ણીને અર્પણ કરીને પછી જેમ રહ્યા હતા તે જ ઈતિહાસનું અત્યારે પુનરાવર્તન થઈ રહ્યું છે. હવે સર્વે સત્સંગીમાત્રને બે હાથ જોડીને એક નમ્ર વિનંતી છે કે મોટા મહારાજશ્રીની વય, સમય અને સંજોગો પ્રમાણે તેમને ઓછામાં ઓછી તકલીફ આપવી અને **તેઓશ્રીના નિરોગી-દિર્ઘાયું માટે શ્રી નરનારાયણ દેવના વિશેષ નિયમો રાખીને પરમકૃપાળુ પરમાત્માને સૌ કોઈ પ્રાર્થના કરજ્યો.**

તે જે તેજ છે (ગ.મં. ૧૩) તે જ આ તે જ Tej છે. સંપ્રદાયમાં વચનામૃત મહાગ્રંથ એ શ્રીહરિના વચનોનું સંકલન છે. તે સાકરનું નાળીયેર છે. તેમાંથી કશું જ ત્યાગ કરવા યોગ્ય નથી. શ્રીહરિના વચનોમાં કોઈ અધિક-ન્યૂન નથી. તેમાં શ્રીહરિએ સ્વયં પોતે પોતાના તેજની વાત કરી છે - "મારા હૃદયને વિષે એકલું તેજ વ્યાપી રહ્યું છે અને તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે અતિ પ્રકાશમય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશય તેજે કરીને શ્યામ નથી જણાતી..... અને તે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે એમ જાણજ્યો."

પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પણ જ્યાં જ્યાં હસ્તાક્ષર કરે છે ત્યાં ત્યાં હંમેશા Tej તેજ જ લખે છે. પોતે તો ભગવાનના પુત્ર છે. શ્રીજીના અપર સ્વરૂપ છે, અખંડ શ્રીહરિની મૂર્તિને ધારી રહ્યા છે. બાલ્યાવસ્થામાં જે દિવસથી તેઓશ્રીને વાંચતા આવડ્યું ત્યારથી માંડીને આજદિન સુધી ક્યારેય વચનામૃત શાસ્ત્ર વાંચ્યા વગર રાત્રે કદાપિ સૂતા નથી. આ શાસ્ત્રના તેઓ ઊંડા અભ્યાસી અને તત્વ ચિંતક છે. શાસ્ત્રના હાર્દને રૂડી રીતે જાણનાર છે. અને તેથી જ તેઓએ જીવનની હરપળે, શ્રીજીએ દોરેલી મર્યાદાની બહાર પગ મૂક્યો નથી. તે તો ઠીક પણ તેની બહાર જોયું સુધ્ધાં નથી! આચરણ દ્વારાએ જ ઉપદેશ આપવાની તેમની રૂડી રીતથી માનવમાત્ર સુપેરે વાકેફ છે. ત્યારે તેમના હસ્તે અનેકાનેક વખત લખાયેલ Tej શબ્દ લાખો લોકોના હૃદયના તારને ઝંકૃત કરે છે, પ્રજ્ઞાને ચક્ષુ અર્પે છે, મોહમાયાને ખંખેરે છે, જીવને સુષુપ્તિમાંથી ઢંઢોળે છે, હૃદયના ખૂણામાંથી પ્રભુ પ્રત્યેના સ્નેહ ઝરણાને શોધી નાખે છે. **ત્યારે તે Tej શબ્દ શ્રીહરિના તેજ શબ્દનો પર્યાયવાચક જ બની રહે છે.** મહાપુરુષો વાણીનો વ્યર્થ પ્રલાપ કરવાને બદલે અર્થગાંભીર્ય વાળો શબ્દ જ આપે છે અને આપણને તો આ જ સૌથી મોટો ઉપદેશ છે. જેના સંકલ્પો સદા મૂર્તિમાન છે, જેના આશીર્વાદથી મૃત્યુના મુખમાં ગયેલો જીવ બેઠો થઈ જાય છે, વચનસિધ્ધ એવા આ મહાપુરુષના જીવન-કવનને ખૂબ સારી રીતે જાણી સમજી-ઓળખીને તથા શ્રીહરિના ઉપરોક્ત વચનામૃતને શાંત ચિત્તે વારંવાર સમજી-વિચારીને વાંચવાથી આ શિર્ષકની અર્થગાંભીર્યતા સમજાશે.

તેજના કિરણો

– ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક (ગાંધીનગર)

પણ એમણે નિવૃત્તિ અચાનક લઈ લીધી ! બધાને આશ્ચર્યમાં મૂકી દીધા!

હોવે ભઈઈઈ ..... કોઈને ખબર નહોતી. અમે તો છાપામાં જાહેરાત વાંચી તારે જાણ થઈ.

પાંચ-સાત વરસ ગાદી પર રહ્યા હોત તો આપણે-સત્સંગીઓને સારું હતું. **મહારાજ તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છે. એને પગલે પગલે તીરથ થાય. એને દર્શને દુઃખ જાય. એની કૃપાયે આપણું કલ્યાણ થાય.**

મને તો હજી માન્યામાં જ નથી આવતું કે મહારાજે કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ગાદી આપી પોતે નિવૃત્તિ લઈ લીધી. અરધી રાતે જાગું તો યે આ વિચાર આવે છે. પોતે ગાદીએ આવ્યા ત્યારે પચી વરસના હશે. એ વખતથી જ ભારે પ્રભાવશાળી હતા. દર્શન કરતાં જ આંખ ઠરે. પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ધામમાં ગયાનો પ્રસંગ હજુ તાજો જ હતો છતાં તેમના વિરહનું દુઃખ મહારાજના દર્શનથી હળવું થઈ જતું. આ તો ભઈઈઈ ..... બધી અનુભવેલ વાત છે. આશરે પાંત્રીસ વરસથી એમને સત્સંગમાં ફરતા જોયા છે. સત્સંગની સેવામાં પાછી પાની નહિ. શ્રીજી મહારાજે જેમ મુક્તમુનિ માટે કહ્યું હતું કે તેમની શ્રધ્ધા અને ભગવાનનું માહાત્મ્ય હમેંશા નવા ને નવા જ રહ્યા છે. કદી ગૌણ પડ્યા નથી. તેમ આપણા તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નો પણ સત્સંગ માટે કાર્યો કરવાનો અને સત્સંગની વૃદ્ધિ કરવાનો ઉત્સાહ હમેશાં અધિકોને અધિકો રહ્યો છે. **ભગવાનની ગાદી તો ભગવાન જેવો હોય એજ સંભાળી શકે. આપણા મહારાજે તે સંભાળી. સફળતા પૂર્વક સંભાળી. નિષ્ઠાપૂર્વક સંભાળી. વર્ષો સુધી સંભાળી અને ઘડીના છઠ્ઠા ભાગમાં તે છોડી પણ દીધી ! કેટલાં નિર્મોહી પુરુષ !**

નિર્મોહીને વળી મોહ શેના ? હેં !



તમારી વાત સો ટકાની છે. સ્વામિનારાયણ ભગવાને પોતાની ગાદી સાથે પોતાનું દૈવત જોડ્યું છે. પોતાના સામર્થ્ય અને શક્તિ સંલગ્ન કર્યા છે. વિધિસર રીતે લાયક વ્યક્તિની આચાર્યપદે નિયુક્તિ થતાં જ એ દૈવી અંશોનો તેમનામાં આવિર્ભાવ થાય છે. ભગવાન તો નાના મોટા સર્વના હૃદયમાં રહ્યા છે. પણ પાત્રની તારમ્યતા પ્રમાણે સામર્થીમાં ન્યુનાધિકપણું દેખાઈ આવે. ભગવાનની ગાદી પર આચાર્ય આરૂઢ થાય ત્યારે ભગવાનના જ્ઞાન, શક્તિ, બળ, ઐશ્વર્ય, વીર્ય અને તેજ આ છયે ઈશ્વરી ગુણોનો તેમનામાં ઉદ્‌ભવ થાય છે.

અમારી સત્સંગ મંડળીમાં હમણાં આજ વાત ચાલે છે. શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિવૃતિની. રામજીભાઈ, શામજીભાઈ, ઘનશામભાઈ, ધીરજલાલ, દિનમણી ઉપાધ્યાય, જગન્નાથ ત્રિવેદી, હરિકૃષ્ણ વ્યાસ, છગન પટેલ, વિશ્વનાથ, ડાયાલાલ, ગણેશ ભગત આ બધા અમારા મંડળના સભ્યો છે. મહારાજશ્રી વિશે સૌ પોતપોતાના અનુભવો અને અભિપ્રાયો કહે છે.

અમારા ઘનશામભાઈ જ્યારે કંઈક પૂછો ત્યારે શ્રીજી મહારાજ અને **તેજેન્દ્રપ્રસાદજી મહારાજ વચ્ચે સમાનતા શોધી કાઢે છે.** તેઓ કહેતા કે **શ્રીજી મહારાજ વિશે જે આપણે સાંભળ્યું છે. તે આપણે તેજેન્દ્રપ્રસાદજીમાં પ્રત્યક્ષ નિહાળ્યું છે.** શ્રીજી મહારાજમાં એક અદ્‌ભૂત આકર્ષણ હતું. Personal magnetism. એ એક અલૌકિક ઓજસ હતું. એનાથી આશ્રિત સત્સંગીઓ તો ઠીક, પણ સત્સંગી ન હોય તેવા બીજા લોકો પણ મોહિત થઈ જતા. પ્રભાવિત થઈ જતા અને શ્રીહરિ સામે હાથ જોડતા. ભૂમાનંદ સ્વામીને શ્રીહરિના દર્શન માત્રથી ભગવાનપણાનો નિશ્ચય થયો હતો. પૂર્ણાનંદસ્વામીને મહારાજની માત્ર ચાલ-ચાલવાની સ્ટાઈલ જોઈને ભગવાનપણાનો નિશ્ચય થયો હતો. એક સંતને મહારાજનું લટકું જોઈને નિશ્ચય

થયો. લટકાળા તારે લટકે રે લેરખડા હું લોભાણી. જુનાગઢના નવાબને શ્રીજી મહારાજ રાજમાર્ગ પર અશ્વ ઉપર બેસીને જાહેરમાં કાકડી ખાતા હતા તે જોઈને ખુદા હોવાનો નિશ્ચય થયો હતો.

આજના સમયમાં શ્રીજી સ્વરૂપ તેજેન્દ્રપ્રસાદજી મહારાજમાં પણ આવો પ્રભાવ, આવું આકર્ષણ આપણે આપણી સગી આંખે જોઈ શકીએ છીએ. તમને ખબર છે. એકવાર ડોંગરેજી મહારાજ શું બોલ્યા હતા ? દ્વિશતાબ્દી મહોત્સવ દરમ્યાન એક પ્રસંગે તેજેન્દ્રપ્રસાદજીએ ડોંગરેજી મહારાજને પાટ ઉપર બેસવા કહ્યું. ત્યારે તેઓ **બોલ્યા કે - મને તમારામાં સાક્ષાત્ પરમાત્માનાં દર્શન થાય છે. એટલે હું તો તમારાથી નીચે બેસીશ. મેં શ્રીજી મહારાજને જોયા નથી પણ મારું મન કહે છે કે પૃથ્વી ઉપર શ્રીહરિ વિચરતા હશે ત્યારે તેમનું સ્વરૂપ આપના સરખું હશે.**

તમે સાચું કહો છો. લોકોને તેમના પ્રત્યે અપાર શ્રધ્ધા છે. **ગામડામાં તો મહારાજ પધારે છે ત્યારે કેટલાય માણસો તેમના ચરણમાં લેટી પડે છે. કેટલાયે ભક્તો લાંબાટુંકા થાવા માંડે છે. કવિ દલપતરામ પોતાનો અનુભવ મંત્ર લખી ગયા છે. - "બળથી ધનથી બની શકે, તેહ કરે નૃપ કોય. લે ખેંચી મન લાખના એ તો ઈશ્વર હોય"** એમની આ વાત સાવ સાચી છે. એ ઈશ્વર જ હોય. હરિપ્રસાદે કહ્યું :

પણ પેલું લાંબા ટુંકા થવાનું તમે શું કીધું ?

ભાઈ, એ તો બહુ રમૂજી વાત છે. લ્યો તમને કહું. ગઢપુરમાં એક વાર આત્માનંદ સ્વામીની મંડળી આવી. મહારાજ સંત હરિભક્તોને લઈને સામા ગયા. શ્રીહરિને જોઈને આત્માનંદ સ્વામી દંડવત કરવા લાગ્યા. થોડીવાર થઈ એટલે સોમલાખાચરની ધીરજ ન રહી. તેથી તેમણે કહ્યું - શું આમ લાંબા ટુંકા લાંબા ટુંકા થીયા કરો છો ? મહારાજ ખોટી થાય છે. ક્યારના ઊભા છે ઈ તો જુઓ. લાંબાટુંકાની આવી વાત છે.

અમારા રામજીભાઈએ એક સમજવા જેવી વાત કરી. ગીતાનો પેલો શ્લોક છે ને **कर्मण्येव अधिकारस्ते** એ શ્લોક તો મહારાજ ચાવી ચાવીને પચાવી ગયા છે. સત્સંગની ઉન્નતિ કેમ થાય તેનું સતત ચિંતન કરવું, હરિભક્તોનું હિત કેમ સચવાય તેનો સદા ખ્યાલ રાખવો, આપણા દાદા શ્રીજી મહારાજ કેમ રાજી થાય, કેમ પ્રસન્ન થાય એ નિશાન તેમનું રહ્યું છે. તુલસીદાસે રામ ચરિત્ર લખ્યું છે તેમાં રામચંદ્ર ભગવાને પોતાના અનુયાયીઓને ક્યાંય કોઈ જગાએ ઉપદેશ કર્યો હોય તેવું દેખાડ્યું નથી. પોતે મર્યાદા પુરુષોત્તમ હતા. કર્તવ્ય નિષ્ઠાને પ્રધાન ગણતા. ભાવના કરતાં કર્તવ્ય મહાન છે એમ માનતા. આજ વસ્તુ આપણા તેજેન્દ્રપ્રસાદજીએ રજુ કરી છે. બોલ્યા વિના આચરણ દ્વારા બતાવી છે. મારું કર્તવ્ય મારું જીવન છે અને મારું જીવન મારો ઉપદેશ. બધું જ પ્રેકટીકલ સિધ્ધાંતના સેમિનાર ક્યાંય નહિ.

અમારા ધીરજલાલને કંઈક કહેવાનો વિચાર થયો એટલે બોલ્યા, **તેજેન્દ્રપ્રસાદજી તો સમસ્ત સત્સંગીઓને હૈયે વિરાજી રહ્યા છે. તેમને ન ઓળખતો હોય એવો કોઈ અભાગિયો આંગણે આવે. દિવાલ પરની તસવીર જુએ. તસવીરમાં લાલ ચટક પાઘડી જુએ અને પોતાનું અજ્ઞાન છતું કરે. પૂછે આ પાઘડીવાળા કોણ છે ?**

એ તો અમારા ગુરુ છે. સ્વામિનારાયણ ભગવાનનું તેજ છે. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી. આટલું કહેતાંમાં તો તેની છાતીની પહોળાઈ વધી જાય.

સત્સંગીઓ તો મહારાજને માન સન્માન આપે એ બરાબર છે. પરંતુ મહારાજ પણ હરિભક્તો પ્રત્યે આત્મીયતા બતાવે. અમીર હોય કે ગરીબ એમને વહાલું દવલું કોઈ નહિ. હરિભક્તના હૈયાની લાગણી એની આંખમાંથી વાંચી લે. એક સાંભળવા જેવી વાત તમને કહું. અમારા એક સંબંધી હળવદ રહે. મહારાજશ્રી પ્રસંગોપાત હળવદ પધાર્યા. ગામમાં પધરામણી માટેના લીસ્ટ લખાયા. સમય થોડો અને લીસ્ટ લાંબુ થઈ ગયું. અમારા સંબંધીને પધરામણીના કાર્યક્રમની જાણ મોડી થઈ છતાં મંદિરે જઈ વ્યવસ્થાપકોને મળ્યા. પધરામણી માટે પોતાનું નામ લખી લેવા વિનંતી કરી. વ્યવસ્થાપકોએ ચોખ્ખી ના પાડી. કહે કે હવે એ શક્ય નથી. એ ભાઈ તો નિરાશ થઈને ઘેર આવ્યા. સાંભળજો હો આ વાત બહુ મજાની છે. એ ભાઈને રાતમાં પ્રેરણા થઈ. તેણે વિચાર્યું કે મહારાજશ્રી આ શેરીમાં આવવાના છે. અને જેને ઘેર પધરામણી છે. ત્યાં જવા માટે મારા ઘર પાસેથી જ પસાર થશે. માટે મારે પણ મહારાજ પધારે તેવી તૈયારી રાખવી. આવે કે ન આવે તે શ્રીજી મહારાજની મરજી.

સમય પ્રમાણે મહારાજશ્રી ત્યાંથી પસાર થવાના હતા ત્યારે એ પોતાની ખડકીમાં ઉભા રહ્યા. મહારાજશ્રી નજીક



સામાન્ય રીતે કોઈ પણ નાનું બાળક ઉંમરની મર્યાદામાં થોડુંક બોલવા શીખે તો તેના મા-બાપ કેટલા ખુશ થઈ જાય છે ? પણ અહીંતો વાત ન્યારી છે ! આ તો ભગવાનના પુત્ર એટલે તેમને યોગ્ય લાગે ત્યારે પ્રસંગને અનુરૂપ જ વાણી સ્ફુરવા લાગે ! તેમ સત્કાર સમારંભમાં પૂજ્ય લાલજી મહારાજે સુરા ખાચરનો પ્રસંગ ક્યાંથી શોધી કાઢ્યો ? ભલભલાના મગજમાં ઘેડ બેસવી અઘરી છે. આખી સભામાં કોઈકજ હસ્યા વગરનો કદાચ રહ્યો હોય !

આવ્યા ત્યારે પગે લાગ્યા. મહારાજે તેના અંતરનો ભાગ પારખી લીધો. સ્મિત કર્યું. તેથી એ ભાઈ "મહારાજ કૃપા કરો" એમ બોલી અંદર પધારવા ઈશારો કર્યો. વ્યવસ્થાપકો તો ધ્યાન પર લાવ્યા હશે કે એમનું નામ લીસ્ટમાં નથી. છતાં મહારાજશ્રી તેમના ઘેર ગયા. ભાઈ તો એકદમ ભાવવિભોર બની ગયા. આરતી ઉતારી, પ્રસાદ મૂક્યો, **ભેટ ધરી મહારાજે શું કહ્યું ખબર છે ? તમારા બ્રાહ્મણના નહિ લઉં.**

હળવદના બ્રાહ્મણોને મહારાજશ્રી સન્માનથી જુએ છે. શ્રીજી મહારાજ પણ હળવદના બ્રાહ્મણો પ્રત્યે કૃપા દ્રષ્ટિ રાખતા. સમૈયો હોય, યજ્ઞ હોય, દેવ પ્રતિષ્ઠા મહોત્સવ હોય તો આમંત્રણ આપીને બોલાવતા. પ્રસંગોચિત્ત દક્ષિણાઓ આપતા. **આપણા તેજેન્દ્રપ્રસાદજી મહારાજે પણ પિતાશ્રી ધામમાં ગયા તે નિમિત્તે હળવદમાં ચોરાસી કરી બ્રાહ્મણોને જમાડ્યા હતા.**

તેમના હૃદયમાં કોઈ પ્રત્યે રોષની લાગણી તો કદી જન્મી જ નહીં હોય. ક્રોધે તો તેમના શરીરમાં પ્રવેશ જ નહી કર્યો હોય. સંતો-હરિભક્તો પ્રત્યે સદા આત્મભાવ રાખે. હરિભક્તોની ખબર અંતર પૂછવાનો સ્વભાવ શ્રીજી મહારાજ જેવો જ હતો. બોટાદના ભગાદોશીના મંદવાડના સમાચાર સાંભળ્યા ત્યારે શ્રીજી મહારાજ અરધી રાતે ઉઠીને તેને જોવા બોટાદ ગયા. રસ્તામાં વરસાદ થયો. પોતે એકદમ પલળી ગયા. દાદાખાચરના ફળિયામાં પાણી ભરાઈ ગયું હતું છતાં ઘોડીને ફળિયામાં ઊભી રાખી. પોતે ભીને કપડે ભગાદોશીને ઘેર ગયા. સાંત્વના આપી. દર્શનનું સુખ આપ્યું. મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીએ પણ સંતો હરિભક્તોની આવી સંભાવના કરી છે. શ્રીજી મહારાજના આદર્શોને જીવનમાં ઊતાર્યા છે. હજુ પાંચેક વર્ષની જ આ વાત હશે. કચ્છ ભુજ મંદિરના એક વૃદ્ધ સંતના મંદવાડના સમાચાર સાંભળીને

પોતે તુર્ત જ ભુજ દોડી ગયા ગતા. સંતના મસ્તકે પોતાનો વહાલ ભર્યો હાથ ફેરવી, સ્વહસ્તે પાણી પાઈને સંભાવના કરી હતી. પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ તરફથી પોતાને જે શિખ મળી હતી તેનો સંદર્ભ આપીને એક સભામાં તેજેન્દ્રપ્રસાદજીએ જણાવ્યું હતું કે - **"બાપુજીએ મને કહ્યું છે કે કોઈ પણ સંત હોય, ગમે તેટલા નાના હોય તો પણ, એમને માનથી બોલાવજો. કોઈ દિવસ "તું" કહીને બોલાવીશ નહિ. સર્વના પ્રત્યે સદ્‌ભાવ રાખજે. એમનું સન્માન કરજે.** ભગવાન સહજાનંદ સ્વામીએ આપણા કુળમાં આચાર્યપદ સ્થાપ્યું છે તેને શોભાવજે. ગર્વ કે અભિમાન રાખીશ નહિ."

ધન્ય છે એ પરમેશ્વર સમાન પિતાને જેણે આવી સહાલ આપી. અને સલામ છે એ સાગર પેટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજીને જેણે એ સલાહના અમલનું સતત અનુસંધાન રાખ્યું છે.

આપણા મહારાજશ્રી વિશે તમે શું કહો છો ? અમારામાંથી કોઈએ જગન્નાથભાઈને પૂછ્યું.

મહાપુરુષોનું આ લોકમાં આવવું તે જગતના જીવોના કલ્યાણ માટે હોય છે. કિશોર અવસ્થા પ્રાપ્ત થાય તે પૂર્વે નવમાં વર્ષથી જ મહારાજે સત્સંગમાં વિચરણ શરૂ કર્યું. પિતાશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજ પાસેથી પ્રેરણા લેતા ગયા અને આચાર્યના ઉત્તરદાયિત્વના પાઠ શીખતા ગયા. માત્ર ચૌદ વર્ષની વયે હરિભક્તોના આગ્રહથી અને પિતાજીના આશીર્વાદથી આફ્રિકાના પ્રવાસે ગયા. વિદેશની તેમની પ્રથમ ધર્મયાત્રા આફ્રિકા દેશથી શરૂ થઈ. ઘણું કરીને એ ૧૯૫૭ની સાલ હશે. તમને જાણીને ખુશી થશે કે શ્રીજી મહારાજે સ્થાપેલા **બે દેશોના આચાર્યમાંથી પરદેશની ધરતીને પાવન કરનાર, વિદેશની ભૂમિ પર પ્રથમ પગલાં પાડનાર તેજેન્દ્રપ્રસાદજી મહારાજ હતા.**


સંવત ૨૦૨૫માં ધર્મધુરંધર થયા. સંવત ૨૦૨૬માં એટલે કે પછીના વર્ષમાં જ તેમની રાહબરી નીચે માણસા મંદિરના દેવોનો પ્રથમ શત વાર્ષિક પાટોત્સવ ઉજવાયો. આ એક મહોત્સવ હતો. મહારાજશ્રી ત્રણ દિવસ માણસામાં રોકાયા હતા. નવા આચાર્ય તરીકે લાખો લોકોએ અંતરના ઉમળકાથી તેમનું અભિવાદન કર્યું હતું. પછી તો ઘણા ઘણા ઉત્સવો, મહોત્સવો, યાત્રાઓ, પ્રવાસો, દેવ પ્રતિષ્ઠાઓ સત્કાર સમારંભો જેવા અનેક પ્રસંગો આવતા રહ્યા. અને ઉજવાતા રહ્યા.

કોક પરદેશની સરકારે આપણને મફત જમીન આપી હતી તે આ આફ્રિકામાં જ હતી કે બીજે ક્યાંય ? રામજીભાઈને એકાએક યાદ આવતા પૂછ્યું.

હા, તમે ખરું કહ્યું. મોમ્બાસા (કેન્યા)માં આપણા મંદિરનું ટ્રસ્ટ છે. ટ્રસ્ટને સ્કૂલ માટે જમીન લેવાની હતી. ત્યાંના દરિયા કિનારે લાઈટ હાઉસમાં જે જમીન હતી તે સ્કૂલને અનુકૂળ ઉત્તમ જગ્યા હતી. તે મેળવવા માટે ઘણી સંસ્થાઓ પ્રયત્નો કરતી હતી. પરંતુ ત્યાંની સરકારે એ જમીન બીજા કોઈને ન આપતાં આપણા મંદિરના ટ્રસ્ટને સોંપી અને તે પણ વિના મૂલ્યે. પાંચ એકર જમીન અર્પણ કરી છે. **એ વખતના ભાવે - વર્ષ ૧૯૮૭ની આસપાસના ભાવે તેની અંદાજી કિંમત રૂપિયા ત્રણ કરોડથી પણ વધારે થાય. આ ખરેખર શ્રી નરનારાયણદેવનો પ્રતાપ અને તેજેન્દ્રપ્રસાદજી મહારાજના આશીર્વાદનું પરિણામ કહેવાય.**

"કરૂણા રસમય જોવું હસવું, કરૂણા કરી જન ઉરમાં વસવું" આ પંક્તિ પ્રેમાનંદ સ્વામીએ ભગવાન શ્રીહરિ માટે લખી છે. પરંતુ પ્રેમાનંદ સ્વામીએ શ્રીહરિમાં જે જોયું તે વર્તમાન કાળે આપણને તેજેન્દ્રપ્રસાદજી મહારાજમાં દેખાય છે.

સમાજને ધર્મની જરૂર છે. અને ધર્મને સમાજની જરૂર છે. ધર્મના આધાર વિના સમાજ નબળો પડે છે. અને સમાજના સહકાર વિના ધર્મ શોષાય છે. પરંતુ સમાજને સધ્ધર કરવા માટે અને ધર્મને મજબૂત કરવા માટે બંનેને આવશ્યકતા છે. વિદ્યાની જ્ઞાનની, શિક્ષણની, શિક્ષણ એક સબળ પરિબળ છે. **દરિયાપારના દેશોમાં સ્વામિનારાયણ સંપ્રદાયની સાચી ઓળખ આપનાર અને સત્સંગના સિધ્ધાંતોનો પ્રસાર કરનાર આપણા મહારાજશ્રી પ્રથમ વ્યક્તિ છે.** શિક્ષણ ક્ષેત્રે સમાજના ભાવિ ઘડતરની જવાબદારી જેના માથે છે તેવા યુવક-યુવતીઓ માટે તેઓએ પ્રાથમિક સ્કૂલો, હાઈસ્કૂલો, વ્યવસાયિક સ્કૂલો, ઉચ્ચકોટિના વિવિધ જ્ઞાનની કોલેજો, હોસ્ટેલો, ગુરુકુળો વગેરે સ્થાપીને શિક્ષાપત્રીના શ્લોક ૧૩૨નો વિશાળ પાયે અમલ કર્યો છે. ઉપરાંત સાંપ્રત સમાજની જરૂરીયાતો વિચારીને પોતે વિવિધ સામાજિક કાર્યોમાં પણ પ્રદાન કર્યું છે. તંદુરસ્ત સમાજ માટે વ્યસન મુક્તિ અભિયાન, ગૌરક્ષા માટે ઘાસચારો, ગરીબો માટે અન્નક્ષેત્રો, પર્યાવરણ માટે વૃક્ષ ઉછેર કાર્યક્રમો,



દેશ-વિદેશના હજારો હરિભક્તો સત્કાર સમારંભમાં લાભ લેવા પધાર્યા હતા. સરદાર પટેલ સ્ટેડીયમનું હરિયાળું મેદાન ભક્તોની ભીડથી ખીચો ખીચ ભરાઈ ગયું હતું.

સ્વાસ્થ્ય માટે દવાખાના, રોગ નિદાન કેમ્પ તથા રક્તદાન શિબિર જેવા અનેક કાર્યક્રમો દ્વારા સમાજને સહાયરૂપ થયા છે.

દેશકાળ વિષમ હોય ત્યારે પણ મદદ કરવા હમેશાં સમાજની પડખે રહ્યા છે. મોરબી પાસે મચ્છુ બંધની હોનારત, મહારાષ્ટ્ર (લાતુર)નો ભૂકંપ, કચ્છનો ભૂકંપ, દુષ્કાળ જેવી કુદરતી આફતો, કોમી રમખાણ, તોફાનો, તંગદિલીમાં થયેલા જાનમાલના નુકશાનમાં કોઈપણ જાતના ભેદભાવ વિના સહાયના ક્ષેત્રો ખુલ્લા મુક્યા છે. એટલું જ નહિ પણ ધર્મકુળ આશ્રિત હોય તેવા હરિભક્તોને પણ શક્તિ પ્રમાણે સહાયરૂપ થવા અપીલ કરી છે.

આવા આપણા ગુરુ મહારાજને - ચરણોમાં શીશ મૂકી દીનતા ઉચ્ચારીએ.

કથાવારતા પારાયણ વગેરેમાં અમારા હરિકૃષ્ણ વ્યાસને રસ ખરો. સમય મેળવીને પણ સાંભળવા જાય. એટલે એમનું ધાર્મિક જ્ઞાન સારું. જગતન્નાથભાઈએ ગુરુના ચરણમાં શીશ મુકવાની વાત કરી એટલે તેમને ગુરુ મહિમા વિશે કંઈક કહેવાનું મન થયું.

બ્રાહ્મણનું સ્થાન સર્વોચ્ચ છે. બ્રાહ્મણ જગતગુરુ કહેવાય છે. જેવા બ્રાહ્મણો તેવું જગત. અર્જુન અને યુધિષ્ઠિર વગેરે બ્રાહ્મણ શિષ્યો હતા. રામ, કૃષ્ણ, લવ, કુશ એ બધા બ્રહ્મદેવ પાસેથી વિદ્યા શીખ્યા હતા. આપણા આચાર્ય મહારાજ જગતગુરુ તો છે જ પણ આપણા માટે તો એથીયે વિશેષ, છે. કારણ કે આપણે તો તેમની પાસેથી મંત્ર દીક્ષા લીધી છે. તેથી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ આપણા ધર્મગુરુ છે. આપણા દીક્ષાગુરુ છે. અત્રિ સ્મૃતિમાં ગુરુનો મહિમા અત્રિ મુનિએ ગાયો છે.

एकमेवाक्षरं यस्तु गुरुः शिष्य
प्रबोधयेत् ।
पृथिव्यायां नास्ति तद् द्रव्यं यद्
दत्वा श्रानृणी भवेत ॥

જે ગુરુએ માત્ર એકજ અક્ષરની વિદ્યા આપી હોય તો પણ તે ગુરુઋણમાંથી મુક્ત થવા પૃથ્વીમાં એવું કોઈ દ્રવ્ય નથી જે આપવાથી ગુરુઋણમાંથી મુક્તિ મળે. આવા આપણા ગુરુદેવને આપણે મન કર્મ વચનથી વંદન કરીએ. આપણે એમની મહત્તાનું માપ કાઢવા સમર્થ નથી. પિતાની જેમ મહારાજશ્રી પણ માનવતાના પૂજારી છે. એક દ્રષ્ટાંત મેં સાંભળ્યું છે. લંકાના યુધ્ધમાં ઈન્દ્રજીત મરાયો ત્યારે તેની પત્ની સુલોચનાએ રાવણને કહ્યું - મારા પતિનું મસ્તક લાવી આપો મારે સતી થવું છે. રાવણ કહે છે કે માથું તો રામના સૈન્યમાં જઈને પડ્યું છે. તું જાતે રામ પાસે જા અને લઈ આવ. સુલોચના કહે છે કે શત્રુના સૈન્યમાં હું કેવી રીતે જાઉં. એ તો વિચારો ? અહીં રાવણ જે જવાબ આપે છે. તેમાં એને રામમાં કેટલો વિશ્વાસ છે તે દેખાય છે. તે કહે છે - રામ તો માનવતાથી મહેકતો માણસ છે. બહેનની જેમ તારું માન સન્માન કરશે. તું જા તો ખરી ! ને રામે રાવણની અપેક્ષા પ્રમાણે જ સુલોચનાનું સ્વાગત કર્યું હતું. **તેજેન્દ્રપ્રસાદજી મહારાજને તો કોઇ શત્રુ જ નથી. પરંતુ એમનામાં જે માનવતા છે તે દુશ્મનો પણ પ્રશંસા કરે તેવી છે.**

અમારી આ બધી વાતો સાંભળીને દિનમણી ઉપાધ્યાય જે અત્યાર સુધી મૌન રહ્યા હતા તે બોલ્યા.

તેજેન્દ્રપ્રસાદજી મહારાજ માટે મારે પણ કંઈક કહેવું છે.


હા, હા, કહો, કહો, તમારી પાસેથી તો અમને કંઈક વિશેષ જાણવા મળશે. અમે સાંભળવા ઉત્કંઠા બતાવી.

મહારાજશ્રી ક્યારેક સત્યને છૂપાવતા.

હે ? અમે ચોંકી ઉઠ્યા.



કેન્દ્રીય કાપડ મંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાને પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અમદાવાદ મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરતા.



આરોગ્ય મંત્રીશ્રી અશોકભટ્ટનું સન્માન કરી આશીર્વાદ આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી.

શું કહો છો આ તમે ?

હા, તેઓ કોઈ કોઈ સમયે સત્યને દબાવી રાખતા.

તમે શું કહો છો એનું તમને ભાન છે? જગન્નાથ ત્રિવેદી ઉકળી ઉઠ્યા.

હા, હું ભાનમાં જ બોલું છું. તમે ભાનમાં સાંભળો છો ને ?

જુઓ, મહારાજશ્રી માટે એલ ફેલ બોલશો તે સાંખી નહિ લેવાય. તમારી પાસે કોઈ સબળ પુરાવો હોય તો આપો.

એવા પુરા તો અવારનવાર મળી આવે. એનો કોઈ રેકોર્ડ હોય નહિ. મોં પર ગંભીરતા રાખીને દિનમણી બોલ્યા.

વિશ્વનાથ ! આ દિનમણીનો દિ' ઊઠ્યો છે. સમજાવો જરાક. અમે વિશ્વનાથને કહ્યું કારણ કે દિનમણી સાથે એ જ એક બાથ ભીડે તેવો હતો.

દિનમણી ખરું કહે છે. એમાં તમે આટલા ઊંચાનીચા શેના થાઓ છો ?

તમે પણ એની લાઈનમાં બેઠા ?

સાચી વસ્તુ તો સ્વીકારવી જ પડે ને! દિનમણી, આમને દ્રષ્ટાંત સહ સમજાવો. એ સિવાય ઘેડ્ય નહિ બેસે.

મહારાજશ્રી અને એમના પિતાશ્રી બંનેના દાખલા આપું, જો એમને ગળે ઉતરતું હોય તો. દિનમણીએ કહ્યું.

એક હરિભક્તે ન્યુકોટન મીલમાં વીવીંગ ફેકટરી શરૂ કરી. ફેકટરીમાં પધારવા માટે દેવેન્દ્રપ્રસાદજી મહારાજને આમંત્રણ આપ્યું. મહારાજશ્રીએ આમંત્રણ સ્વીકાર્યું. બીજે જ દિવસે લાલજીશ્રી તેજેન્દ્રપ્રસાદજીને લઈને ગયા. પધરામણી મેડા ઉપર રાખી હતી. એ જાણીને આચાર્ય મહારાજે કહ્યું - મને પગે ગુમડું થયું છે. ચાલી શકાતું નથી. સીડીના પગથિયાં ચડતાં બહુ તકલીફ પડશે. આ લાલજી મહારાજને ઉપર લઈ જાઓ.

બાપજી, ગઈ કાલે આપ બોલ્યા હોત તો તકલીફ ન આપત. કષ્ટિ આપ્યા બદલ માફ કરો. દયાળુ !

હવે સાંભળજો મહારાજે શું જવાબ આપ્યો. **મહારાજે કહ્યું કે હરિભક્તોને નારાજ કરતાં અમને દુઃખ થાય છે એટલે અમેં ન કહ્યું:**

હરિભક્તો માટે કેટલી મમતા હતી એમના દિલમાં !

આવી આવી કેટલીયે પ્રેરણાના પિયુષ પાઈ પાઈને પિતાએ પુત્રને ઉછેર્યો છે. પુત્રે પણ એ પ્રેરણા અંતઃકરણથી ઝીલી છે. એનું સમર્થન તેજ-વાણી જ આપશે. પોતાના રજત જયંતી, સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે તેઓએ કહ્યું હતું કે - **"સત્સંગી માત્રને અમે દિવ્ય દ્રષ્ટિથી જોઈએ છીએ. અમારા દાદા ભગવાન શ્રીહરિ કહેતા કે હું મારા ભક્તોની માળા ફેરવું છું. તેમ આ હરિભક્તો તો અમારું જીવન છે."**

હવે સાંભળો દીકરાની વાત. કોઈ પ્રસંગે તેજેન્દ્રપ્રસાદજી મહારાજ મૂળી દેશમાં રામપુરા ગામે ગયા હતા. ગામમાં એક જ દિવસે સાતસો ઘેર પધરામણીએ જવાનું હતું. કારણ કે બીજે દિવસે લીમલી જવાનો કાર્યક્રમ હતો. બધાએ પોતપોતાને ઘેર તૈયારી કરી રાખી હતી. તે દિવસે મહારાજશ્રીની તબિયત અસ્વસ્થ હતી. શરીરમાં સખત તાવ હતો. છતાં તેનો ઊલ્લેખ કર્યા વિના, જાણે કંઈ છે જ નહિ એમ માનીને બધાને ઘેર પાવન પગલાં પાડ્યા હતા અને તે પછી પણ આરામ કર્યા વિના બીજે દિવસે લીમલી પધાર્યા હતા.

તેજેન્દ્રપ્રસાદજી મહારાજ તો કરૂણાના ધોધ થઈને વરસ્યા છે. સંતોએ, હરિભક્તોએ આશ્રિતોએ નિજ નિજની શક્તિ પ્રમાણે એ ધોધને ઝીલ્યા છે.

ટોરન્ટો કેનેડા ખાતે શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પધરામણી

શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા અ.સૌ. પૂ. ગાદીવાળા સંતમંડળ સહિત ટોરન્ટો કેનેડા ખાતે, ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૪ થી ૨૩ સપ્ટેમ્બર ૨૦૦૪ એમ પાંચ દિવસો દરમ્યાન સૌ પ્રથમવાર પધાર્યા.

પૂજ્ય કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે - લાગલગાટ બે વરસ દરમ્યાન અત્રે કેનેડા ખાતે સત્સંગ પ્રચાર-પ્રસાર માટે પધરામણી કરેલી. જેનાં ફળ સ્વરૂપે અહીં સત્સંગનો સુંદર વિકાસ થયો છે.

ધર્મવંશના આચાર્યશ્રીની આ પ્રથમ મુલાકાત હતી. તા. ૧૯ સપ્ટે. ૨૦૦૪ને રવિવારના દિવસે અત્રેના વિશાળ સનાતન મંદિરમાં એક ધર્મ-સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સભામાં સુંદર કીર્તનો, સતંની વાણી તથા પૂ. આચાર્ય મહારાજશ્રીનાં આશીર્વચનના શ્રવણથી હાજર રહેલાં સૌ કોઈ મંત્રમુગ્ધ બની ગયા.

કેનેડામાં ભલે અમેરિકાની જેમ અતિ પ્રવૃત્તિમય અને ધમાલિયું કલ્ચર નથી. પરંતુ અહીંના સર્વે સત્સંગીઓ જો કે હમણાં જ આવ્યા છે. છતાં સત્સંગ અને ધર્મકુળ પરત્વે એમની નિષ્ઠા અને આદર મીશાલે કાબિલ છે. પૂ. આચાર્યશ્રી તથા પૂ. ગાદીવાળા એમની સત્સંગ નિષ્ઠા જોઈને અત્યંત પ્રભાવિત બન્યા હતા.

વહેલી સવારથી તે મોડી રાત્રી સુધી પધરામણીઓનો દોર ચાલુ રહેતો. પૂ. મહારાજશ્રી પણ મુમુક્ષુ જીવને સાચો સમાસ થાય એ જ એક હેતુસર બધાયને ત્યાં પધરામણી કરતા. પૂ. મહારાજશ્રીના અત્યંત પ્રભાવશાળી અને સવિશેષ વ્યક્તિત્વથી યજમાન અભિભૂત થઈ જતા અને સત્સંગ ના હોય તો પણ પૂ. મહારાજશ્રી થકી કંઠી ધારણ કરીને સત્સંગમાં વિધિસર પ્રવેશ પામ્યા ! પૂ. આચાર્ય મહારાજશ્રીએ ભાઈઓમાં તથા પૂ. ગાદીવાળાએ બહેનોમાં ગુરુમંત્ર સીંચી, સત્સંગ-વાટિકામાં નવા નવા વૃક્ષોનું આરોપણ કર્યું !

અહીંનો 'સ્કારબોરો' વિસ્તારતો જાણે આપણા સત્સંગનું જ એક નાનું ગામ હોય એમ ઢગલાબંધ હરિભક્તો વસે છે. તમામ હરિભક્તોને દર્શન સુખ આપવા સ્વયં સામે ચાલીને પૂ. મહારાજશ્રી, પ્રત્યેકનાં નિવાસ સ્થાને પધાર્યા હતા.

વિદેશમાં- પોતાની ભોમકાથી હજારો માઈલ દૂર તથા આપ્તજનો અને ભાઈ-ભાંડુઓથી વિખૂટા રહીને વસવાટ કરવો એ અત્યંત કઠિન તો છે જ. પરંતુ અંતરમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન તથા શ્રી નરનારાયણદેવની ગાદી તથા ધર્મવંશના આચાર્યશ્રી પ્રત્યેની દૃઢ નિષ્ઠા અને આશ્રય જ સૌ ને તરોતાજા રાખે છે.

સત્સંગના મોભી અને શ્રીહરિના છઠ્ઠા વંશજ એવા પૂ. આચાર્ય મહારાજશ્રીની પધરામણીથી સૌના અંતર નવપલ્લવિત બની ગયા.

પૂ. મહારાજશ્રીની સાથે સૌ હરિભક્તોએ અત્રે ટોરન્ટોમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વહેલામાં વહેલી તકે નિર્માણ પામે એવો સંકલ્પ કર્યો.

કેનેડામાં ટોરન્ટોમાં વસવાટ કરતાં અને મન-કર્મ વચનથી બધા જ પ્રકારની સેવા માટે સદાય તત્પર એવાં હરિભક્તો પૈકી શ્રી રમેશભાઈ પટેલ, શ્રી દશરથભાઈ, શ્રી શશીકાન્તભાઈ, શ્રી દિનેશભાઈ, શ્રી વિપુલભાઈ આદિક મુખ્ય હતા. તદુપરાંત કિશોર અને યુવાન સત્સંગી મિત્રોએ પણ આ ધર્મયાત્રા સર્વ પ્રકારે સાંગોપાંગ સફળ નિવડે તે માટે ઘણી જહેમત ઉઠાવેલી.

અત્રે પધારેલ સંતવૃંદમાં પૂ. પૂર્ણપ્રકાશ સ્વામી તથા પૂ. હરિકૃષ્ણદાસજી સ્વામી અને શ્રી સંદિપભાઈ ચોકસી સાથે હતા. ન્યુજર્સી અને ડેટ્રોઈટથી પણ હરિભક્તો પૂ. મહારાજશ્રી સાથે આ ધર્મયાત્રામાં સહપ્રવાસી હતા.

પૂ. મહારાજશ્રી જ્યારે પંચદિવસીય ધર્મયાત્રા પૂર્ણ કરીને ભારત આવવા પધાર્યા ત્યારે, આ બધા જ હરિભક્તોની આંખો સજળ બની. આંખોના ખૂણાઓમાં ચમકતાં એ બિંદુઓમાં અરસપરસની ઓળખાણ અને અંતરમાં જીવ જેવો સત્સંગનો ઉજાસ-મોતીડાં બનીને ઉપસી આવ્યો.

(અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા)

મહિમા આચાર્યપદનો

(પાના નં. ૧૦નું ચાલુ)

માફી માગતા ગયા અને બોલતા ગયા.


"ભક્ત તમે સાચા સાચા સ્વામી,
અમે જઈએ છીએ હાર પામી."

જમના હાથથી પાપી જીવને છોડાવ્યો એ ભક્તો કેવા હશે વિચારજો ! આટલી શક્તિ આવી કોના પ્રતાપે !

સ્વામિનારાયણ ભગવાનના આશરાનું દૃઢ બળ અને પ્રભુએ નક્કી કરેલું બંધારણ દેવ, આચાર્ય, સંત, શાસ્ત્ર પ્રત્યે દૃઢ વિશ્વાસ હોય તેનામાં જ આવી શક્તિ આવે છે.

તેનું પોતાનું શ્રેયતો સહેજે થાય છે. પરંતુ બીજાનું શ્રેય કરવા એ શક્તિમાન બને છે.

શ્રી નરનારાયણદેવ પીઠના સપ્તમ આચાર્યનો ગાદી અભિષેક



સર્વોપરિ શ્રી નરનારાયણ દેવનાજ ૭માં વંશજ ચરણમાં શીશ નમાવી આપણા સૌનું કલ્યાણ વાંચ્છી રહ્યાં છે.

- કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી (અમદાવાદ મંદિર)

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમપૂજ્યપાદ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ વિ.સ. ૨૦૨૫ આસો સુદ-૨ થી આજ દિન પર્યન્ત સંપ્રદાયની ઉત્કૃષ્ટ સેવા અને ઉમદા વહીવટ કરીને લક્ષાંવિધિ સંત-હરિભક્તો એવં મુમુક્ષુઓને રાજી કર્યા.

પ.પૂ. મહારાજશ્રીએ સતત ૩૨ વર્ષ સુધી સ્વયં ધ્યાન આપીને સુંદર સંસ્કાર સાથે તૈયાર કરેલા પોતાના યુવાન પુત્ર રત્ન પ.પૂ. ૧૦૮ શ્રી લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પોતાનું આચાર્યપદ સોંપી દેવાનો ત્યાગની પરાકાષ્ટારૂપ સંકલ્પ કર્યો.

અમદાવાદ મંદિરના પૂ. મહંત સ્વામી તથા આગેવાન સંતોને વાત કરી ટુંક સમયમાં જ કર્ણોપકર્ણો આ વાત સાંભળતા જ અનંત હરિભક્તો દિવ્ય મુહૂર્તની રાહ જોવા લાગ્યા !

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી દેવેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના અક્ષરનિવાસ બાદ જે શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ગાદી અભિષેક થયો તેજ શુભદિન આસો સુદ-૨નું મૂહુર્ત નક્કી કરવામાં આવ્યું.

પત્રિકા વિનાજ કર્ણોપકર્ણોની




ઉત્તર દક્ષિણ દેશના નિવૃત અને વર્તમાન પીઠાધિપતિ શ્રી નરનારાયણદેવના ૭માં પીઠાધિપદે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને પદારુઢ કર્યા બાદ આરતી ઉતારતા.

જાણથી અમેરિકા, લંડન, ઓસ્ટ્રેલિયા આદિ ખંડોમાં રહેતા NRI ભક્તો અમદાવાદ પ્રત્યે પહોંચવા લાગ્યા.

આસો સુદ-૨ના શુભ દિને અમદાવાદ દેશ, મૂળી દેશ, કચ્છ ભુજ દેશમાં વસતા શ્રીનરનારાયણદેવના સંતો ઉપરાંત, વડતાલ દેશ, ગઢપુરદેશ, જુનાગઢ દેશ તથા ધોલેરા દેશના તમામ સંતોને ફોનથી જાણ કરી એટલે દેશો દેશથી ૪૦૦ ઉપરાંત સંતો પધાર્યા. શ્રી સ્વામિનારાયણ ભગવાનનો કેશરિયો રંગ અમદાવાદ મંદિરમાં છવાઈ ગયો ! અનંત હરિભક્તો પધાર્યા ! મંદિરમાં તમામ જગ્યાઓએ ભગવાનના ભક્તોના જ દર્શન થતા હતા !

મંગલ પ્રભાતે પરમકૃપાળુ ઐશ્વર્યમૂર્તિ મહાપ્રતાપી શ્રી નરનારાયણદેવને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પ.પૂ. બાળ લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે પવિત્ર કેશર જળથી મહાઅભિષેક વેદના મંત્રોચ્ચાર પૂર્વક કરવામાં આવ્યો. જેના દર્શન કરી અનંત સંત-ભક્તો અતિ આનંદ પામ્યા. અભિષેક બાદ ભગવાનને સુંદર શણગાર ધરાવીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને આ ધન્ય અવસરે પધારેલા વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠ સ્થાનના પ.પૂ.ધ.ધુ. આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી



ગાદી પદારોહણ પ્રસંગની ઐતિહાસિક-અલૌકિક પળોને માણવા બન્ને દેશના સંતોએ તેમના અન્ય પ્રસંગોને ગૌણ કરી દીધા હતા.

મહારાજશ્રી આ બંને પીઠાધિશ્વરનાં વરદ્ હસ્તે શણગાર આરતી ઉતારવામાં આવી. ત્યારબાદ વિવિધ પ્રકારની અલૌકિક અનંત વાનગીઓના થાળ ભગવાનને ધરાવીને પ્રભુને પ્રસન્ન કર્યા.

શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં પ્રસાદીના પવિત્ર સભામંડપમાં જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાન સંતોને પંક્તિમાં પીરસતા થકા વારંવાર બિરાજતા અને પ.પૂ. આદ્યાચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રી જે પ્રસાદીની ગાદી પર બિરાજતા તેજ સુવર્ણ મઢિત ગાદીની પાટ અને માનવંતા મહેમાન પ.પૂ. આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજને બિરાજવાની સુંદર પાટને વ્યવસ્થિત સ્ટેઈજ પર શણગાર-સુશોભનથી સજાવવામાં આવી તથા સભામંડપને વિવિધ રંગોની જુદી જુદી ડિઝાઈનની કિંમતી પ્રસાદીની સાડીઓ અને રંગબેરંગી પતાકાથી શણગારવામાં આવેલ હતો. સભામંડપમાં સંતો અને અનંત હરિભક્તો પોતપોતાના સ્થાને વ્યવસ્થિત બેસીને એકરૂપતાના સૌને દર્શન કરાવતા હતા.

પ્રસાદીના ચોકમાં જ્યાં શ્રી સ્વામિનારાયણ ભગવાને ઘણી વખત સભા કરીને જ્ઞાનવાર્તા કરી છે તથા રંગોત્સવ કરીને સખાઓને આનંદ ઉપજાવ્યો છે તે પ્રસાદીની ભૂમિ પર સુંદર યજ્ઞશાળા તૈયાર કરવામાં આવી. જ્યાં યજ્ઞનારાયણ સમક્ષ ચારે વેદના પવિત્ર બ્રહ્મદેવોના મંત્રોચ્ચાર સાથે પ.પૂ. લાલજી મહારાજશ્રીએ પવિત્ર યજ્ઞનારાયણને આહુતિ આપીને પ્રસન્ન કર્યા.

ત્યારબાદ સંપ્રદાયના ભાવિ આચાર્યશ્રી અને બન્ને દેશના પીઠાધિશ્વરના છત્ર, છડી, ચામર ધારી સેવકો તથા મુખ્ય આગેવાન સંતો સાથે દિવ્ય સભામાં પધાર્યા.

સભાના સંચાલક અમદાવાદ મંદિરના વિદ્વાન મહંત સ્વામી માઈકોફોન સંભાળ્યું.

પૂ. મહંત સ્વામીએ ધર્મવંશી આચાર્ય પરંપરાનું અદ્‌ભૂત વર્ણન કરીને સૌને આશ્ચર્યમુગ્ધ કર્યા હતા ! ત્યારબાદ પૂ. પી.પી. સ્વામી તથા ભૂજ મંદિરના ઉપમહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા વડતાલ મંદિરના મુખ્ય કોઠારી શ્રી ધર્મપ્રિયદાસજી બાપુ સ્વામીએ આ ધન્ય પ્રસંગે પોતાની શુભ ભાવના વ્યક્ત કરીને આચાર્યપદની પરંપરા અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ઉપ વર્ષની સેવાને બિરદાવી હતી.

ત્યારબાદ વિદ્વાન વિપ્રો નડીયાદના બ્રહ્મર્ષિ વિદ્યાલયના સ્થાપક મહાભાગ વિદ્વાન શ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીજી તથા તેમના સ્નેહી ચાર વેદના નિષ્ણાંત વિદ્વાન વિપ્રો ઉપરાંત અમદાવાદ મંદિરના પ્રધાન પંડિત વાચસ્પતિ મિશ્ર તથા મંદિરના પુરોહિત કમલેશભાઈ પુરોહિતે પ.પૂ. લાલજી મહારાજને વેદના મંત્રોચ્ચાર પૂર્વક સ્વસ્તિવાચન કરી શુભાશિષ પાઠવ્યા. ત્યારબાદ




ભુજ મંદિરના પુરાણી સ્વામી પ્રેમ પ્રકાશ દાસજી અને કોઠારી જાદવજી ભગત પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શન કરતા.

વડતાલ દેશ પિઠાધિશ્વર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી મહારાજે શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આચાર્યની ઉત્કૃષ્ટ પરંપરાને તથા પોતાના સ્નેહી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની સેવાને સંપ્રદાયનું ગૌરવ ગણાવીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને શુભેચ્છા પાઠવી હતી.

અંતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ ખૂબજ અલૌકિક પોતાના આર્શીપ્રવચનામાં ૬૦ વર્ષની જીવન યાત્રા અને પીઠાધિત્વના ૩૫ વર્ષની ધન્ય ક્ષણોને યાદ કરી સૌને ભાવવિભોર બનાવી દીધા હતા અને પ.પૂ. લાલજી મહારાજશ્રીને તથા સમસ્ત સભાને શુભશીર્વાદ પાઠવીને અત્યંત હળવા ફુલ જેવા બનીને અદ્‌ભુત હાસ્ય વેરતા રહ્યા. ત્યાર બાદ આવી ઐતિહાસિક આનંદની ધન્ય ઘડી ! ઈતિહાસ જે ધન્ય ઘડી કાંઈક અદ્‌ભુત ઘડી રચવાની હતી.

પૂ. મહંત સ્વામીએ સભા સંચાલનનો દોર થોડીવાર અટકાવ્યો ! બરાબર ૧૧-૦૫ કલાકે શુભ મૂહુર્તમાં ઋગવેદ, સામવેદ અને અર્થવેદના પવિત્ર વિદ્વાન બ્રહ્મદેવો વેદની ઋચાઓનું ગાન કરવા લાગ્યા મધુર મીઠા ધીમા ધીમા સંગીતની સુરાવલી આકાશી દેવતાઓની જાણે સંભળાતી હતી ! પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સ્વસ્થાનથી ઉતરીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને પોતાના સ્થાને બેસાડ્યા. હૃદયના અનેરા ભાવથી વિશાળ ભાલમાં કુમ-કુમ તિલક કર્યું. અતિ કિંમતી નંગ જડિત સુવર્ણનો હાર પ.પૂ. લાલજી મહારાજશ્રીને પહેરાવ્યો ! બાળ લાલજી મહારાજને પણ સુંદર મોતીની માળા પહેરાવી. પોતાના અંગ પરથી સુંદર ખેસ પ.પૂ. લાલજી મહારાજશ્રીને ધારણ કરાવ્યો. અને તુરંત અનંત આંખો જ્યાં મીટ માંડી રહી હતી તે **"આચાર્ય પદ"ની શ્રી નરનારાયણદેવની ગૌરવ ગરિમા અદ્‌ભૂત શોભારૂપ લાલ પાઘ પોતાના મસ્તકેથી ઉતારીને પ.પૂ. લાલજી મહારાજશ્રીને મસ્તકે ધારણ કરાવીને સંપ્રદાયના સાતમાં આચાર્યપદે ઉદ્‌ઘોષિત કર્યા.** વેદના મંત્રોચ્ચાર સાથે વડતાલ પીઠાધિશ્વરે પણ નવા નિયુક્ત આચાર્યશ્રીને સુવર્ણની ચેઈન તથા પ્રસાદીનો હાર પહેરાવીને પૂજન કર્યું. ત્યારબાદ પ.પૂ. નિવૃત આચાર્ય મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ તથા શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીએ સાથે રહીને સુંદર જ્યોતથી ઝળહળતી આરતી સાથે મળીને ઉતારી ત્યારે હજારો સંત હરિભક્તોની આંખોમાંથી હર્ષના આંસુ ખરી પડ્યા ! આ દિવ્ય આરતી બાદ પૂ. મહંત સ્વામીએ શ્રી નરનારાયણદેવના સપ્તમ આચાર્ય મહારાજશ્રીનો જયજયકાર નાદ બોલાવ્યો. ત્યારબાદ પ.પૂ. આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે પ્રથમ ઐતિહાસિક આર્શીપ્રવચનમાં સર્વોપરિ શ્રી નરનારાયણદેવ તથા પોતાના પૂજ્ય



અમદાવાદ મંદિરના વયોવૃધ્ધ સંત પૂ. ગવૈયા સ્વામી સતત પાંચ પેઢીના ધર્મવંશી આચાર્યશ્રીના દર્શન કરતા આવ્યા છે. તેઓ ૭માં પીઠાધિશ્વરના દર્શન કરીને પોતાને મળેલી ધન્ય ક્ષણને માણી રહ્યાં છે.

પિતાશ્રીના શુભાશીર્વાદ અને સૌ સંત-હરિભક્તોના પ્રેમ સહકારની અભિલાષા વ્યક્ત કરી હતી.

સૌ પ્રથમ અમદાવાદ, ભૂજ અને મૂળીના વડીલ સંતોએ પુષ્પમાળા પહેરાવી શુભભાવના સાથે આરતી ઉતારી પૂજન કર્યું અને પૂ. મહંત સ્વામી તથા સ્નેહી સંતોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને શ્રીહરિના પ્રસાદીના ચરણારવિંદ ભેટ આપ્યા. ત્યારબાદ વડતાલ, જૂનાગઢ, ગઢપુર, ધોલેરા દેશના સંતોએ પુષ્પમાળા પહેરાવીને તથા આરતી ઉતારીને પૂજન કર્યું હતું. ત્યાર પછી તમામ સંતોએ પુષ્પમાળા પહેરાવીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને વધાવ્યા હતા. અમદાવાદ મંદિર સ્કીમ કમિટીના સભ્યશ્રીઓએ તથા NRI ભક્તોએ પુષ્પહાર પહેરાવીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આરતી ઉતારીને દિવ્ય લાભ પ્રાપ્ત કર્યો હતો.

ત્યારબાદ હજારો ભક્તોએ પુષ્પમાળા પહેરાવીને ચરણ સ્પર્શનો દિવ્ય લાભ લીધો હતો. નિવૃત્ત આચાર્ય પ.પૂ. બાપુજીએ ૧૦૦૮ ફટાકડા ફોડીને આનંદ ઉપજાવ્યો હતો. તથા સૌ ભક્તોને ખોબે-ખોબે સાકર વહેંચવામાં આવી હતી !

ઉત્સવની વ્યવસ્થામાં પૂ. પી.પી. સ્વામીએ સુંદર માર્ગદર્શન પુરુ પાડ્યું હતું. રસોડાની વ્યવસ્થામાં કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજી તથા પૂ. કૃષ્ણવલ્લભદાસજી સ્વામીએ સુંદર વ્યવસ્થા કરી હતી. સૌ સંતોને પંક્તિમાં શુધ્ધ ઘીની સુંદર ધારી, સુગંધીદાર મૈસુબ, સાટા અને મોહનથાળ અને સુંદર શાક, પાક, વ્યંજન જમાડીને રાજી કર્યા હતા. તથા તમામ સંતોને કિંમતી ધોતી વસ્ત્ર ભેટ આપવામાં આવ્યા હતા. હજારો ભક્તને પણ એજ પવિત્ર ભોજન પીરસવામાં આવ્યા હતા.

મહોત્સવની વ્યવસ્થામાં પૂ. મહંત સ્વામીની આજ્ઞા મુજબ કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસજી, કોઠારી સ્વામી સત્યપ્રકાશદાસજી, કોઠારી સ્વામી આનંદપ્રસાદ, કાંકરીયા મહંત ગુરુપ્રસાદદાસજી સ્વામી, બદ્રિનાથ મહંત ગોલોકવિહારી સ્વામી, રાજેન્દ્રપ્રસાદ સ્વામી, પૂ. સૂર્યપ્રકાશ સ્વામી, પૂ. ઉત્તમપ્રિયદાસજી સ્વામી, ભંડારી ધર્મપ્રકાશ સ્વામી, મુક્તજીવન સ્વામી, સિધ્ધેશ્વર સ્વામી, જયવલ્લભદાસજી વગેરે મંદિરના નાના મોટા સંતોએ તથા કોઠાર સ્ટાફે શ્રધ્ધા ભક્તિથી ખડે પગે સેવા બજાવી હતી. શ્રી નરનારાયણદેવ યુવક મંડળે દર્શન વ્યવસ્થા, ટ્રાફિક વ્યવસ્થા, સભા વ્યવસ્થા ભોજન વ્યવસ્થા અને સુશોભન વ્યવસ્થા સુંદર રીતે સંભાળીને પોતાના અધ્યક્ષ અને નવા નિયુક્ત આચાર્ય મહારાજશ્રી પ્રત્યે નિર્દોષ સેવા ભાવના વ્યક્ત કરી હતી. ખરેખર ! અનંતના જીવનનો અમૂલ્ય મહોત્સવના જે સાક્ષી છે તે મુમુક્ષુ ભક્તો આ મહોત્સવને જીવનનું સંભારણું બનાવી રાખશે.

મહાપુરુષોના મુખની અમૃતવાણી

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી–બાપુનગર)

સર્વાવતારી શ્રીહરિના છઠ્ઠા વંશજ પ.પૂ. નિવૃત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનેથી અવિરત ૩૫ વર્ષ સુધી સત્સંગની સેવા કર્યા બાદ, જ્યારે તેઓશ્રીએ સ્વતંત્રપણે નિર્ણય લઈને સ્વામિનારાયણ ભગવાનના સાતમાં વંશજ અને પોતાના સુપુત્ર પ.પૂ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને ઉત્તર વિભાગની સત્સંગની ગાદી પર નિયુક્ત કર્યા, એ સમયે ધર્મકુળના મોટા પુરુષો ભારત દેશના સન્માનીય મહાનુભાવો પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિઓ અને શિક્ષણ વિદો તથા ગુજરાતની જનતાના પ્રતિનિધિ મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રમોદીના મુખેથી ઉચ્ચારાયેલી વાણી માણવા જેવી હોય અત્રે પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ કરુ છું.

તા. ૧૫-૧૦-૨૦૦૪ **પ.પૂ. લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ** અધમ ઉધ્ધારણ અવિનાશી તારા બિરુદની બલિહારી રે..... એ કીર્તન બોલીને સર્વે ભક્તજનોને આનંદના સાગરમાં ગરકાવ કર્યા હતા.

વડતાલ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી રાકેશપ્રકાશપ્રસાદજી મહારાજશ્રી : શ્રીજી મહારાજે વચનામૃતમાં કહ્યું છે કે સત્સંગની વૃદ્ધિ થવી અમારા હાથમાં છે. આપણે તો મહારાજના દાસ છીએ. દેશ વિદેશમાં સત્સંગ વૃદ્ધિ પામી રહ્યો છે. પહેલા નંદસંતોએ અને ત્યાર પછી પરંપરાના સંતોએ નાના મોટા મંદિરો કરાવી આપ્યા. હરિભક્તો તેમાં સહભાગી છે. મહારાજે ધર્મવંશી આચાર્યપદનું સ્થાપન કર્યું. તેથી સંપ્રદાયને નવા નવા આચાર્ય મળતા રહે છે. **તેમાં પણ તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની તો શું વાત કરીએ!!! તેઓશ્રીએ અત્યંત દાખડો કરીને**



દેશ વિદેશમાં સંપ્રદાયને ગૌરવ અપાવ્યું છે. આપણે તેના સાક્ષી છીએ. આચાર્યપદની પોતાની સફળતા તથા સિદ્ધિની ટોચ પર હતા ત્યારે તેઓશ્રીએ સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી! ખરેખર મઝા તેની હોય છે !!! તેઓની સમજણ શિક્ષણ અને પરંપરા લાલજી મહારાજશ્રીમાં આવી છે. અમદાવાદ ગાદી ભાગ્યશાળી છે કે તેમને આવા યુવાન, ઉત્સાહી અને તેજસ્વી આચાર્ય મહારાજશ્રી મળી રહ્યા છે. તેઓશ્રી વર્ષોથી લાલજી મહારાજ તરીકે સત્સંગની સેવા કરતા આવ્યા છે. નરનારાયણદેવ, લક્ષ્મીનારાયણ, હરિકૃષ્ણ મહારાજ તેઓને ખૂબ યશ અપાવે, તેઓ દ્વારા સત્સંગમાં ખૂબ સારા કાર્યો થાય એવી પ્રાર્થના. ગયા વર્ષે અમે આવ્યા ત્યારે એવો ઠરાવ નક્કી કર્યો કે નરનારાયણદેવના પાટોત્સવમાં અમારે ત્યાંથી અહીં આવવું અને લક્ષ્મીનારાયણદેવના પાટોત્સવમાં અહીંના મહારાજશ્રી ત્યાં પધારે એટલે વર્ષમાં બે વાર આ રીતે ભેગા થવાનો ઠરાવ થયો. પરંતુ હરિભક્તોની ભાવના તથા **શ્રીજી મહારાજના પ્રતાપે બન્ને દેશના આચાર્ય ટૂંકા ગાળામાં પાંચમી વાર મળી રહ્યાં છીએ. ભાવના સર્વોપરી છે.** સૌના ઉપર શ્રીજી મહારાજ ખૂબ રાજી રહે. અમારા કુળદેવ કષ્ટભંજન દેવ હનુમાનજીની નવ નિયુક્ત આચાર્ય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ પર હર હંમેશ અમીદ્રષ્ટિ રહે. આધિ, વ્યાધિ, ઉપાધિથી રક્ષા કરે. ગોપાળાનંદ સ્વામી કે જેમને મહારાજે બન્ને આદિ આચાર્યોના કાંડા સોંપેલા. મુક્તાનંદ સ્વામી કે જેઓ સત્સંગની મા છે તથા નંદ સંતો મહારાજની સાથે હરહમેશ પ્રેરણા આપતા રહે. આ પ્રસંગે અત્રેથી નવા આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને વિનંતી કરીએ છીએ કે લક્ષ્મીનારાયણ દેવના પાટોત્સવમાં પધારશો. ખૂબ આનંદ થશે. શ્રીહરિ ખૂબ યશસ્વી બનાવે તેવી પ્રાર્થના કરી વિરમું છું. સહજાનંદ સ્વામી મહારાજની જય !

પ.પૂ.ધ.ધુ. નિવૃત આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી : એ મંગળ અવસર, ઘડી જેની અમે ઘણા સમયથી પ્રતિક્ષા કરી રહ્યાં હતા. એક વાત યાદ આવે છે. જ્યારે અમારી ઉંમર લગભગ ૨૨ વર્ષની થયેલી. પિતાશ્રી અતિ આગ્રહ પૂર્વક અમને આ પદ પર પદારૂઢ કરવા માંગતા હતા. જીવનમાં તેઓની અમે તમામ આજ્ઞા માની. એક જ આજ્ઞા ન માની. થયું કે કાર્યભાર સંભાળવા હજુ ઘણો સમય બાકી છે. પિતાશ્રીએ કહ્યું કે નહીં માનો તો આંસુ સારતા સંભાળવું પડશે. નહીં તો અમે છીએ ત્યાં સુધીમાં હસતા મુખે સંભાળો, અમે ન માન્યું. પછી પસ્તાયા. એ વસવસો અમને ન થાય એ માટે આ અવસર નક્કી કર્યો. **શ્રીજી મહારાજે અમારા માટે જે દિવસ નક્કી કર્યો એ જ દિવસ અમે લાલજી મહારાજ માટે નક્કી કર્યો. આ પદ કોઇ વ્યક્તિ નહીં, પરંતુ સંપ્રદાયનું સર્વોચ્ચ પદ છે. તેની ગરિમા અને મહિમા માટે છે.** અમે જ્યારે આ પદ પર આવ્યા ત્યારે વૈષ્ણવાચાર્ય શ્રી વ્રજરાયજી મહારાજ મારા નિવાસ સ્થાને મળવા આવેલા. જાહેરમાં તો આ પદનું સન્માન રાખી મને સંબોધન કરતા, પરંતુ મારા નિવાસસ્થાને પ્રેમ સંબંધથી મને તેઓએ કહેલું કે, અહીં આવ ! તને એક વાત કહું !! જો સફળ આચાર્ય બનવું હોય તો જેટલી શ્રધ્ધા ઈષ્ટદેવમાં રાખીશ એટલું આગળ તારુ તેજ વધશે. અમે એ વાત ગુરુમંત્ર તરીકે અપનાવેલ. અમે લાલજી મહારાજને પણ એ જ શબ્દો કહીએ છીએ. ગાદી અભિષેકના દિવસે એમને ડાબે હાથે હરિભક્તો છે. જમણા હાથે સંતો છે. તથા સન્મુખ નરનારાયણદેવ બિરાજે છે. અમને શ્રધ્ધા અને વિશ્વાસ છે કે તેઓ સદાય તેમની સાથે રહેશે. આપ સૌ સામુહિક રીતે અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપશો. અમને યાદ નથી કે અમે ક્યારેય કોઈને કડવું વચન બોલ્યા હોઈએ અને કદાચ કહ્યું હોય તો દેવનું કે સંસ્થાનું અહિત થતું હોય ત્યારે જ કહેવું પડ્યું હોય પણ તે ભૂલી જજો. આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહેલા સૌ સંતો અને હરિભક્તોને ખૂબ ધન્યવાદ. ખાસ કરીને વિદેશથી ૨૦૦-૩૦૦



જેટલા હરિભક્તો ખૂબ ટૂંકા સમયમાં આ પ્રસંગે હાજરી આપવા પહોંચી ગયા એ સૌને ખૂબ ખૂબ ધન્યવાદ !

નિવૃતિકાળ દરમિયાન મ્યુઝીયમનું નિર્માણ કરવા માટે સમય પસાર કરવાના છીએ. સૌ જાણો છે તેમ **મહારાજની પ્રસાદીની વસ્તુઓ જેઓની પાસે હોય અને એ મ્યુઝીયમ માટે આપવા ઈચ્છતા હોય તો પ્રેમથી સ્વીકારીશું. કોઇ મ્યુઝીયમ નિર્માણ માટે અનુદાન આપવા ઈચ્છા ધરાવતા હોય તો પણ સ્વીકારીશું અને છેવટે આ સારા કામ માટેની સદ્‌ભાવના પણ સ્વીકારીશું. સૌએ આપેલા પ્રેમ બદલ ધન્યવાદ સાથે વિરમું છું.**

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી: નરનારાયણદેવનો રાજીપો હરહંમેશ રહે એ જ લક્ષ છે. મહારાજની ઉપાસના, નિષ્ઠા, પક્ષ વગેરેની દ્રઢતાની જે વાત કરી છે તે હર હંમેશ દ્રઢ રહે. અમને સત્સંગના કાર્ય કરવાની શક્તિ મળે એવી સૌ પ્રાર્થના કરજો. **હંમેશ સત્સંગ માટે જીવન કાઢવાનું છે. ઘણાંને ખોટું લાગે પરંતુ જ્યાં સ્વામિનારાયણ ભગવાન અને નરનારાયણદેવની વાત આવે ત્યાં કોઈ કોમ્પ્રોમાઈઝ કરવા માંગતો નથી.** જ્યારે આ પદ મળ્યું જ છે ત્યારે તેની ગરિમા અને મહિમા જળવાય તેવા કાર્યો થાય તે માટે નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.


તા. ૨૩-૧૦-૦૪ સરદાર પટેલ સ્ટેડીયમના સ્થળે નવનિયુક્ત આચાર્ય મહારાજશ્રીના સન્માન સમારંભ પ્રસંગે :

પ.પૂ. લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી : ઘનશ્યામ મહારાજની જય ! એક વાર મહારાજ એક ગામ જતા હતા. સાથે સુરાખાચર હતા. રસ્તામાં એક ઢોંગી બાવો આંખો મીંચીને બેઠો હતો. મૌન સેવ્યું હતું. સુરાખાચરને રમૂજ કરવાનું સૂઝ્યું. મહારાજને કહે, મહારાજ ! આ બાવાને હું બોલાવડાવું. પછી સુરા ખાચરે એક મૂઠીમાં ધુળ લીધી અને બીજા હાથમાં રોકડા રૂપિયા લીધા. બાવાને કહે, મહાત્માજી મારે તમને આ રૂપિયાની ભેટ કરવી છે. પરંતુ તમારે ખીચું તો છે નહિ, માટે મોઢું ખોલો. એમ કહી સુરા બાપુએ

રોકડા રૂપિયા ખખડાવ્યા એટલે બાવાએ લલચાયને મોંઢું ખોલ્યું. જેવું મોઢું ખોલ્યું કે તુરત જ સુરાખાચરે ધૂળની ચપટી બાવાના મુખમાં મૂકી દીધી ! બાવાએ ખિજાઈને કહ્યું કે આ બધા સ્વામિનારાયણિયા આવા જ હોય છે. **પહેલા આવા ધનના લોભી ઢોંગી બાવા હતા. પરોક્ષમાં અત્યારના બાવા ઢોંગ કરીને પોતાની મૂર્તિને અજ્ઞાનીજનો પાસે પૂજાવે છે.**

પ.પૂ. નિવૃત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી : આજનો આ પ્રસંગ એ કોઈ શબ્દોમાં વ્યક્ત થઈ શકે તેમ નથી. અનુભૂતિ મેળવવાનો આ પ્રસંગે છે. એક દિવ્ય અનુભૂતિ થઈ રહી છે. આપણે કોઈની નિયુક્તિ કરવી હોય તો આપણી પસંદગી પ્રમાણે નિયુક્તિ કરીએ છીએ. **એ ન્યાયે આ પદ પર સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાની પસંદગી પ્રમાણે જ નિયુક્તિ કરે ને ! પોતે જે કોઈને આ ગાદી પર મોકલે છે તે પોતાની પસંદગી પ્રમાણે જ મોકલે છે. પોતાની હયાતીમાં આચાર્ય પદ પર કોઈની નિયુક્તિ કરવી એ અમે કંઈ નવો ચીલો નથી પાડ્યો. મહારાજે પણ પોતાની હયાતીમાં જ બે આચાર્યોને નિયુક્ત કર્યા હતા ને ! આ પદની ગરિમા આપણે જેટલી સમજીએ તેટલી ઓછી છે.**

સુવાસીનીબા ઘનશ્યામ મહારાજને સ્નાન કરાવતા ત્યારે તેમણે મહારાજના ચરણમાં સોળ ચિન્હો જોયા એટલે બોલ્યા કે, ઘનશ્યામ ! તમે ક્યાંકના રાજા થશો. ત્યારે મહારાજ કહેતા કે રાજા થઈશું તો રાજ તમને આપી દઈશું. એ ધર્મનું રાજ મહારાજે અમને આપ્યું છે. મૂળ સંપ્રદાય-અસલ સંપ્રદાયની વાત કરું તો તેમાં ક્યાંય વ્યાપારિકરણ નથી કર્યું. **આખી દુનિયામાં જ્યાં જ્યાં આશ્રિત વસે છે. ત્યાં ત્યાં તેણે મહારાજના વચનમાં વર્તીને એક આગવી "ઈમેજ" ઉભી કરી છે. એ સાચવવા માટે અમારે સતત દોડાદોડ કરવી પડે છે.** તમારામાંથી ઘણાં ને ખ્યાલ હશે, આવતી કાલે વિદ્યમાન આચાર્ય મહારાજશ્રી કેન્યા જવાના છે. ૨૦૦ વર્ષના ટૂંકા ગાળામાં આ સંપ્રદાયે કેવળ પ્રગતિ જ નહિ, પરંતુ અદ્‌ભુત



માનવ સેવા કરી છે. શ્રીજીમહારાજનો એ ઉદ્દેશ હતો. ધર્મના માધ્યમથી સમાજની સેવા જેટલી જ્યાં કરવી ઘટે તેટલી કરી છે. મહારાજ પણ દુષ્કાળમાં યજ્ઞ બંધ રાખતા અને યજ્ઞ નિમિત્તનું અન્ન દુષ્કાળ પીડિતોને આપી દેતા. સૌને ખ્યાલ હશે કે આપણા દેશ અને ચીન વચ્ચેના યુદ્ધથી લઈને અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ વગેરે આપત્તિમાં આપણા સંતો હરિભક્તોએ ગામો ગામ ફરીને લોકોને જરુરિયાતો પહોંચાડી છે. આંસુ લૂછ્યાં છે. મૂળ સંપ્રદાયે સ્કુલોનું નિર્માણ કરી આપ્યું છે. સમાજ કલ્યાણકારી પ્રવૃત્તિ કેન્દ્રમાં રાખીને આપણે ચાલીએ છીએ. શિક્ષાપત્રીમાં મનુષ્યમાત્રના કલ્યાણની વાત છે. અમદાવાદ ગાદી પર જે કોઈ આચાર્ય આવ્યા છે. તેમણે મહારાજની આજ્ઞા મુજબ સંતોને આદર થકી માન્યા છે. માનીએ છીએ અને માનતા રહીશું. નવા આચાર્યની નિયુક્તિ મહારાજની પ્રેરણાથી થાય છે. આપ સર્વે મહારાજને પ્રાર્થના કરજો. કારણ કે આ પદ બેવડી જવાબદારી વાળું છે. ધર્મ પાળવો અને પળાવવો અને વળી સત્સંગની પ્રવૃત્તિ ખૂબ થઈ છે. આપ સર્વે મહારાજશ્રીના સહયોગમાં રહીને આપનું જીવન વિતાવશો. અંતઃકરણપૂર્વકના આશીર્વાદ સાથે વિરમું છું.

ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્ર મોદી : અહીં આપ સૌની વચ્ચે આવીને ખૂબ ગૌરવ અનુભવું છું. તમારા બધાનાં પ્રભાવ ક્ષેત્રમાં હું પણ સત્સંગી કહેવાઉ, મારા ગામમાં મૂળ ગાદીનું જુનું મંદિર છે. આજથી ૫૦ વર્ષ પહેલાં ચોખ્ખા ઘીની દુકાન એવું બોર્ડ નહોતા મારતા. ઘીની દુકાન એવું વાંચીએ એટલે એ ચોખ્ખા ઘીની જ દુકાન હોય. હવે ચોખ્ખા ઘીની દુકાન એવું બોર્ડ મારવું પડે છે. તે રીતે મહારાજશ્રીને પણ મૂળ સંપ્રદાય એવું બોલવું પડે છે. ગુજરાત સ્વામિનારાયણ સંપ્રદાયનું ઋણી છે. **આ સંપ્રદાયમાં ભક્તિનો મહિમા છે. એના કરતા એના મૂળમાં સેવાનો મહિમા ઘણો ઘણો ઉજ્જવળ છે. સ્વામિનારાયણ ભગવાનના જીવનના પ્રસંગો વાંચીએ તો પ્રેરણા મળે કે ભગવાને મનુષ્યોની વચ્ચે રહીને મનુષ્યોને વ્યસન મુક્ત કર્યા છે. મનુષ્યોની જરૂરિયાતોની સંભાવના**

રાખીને સેવાની ભાવના રાખી છે. દુઃખી મનુષ્યોના દુઃખ દૂર કર્યા છે. આ સંપ્રદાયમાં સતત આધુનિકતાના દર્શન થાય છે. અભ્યાસ કરવામાં તમારા કરતાં કાચો હોઈશ, પરંતુ મારા અભ્યાસ પ્રમાણે મેં જે આ સંપ્રદાયની વિશિષ્ટતા અનુભવી છે તે મુજબ આ સંપ્રદાયમાં આજ સુધી મેં સંત કે હરિભક્ત પાસેથી ક્યારેય ચમત્કારોની વાતો નથી સાંભળી. ચમત્કારો દ્વારા આંજી દઈને કોઈને પોતાના તરફ વાળવાનો અહીં પ્રયાસ નથી. નક્કર લોકહિતની પ્રવૃત્તિ છે.

સાતત્ય છે સેવાના મેં પ્રત્યક્ષ દર્શન કર્યા છે. ધરતીકંપ વખતે કચ્છના સંતો મોટી ઉંમરે પણ લોકસેવામાં જે કષ્ટ ઉઠાવતા હતા એ મેં નજરે જોયું છે. અહીં ગીતાના કર્મના સિધ્ધાંતનું સાકારરૂપ જોવા મળે છે. સવા બસો વર્ષના એકધારા ઈતિહાસે એનું સાતત્ય છોડ્યું નથી. ૨૦-૩૦ વર્ષ કોઈ જાહેર સંસ્થા એકધારી ચલાવવી એ પણ લોઢાના ચણા ચાવવા જેવું છે. જેઓ જાહેરજીવનમાં છે તેને ખબર છે. અહીં તો આટઆટલા વર્ષોની સાતત્યપૂર્ણ વિકાસ યાત્રા જોવા મળે છે. પહેલા વિદેશના કોઈ પરિચિત વ્યક્તિ મળે તો નમસ્તે કહીને શિષ્ટાચાર કરતા, હવે આજે કોઈ વિદેશની પરિચિત વ્યક્તિ મળે તો જય સ્વામિનારાયણ કહીને શિષ્ટાચાર કરે છે.

સામાન્ય રીતે ભક્તો ભગવાનની સેવા કરતા હોય છે. અહીં તો ભક્તો તો ભગવાનની સેવા કરે જ છે. પરંતુ સાથે સાથે ભગવાન પણ ભક્તોની એટલી જ કાળજી લે છે. પૂ. મહારાજશ્રી તથા સંતો અને આગલી દશ હરોળના સત્સંગીઓ બાકીના તમામ સત્સંગીઓની કાળજી રાખતાં હોય છે. કોઈપણ સત્સંગીને ત્યાં કોઈ શુભ પ્રસંગ હોય કે કંઈ તકલીફ હોય તો સંપ્રદાયનો એક પ્રતિનિધિ ત્યાં પહોંચ્યો જ સમજો. વ્યક્તિગત કાળજીની પ્રથા વિકસી છે. સત્સંગીને ત્યાં બાળકને સારા માર્કસ આવે તો પણ કહે કે 'સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી' શ્રધ્ધામાં એક જીવંતતાનું દર્શન થાય છે. ગુજરાતને ખાતરી છે કે આ સંપ્રદાય ખૂબ ફુલશે ફાલશે અને સમાજપયોગી કાર્યો કરે છે. અને કરશે. મને અવસર મળ્યો એ બદલ ધન્યવાદ. જય સ્વામિનારાયણ.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી: સૌ પ્રથમ તો જે વ્યક્તિએ દૂર દૂરથી આવીને આ પ્રસંગે શુભેચ્છાઓ શુભ કામના પાઠવી છે એ બદલ ખૂબ ધન્યવાદ. **આ પાઘ એવી કોઈ પાઘ નથી કે જેનાથી લોકો ઉપર અનુશાસન કરી શકાય. પરંતુ પ્રેમે કરીને મહારાજે આપલી આ પાઘથી સત્સંગની સેવા થઈ શકે છે.** આ સંપ્રદાયમાં બીજા ચમત્કારો તો ઠીક છે. પરંતુ મહારાજે એક મોટો ચમત્કાર એ કર્યો છે કે અહીં માણસ સાચા અર્થમાં માણસ બનતો જોવામાં આવે છે. માર્ગ ભૂલેલાને જીવન જીવવાનો સાચો રાહ મળે છે. નહીં તો સામાન્ય રીતે માણસ માણસ તરીકે જન્મે છે. પરંતુ માણસ તરીકે મરતો નથી. આ પદથી અમારી જવાબદારી ખૂબ જ વધે છે. **કારણ કે સત્સંગનો પ્રેમ તથા સત્સંગનું વજન આ પાઘમાં છે.** નાનો હતો ત્યારથી પૂ. બાપુજીએ અમને કેવી રીતે બેસવું, ઉઠવું, ચાલવું, કોની સાથે કેવી રીતે વાત કરવી, ક્યાં નમવું, ક્યાં ન નમવું એ સઘળું શીખવાડેલું છે. **શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોક એ વેદ, ઉપનિષદ તથા જગતના તમામ શાસ્ત્રોનો નિચોડ કરીને મહારાજે જે કહ્યું છે તે અમૃત સમાન છે. એ પાળવાથી મહારાજ તમને ખૂબ સુખી કરશે. મહાસુખ પામશો.** પૂ. બાપુજી છેલ્લા ૪ વર્ષથી અમને આ પદ માટે કહેતા હતા, પરંતુ અમે સતત ૪ વર્ષથી આનાકાની કરતા હતા. હું કહેતો કે 'પદ વિના રહેવા દો ને ! હું સત્સંગ માટે પ્રવૃત્તિ તો કરતો જ રહું છું ને !' છેવટે પૂ. બાપુજીએ પોતાના સમગ્ર જીવનની તમામ ક્ષણના અનુભવનો નિચોડ લઈને આ પાઘ મને સોંપી છે. શહેર તથા ગામડાના નાના મોટા હરિભક્તોની પ્રેમ ભાવના કાયમ રહી છે. **અમે આગળ બેઠેલાને તો દેખીએ છીએ. પરંતુ પાછળ બેઠેલાને પણ એટલા જ દેખીએ છીએ. પાછળ રહીને જેઓ સેવા કરે છે તેવા હરિભક્તોની માળાના પ્રતાપે આ સત્સંગ ચાલે છે. અમારો એક એક શ્વાસ, લોહીનું એક એક બુંદ સ્વામિનારાયણ ભગવાન માટે તથા આ સત્સંગ માટે છે. એના માટે જ આ સ્થાન પર જન્મ મળ્યો છે. સંતો-હરિભક્તોને રાજી કરવા છે. નરનારાયણદેવ અને પિતાશ્રીને રાજી કરવા છે.** ગણપતિએ પિતાની પ્રદક્ષિણા ફરીને શિવજીને રાજી કરી લીધા. કાર્તિક સ્વામી દૂર આંટા મારતા રહી ગયા. અમને એવું બળ મળે તે માટે સંતો, હરિભક્તોને પ્રાર્થના કરવા વિનંતી.

સવાયા બની રહો હરિસુત

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા

"સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ સંસ્થાપિત આપણા ઉદ્ધવ સંપ્રદાયના શ્રી સ્વામિનારાયણ અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાનના આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી થી પ્રારંભીને આજ દીન સુધી અવિચ્છિન્ન પરંપરા ચાલી આવી છે. તેમાં શ્રીહરિના દ્દઢા વંશજ પરમ પૂજ્ય આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના ષષ્ઠી પૂર્તિ મહોત્સવ પર્યંત ગાદી ઉપર વિરાજમાન રહીને પાંત્રીસ વરસ પર્યંત સુધી ગાદી ઉપર વિરાજમાન રહીને દેશ વિદેશમાં શ્રીહરિના સંદેશને દુનિયાના ખૂણે ખૂણા સુધી ગુંજતો કર્યો છે. તેવા આપણા સમગ્ર સત્સંગના હૃદય સમ્રાટ, સ્વયં, સ્વરાટ પૂજ્યપાદ્ આચાર્ય મહારાજશ્રીએ સ્વતંત્ર રીતે સ્વયં નિર્ણય કરીને પોતાનાજ ઓરસ પુત્ર પૂજ્ય લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને વિક્રમ સંવત ૨૦૬૦ના આસો સુદ-૨ દ્વિતીયાને શુક્રવાર તા. ૧૫-૧૦-૨૦૦૪ના શુભ મંગલ દિને પીઠાધિપતિ સ્થાને વિરાજમાન કરવાનો નિર્ણય કરેલો છે. તેમાં સમગ્ર સત્સંગને સહભાગી થવાનો મંગલ અવસર પ્રાપ્ત થયો છે તો અવશ્ય સૌ ભક્તો એ હાજર રહેવું."

અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી પૂજ્ય નિર્ગુણદાસજી સ્વામી વતી સમગ્ર સંપ્રદાયના સત્સંગીઓ જોગ આ સંદેશ માત્ર બે દિવસ પૂર્વે જ મંદિરમાં મૂકવામાં આવેલો. સમગ્ર સંપ્રદાય માટે આ એક ઐતિહાસિક અવસર હતો. એક સુવર્ણ તેજોમય તવારીખનું નિર્માણ થવાનું હતું. આજ પર્યંત પ્રત્યેક પીઠાધિપતિ એમના પૂર્વગામી આચાર્યશ્રીની ગેરહાજરીમાં જ ગાદીનશીન બન્યા હતા.

શ્રી નરનારાયણદેવ દેશના સપ્તમ આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જ એવા પ્રથમ આચાર્યશ્રી બન્યાં છે. જેમને પૂર્વગામી આચાર્યશ્રી એવમ પોતાના જ પિતાશ્રી એવા શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ્વયં પાઘ ધારણ કરાવીને પીઠાધિપતિ તરીકે પોતાના વરદ્ હસ્તે પદારોહણ કર્યા હોય !

શારદીય નવરાત્રિનો દ્વિતીય દિવસ એટલે કે આસો સુદ બીજનો અતિ મંગલમય આ દિવસ હતો. શ્રીજી મહારાજે જે દિવસ શ્રી નરનારાયણદેવ દેશની ગાદીના છઠ્ઠા આચાર્યશ્રી તરીકે



શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની નિયુક્તિ માટે નક્કી કરેલો તે જ આ શુભ દિવસ હતો.

આમ તો સંપ્રદાયના ઈતિહાસમાં આ ગૌરવપૂર્ણ અને મંગલમય અવસર આ પહેલો જ હતો, છતાંય એની વિધિસર પત્રિકા ક્યાંય છપાઈ કે અપાઈ નહોતી. પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સ્વતંત્ર થકા સ્વયં નિવૃત્તિની જાહેરાત કરી અને પોતાના જ ઓરસ પુત્ર શ્રી કોશલેન્દ્રપ્રસાદજીને ગાદી ઉપર આસો સુદ દ્વિતીયાના દિવસે પદારોહણ કરવાનો નિર્ણય કરેલો. ઘણો ઓછો સમય હતો. બસ માત્ર કર્ણોપકર્ણ જ આ અતિ શુભ ઘટનાની વાત ફેલાતી ગઈ અરે ! અમેરિકા, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા વિ. દેશોમાં આ મંગલ અવસરની જેવી ખબર પડી કે નિષ્ઠાવાન હરિભક્તો માત્ર બે કે ત્રણ દિવસના સમયમાં જ ઉડીને અહીં આવવા લાગ્યા.

અમદાવાદ શ્રી નરનારાયણદેવ દેશના ગામોગામ આ મંગલ અવસરના સમાચાર ગુંજતા થયા અને એના પરિપાક રૂપે તા. ૧૫-૧૦-૨૦૦૪ને વહેલી પરોઢથી જ મંદિરનું પ્રાંગણ હરિભક્તના મહેરામણ થી છલકાવા લાગ્યું.

સવારના બરાબર ૬-૩૦ વાગ્યે પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા બાળ લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનું આગમન થયું. ૬-૩૦ થી ૭-૦૦ દરમ્યાન શ્રી નરનારાયણદેવને કેસર સ્નાન નો વિધિ હતો. પીતાંબરોથી શોભિત, ધર્મકુળ પરિવારના ત્રણેય વંશજ દાદા-પિતા અને પૌત્રનાં આવાં ત્રિવેણી દર્શનનો આવો લહાવો કદાચ ફરી ક્યારેય મળશે કે કેમ ? સુંદર રીતે તેઓશ્રીના વરદ્ હસ્તે શ્રી નરનારાયણદેવનો કેસર સ્નાન વિધિ સંપન્ન થયો. અને એમની આરતી ઉતારવામાં આવી.

આ બાજુ મંદિરમાં તો દેશ દેશના સંતો તથા બાઈ ભાઈ હરિભક્તોની ભીડ વધવા જ લાગી. જેને જ્યાં સ્થાન મળ્યું ત્યાં ગોઠવાવા લાગ્યા. સૌના અંતરમાં એક જ વલસાટ હતો - 'પાઘ ધારણ વિધિ'ના અલૌકિક દર્શનનો સમગ્ર મંદિર અને પ્રસાદીનો સભામંડપ વિવિધ રંગના ધ્વજ પતાકાઓથી શણગારવામાં આવ્યો હતો. બરાબર શ્રી નરનારાયણદેવ સન્મુખ પદારોહણ વિધિનું સ્ટેજ ગોઠવવામાં આવેલું.

સવારે ૮-૦૦ કલાકે પૂ. લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી શ્રીહરિયાગ યજ્ઞ-મંડપમાં પધાર્યા. વાચસ્પતિ શ્રી મિશ્રાજી સહિત અન્ય વિદ્વાન ભૂદેવોએ પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે શ્રી હરિયાગ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો. એક કલાક સુધી પ્રસરતા રહેલા વેદ ધ્વનિ અને યજ્ઞની ધૂર્મસેરોથી વાતાવરણ અતિ પવિત્ર બની ગયું.

આ દરમ્યાન અહીં ચોમેર દૃષ્ટિ કરો તો મંદિરમાં ચારેય બાજુ માત્ર હરિભક્તો સિવાય કશું જ જાણે નજરમાં ના આવે એટલી સંખ્યામાં હરિભક્તનો સમુદાય એકત્રિત થયેલો. તેમ છતાંય ક્યાંય કહેતાં ક્યાંય કશો શોરબકોર કે અવ્યવસ્થા જોવા ન મળી ! જો કે યુવાન સત્સંગી સ્વયં સેવકો તો સેવામાં હતા જ - પરંતુ અત્યારે પ્રત્યેક હરિભક્ત એક શિસ્તબધ્ધ સત્સંગી બનીને 'પદારોહણ વિધિ'ને પોતાના અંતરમાં 'ક્લીક' કરવા માટે ચક્ષુઓના કેમેરા લઈને ગોઠવાઈ ગયા.

આ અલૌકિક અને ઐતિહાસિક સભાના સંચાલક તરીકે મહંત સ્વામી પૂ. નિર્ગુણદાસજી સ્વામીએ સમગ્ર સભાનું અતિ સુંદર સંચાલન કર્યું.

"ઉત્સવના દર્શનાર્થે શ્રધ્ધાથી આવેલા પ્રત્યેક હરિભક્તને અહીં ક્યાંક ઓછો વત્તી જગ્યા મળી હશે પરંતુ અક્ષરધામમાં તો શ્રીહરિ સન્મુખ અવશ્ય સ્થાન મળશે" આ પ્રમાણે પ્રારંભ કરી એમણે સર્વે હરિભક્તો ને નવાજ્યા.

સવારના ૯-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને વડતાલ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ પીઠાધિપતિ પૂ. રાકેશપ્રસાદજી મહારાજશ્રી શ્રી નરનારાયણદેવની રાજભોગ આરતી માટે પધાર્યા. ખીચોખીચ ભરાયેલ મંદિરમાં આરતીનો દિવ્ય ધ્વનિ ગુંજી ઉઠ્યો. એનાથી વાતાવરણ દિવ્ય અને ભવ્ય લાગતું હતું.

બરાબર સવારે ૯-૨૦ કલાકે બન્ને



ગાદી પદારોહણ પ્રસંગે ધર્મકુળ પરિવારના માનવંતા મહેમાનો પૂ. શ્રી તિવારી સાહેબ (પૂ. આચાર્ય મહારાજશ્રીના સસરાજી) અને પૂ. શ્રી પ્રફુલકુમાર દ્વિવેદી.

દેશના આચાર્યશ્રીઓ, પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. બાળ લાલજી મહારાજશ્રી, ઐતિહાસિક તવારીખના પ્રારંભ સ્વરૂપે સભામંડપમાં પધાર્યા. સભામાં દિવ્ય રોમાંચ વ્યાપી ગયો !

સભાપતિ પૂ. મહંત સ્વામીએ સભાનો પ્રારંભ કરતાં જણાવ્યું કે : "શાસ્ત્રોમાં કહેલા વિધિ વિધાન અનુસાર સવારના ૬-૩૦ વાગ્યાથી જ આ સુવર્ણ અવસરની શુભ શરુઆત થઈ ગઈ છે. જેની પવિત્ર સુવાસ આપણા સૌના અંતરમાં વ્યાપી રહી છે. સંતોનો સમુદાય, મહેમાનો અને મહાનુભાવોનો સમુદાય, તેમ જ શ્રધ્ધાવાન ભક્તજનોનો સમુદાય જાણે સાગર બનીને આજે ઉમટી રહ્યો છે ! અહીં આવેલ પ્રત્યેક જનનાં જન્મોજન્માંતરના સત્કર્મો ઉદય પામ્યાં છે. શ્રીહરિએ આપણને દિવ્ય પરંપરા આપી છે. જગતમાં અસંખ્ય પ્રણાલિકાઓ અને અનેક સંપ્રદાયો છે. હિંદુધર્મમાં પણ ઘણી બધી પરંપરાઓ ચાલી આવી છે. આચાર્ય પરંપરા પણ અનેક છે. વિવિધ પ્રકારના વિધિ વિધાનો પણ ઘણાં છે. પરંતુ એ સર્વે પ્રણાલિકાઓ અને પરંપરાઓ ના શીરમોર સમા અનન્ય અને અલૌકિક એવા વિધિ વિધાન શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવ્યાં છે.

આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, સમગ્ર સંપ્રદાયના ત્યાગી ગૃહી બાઈ-ભાઈ સર્વેના ગુરુપદે છે. આ જીવાત્માને મોક્ષ મેળવવાની ધગશ જગત આખામાં એક સરખી છે. કોઈનેય બંધન જોઈતું નથી. બધાંને મુક્તિ જોઈએ છે મોક્ષ મેળવવા માટે જે વિધાનો છે. એ બધાયમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું વિધાન અલૌકિક છે.

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાઈઠ વર્ષની આયુષ્ય વિતાવી હોય તેવા પ્રથમ આચાર્ય છે. આપણે ષષ્ઠી પૂર્તિ મહોત્સવ ઉજવી તેઓશ્રીના ઋણમાંથી કાંઈક અંશે મુક્ત થવા પ્રયત્ન કર્યો. આજથી પાંત્રીસ વરસ પહેલાં આજ સભા મંડપમાં, આજ સ્થાને તેઓશ્રી પીઠારોહણ પામેલા. પાંત્રીસ વરસો દરમ્યાન એમણે સંપ્રદાયમાં શું નથી કર્યું ? એમનો ત્યાગ, એમની ઉદારતા, કરુણા અને દયાળુતાનો જોટો જગતમાં જડે તેમ નથી. કર્ણોપકર્ણ આ પ્રસંગના સમાચાર મળતાં ગયાં તેમ તેમ દેશ-વિદેશથી ભક્તજનો સમુદ્રની લહેરોની જેમ અહીં છવાઈ ગયા છે. સત્સંગીને રાજી કરવો એ જ એમનું જીવન ધ્યેય બની રહ્યું. **ના તો પાડતાં જ નથી પરંતુ 'ના' પાડવી કે નહિ એવો વિચાર માત્ર પણ એમને ક્યારેય આવ્યો નથી."**

"બત્રીસ વરસથી જેમને અમે તૈયાર કર્યા છે એ અમારી તૈયાર મહામુડીનો પૂરેપૂરો લાભ આ સત્સંગને હવે મળવો જોઈએ એજ એક સંકલ્પ અને એ જ એક હેતુસર આજે એમણે, પૂ. લાલજી મહારાજશ્રીને પદારોહણ કરવાનો સ્વતંત્ર નિર્ણય, સ્વયં પોતે જ કર્યો છે. વિદ્યમાન આચાર્યશ્રીની ઉપસ્થિતિમાં ભાવિ આચાર્યશ્રી પદારોહણ પામીને વર્તમાન આચાર્ય મહારાજશ્રીનું સ્થાન ગ્રહણ કરે તેવો આ એક અને સર્વપ્રથમ ઐતિહાસિક પ્રસંગ છે. એક

પિતા તેમજ આચાર્ય, સ્વયં પોતાના વરદ્ હસ્તે, સંપ્રદાયની ધર્મધુરા પોતાના જ પુત્રને સોંપશે.''

દેશો દેશથી પધારેલા અગ્રણી સંતો પૈકી, અમદાવાદ મંદિરના માજી મહંત સ્વામી સદ્‌ગુરુ પી.પી. સ્વામીએ પોતાની ભાવનાઓ વ્યક્ત કરતાં જણાવ્યું કે : ''ક્રિકેટની ભાષામાં કહીએ તો એક પણ અપીલ વગર લગાતાર પાંત્રીસ વરસથી આ સંપ્રદાયમાં તેઓશ્રી રહ્યાં છે. અને આજે સ્વયં દાવ ડીકલેર કર્યો છે. **તેઓશ્રી ત્યાગીના પણ ગુરુ છે. પરંતુ આવો અનુપમ સ્વૈચ્છિક ત્યાગ તો ક્યાંય જોવા નહીં મળે.** એમણે સ્વતંત્રપણે નિર્ણય કરીને સ્વયં ગાદી આપી દીધી છે. પૂ. રામાનંદ સ્વામીએ સંપ્રદાયની ધુરા જેમ શ્રીહરિને સોંપેલી તે ૧૮૦ વરસ જુનો પ્રસંગ આજે ફરીથી તાદેશ થતો આપણે સૌ જોઈ રહ્યાં છીએ. જે સુંદર પરંપરા શ્રીહરિએ આપી છે. તેનાં દર્શન કરી રહ્યાં છીએ. આ સંપ્રદાયમાં ઘણા ઈતિહાસ રચાયા છે. પરંતુ પૂ. મહારાજશ્રીએ પોતાનું જીવન જ ગાઈડ લાઈન બનાવ્યું છે. **'આચરણ એ જ ઉપદેશ'** એવું જીવન એમણે વિતાવ્યું છે. આજે જે નવું સુકાન સંભાળી રહ્યાં છે તે લાખો યુવાનોના પ્રાણ સમાં શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ છેલ્લા દશ વરસથી અતિ દાખડો કરી રહ્યાં છે. આપણા સર્વેનું ભાવિ અતિ ઉજળું છે.''

પદારોહણ અને પાઘ ધારણ વિધિની પળ નજીક આવતી જતી હતી. ચારેય વેદોના નિષ્ણાત પંડિતો એ વેદ ઋચાથી અભિવાદન શરૂ કરે તે પહેલાં, આપણા સૌના લાડીલા એવા પૂ. લાલજી મહારાજે સ્વંય માઈક ગ્રહણ કર્યું અને પરબ્રહ્મ ધ્વનિનો નાદ દર્શાવતાં બ્રહ્માનંદ સ્વામીનું આ કીર્તન અતિ સુંદર રીતે ગાયું.

''અધમ ઉધ્ધારણ અવિનાશી તારા
બિરુદની બલિહારી રે .....''

તે પછી ભૂદેવોએ સ્વસ્તિ વાંચન શરૂ કર્યું અને ભાવિ આચાર્યશ્રી ધર્મધુરા ધારણ કરે તે પૂર્વે ''સુચિતં-સફલમ્ યશો વિજયમ્'' એમ આશીર્વાદ આપ્યા.

આ વિધિ સંપન્ન થયાં પછી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ પૂ. રાકેશપ્રસાદજી મહારાજશ્રીએ એમનાં આશીર્વચન પાઠવતાં જણાવ્યું કે :


''વચનામૃતમાં શ્રીહરિ કહે છે કે આ સત્સંગની વૃદ્ધિ થવી તે તો શ્રી નરનારાયણદેવના પ્રતાપે કરીને છે. આપણે તો તેમનાં દાસ છીએ. વિદ્યમાન આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે અત્યંત દાખડો કરીને પોતાના પાંત્રીસ વરસના ગાળામાં દેશ-વિદેશમાં સત્સંગને ગુંજતો કર્યો છે. એમણે સ્વયં નિવૃત્તિ જાહેર કરીને ધર્મધુરા પોતાના કૌશલ્ય પૂર્ણ પુત્ર ને સોંપવાનો નિર્ણય લીધો છે. જીવનમાં લોકો ''ક્યાં સુધી'' એમ કહે એનાં કરતાં ''કેમ આમ'' એમ આશ્ચર્ય વ્યક્ત કરે એની જ મજા હોય છે !

એમણે યોગ્ય શિક્ષણ અને સંસ્કાર વડે પૂ. લાલજી મહારાજનું સુંદર ઘડતર કર્યું છે. અમદાવાદ દેશનું એ ભાગ્ય છે કે આવા યુવાન આચાર્યશ્રીનો વર્ષોનો અનુભવ પ્રાપ્ત થયો છે. જે સત્સંગને હરહંમેશ ઉન્નત શિખરો ઉપર લઈ જશે.''

મહાનુભાવો અને મહેમાનોમાં પૂ. મહારાજશ્રીના જીજાજી શ્રી રતનબાપુ, પૂ. બાળ લાલજી મહારાજના નાનાજી પૂ. તિવારીજી તેમજ પૂ. લાલજી મહારાજશ્રીનાં જીજાજી પૂ. પ્રફુલ્લકુમાર મુખ્ય હતાં. કચ્છ ભૂજ દેશના ઉપમહંત સ્વામી તથા વડતાલ દેશના પ્રતિનિધિ શ્રી બાપુ સ્વામીએ પણ પ્રસંગોચિત સુંદર ભાવનાઓ વ્યક્ત કરી.

આ પછી અતિ મહત્વની પળ આવી સંપ્રદાયના વડા તરીકે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનાં આશીર્વચન પામવાની એ કદાચ અંતિમ ક્ષણો હતી ! એમણે ઐતિહાસિક આશીર્વચન પાઠવતાં આમ કહ્યું :

''જે મંગલ અવસર તથા જે મંગલ ઘડીની હું વરસોથી પ્રતિક્ષા કરી રહ્યો હતો તે આજે આવી પહોંચી છે. This is my Finest hour..... **શું કહેવું ને શું ના કહેવું તે સમજાતું નથી. અમે એક જ આજ્ઞા અમારા બાપુજીની જીવનમાં માન્યા નહિ. પૂજ્ય બાપુજીને તેમની હયાતીમાં જ અમને ગાદી સોંપવાની તીવ્ર ઈચ્છા હતી. એ વખતે અમે ૨૨ વરસના યુવાન હતાં. ''અત્યારે અમો હસતા હસતા ગાદીએ**



સર્વોપરિ ગાદી પર પદારૂઢની છેલ્લી પળોમાં મહંત સ્વામી સાથે પરામર્શ કરતા.

બેસાડીએ છીએ પણ અમારી આજ્ઞા નહી માનો તો આંસુ સારતા ગાદી ઉપર બેસવું પડશે." એમનાં આ શબ્દો અમારા માટે તો સાચા ઠર્યા. પરંતુ એ વસવસો અમને ના રહી જાય તે માટે અમે આ નિર્ણય કર્યો છે. શ્રીજી મહારાજે અમારા માટે જે દિવસ પસંદ કરેલો એ જ આસો સુદ બીજનો દિવસ અમે નક્કી કર્યો છે.

આચાર્યપદ એ કોઈ વ્યક્તિ નથી. સ્વયં શ્રીહરિએ પોતાનાજ સ્થાને સ્થાપેલ સર્વોચ્ચ પદ છે. એ પદની ગરિમા જેટલી સમજીએ તેટલી ઓછી છે. અમારા પદારોહણ વિધિ વખતે વેષ્ણાવાચાર્ય આવેલાં. તે અમે એકલાં હોઈએ ત્યારે તું કહીને અમને સંબોધે છે. એ વખતે એમણે અમને કહેલું : 'અહીં આવ, તને એક વાત કરું, જો તારે સફળ આચાર્ય બનવું હોય તો જેટલી શ્રધ્ધા તું તારા ઈષ્ટદેવમાં રાખીશ એટલું તારું તેજ વધ્યા કરશે.' બસ ત્યારથી આજ શિખામણને અમે અમારો ગુરુમંત્ર બનાવ્યો છે.

અમને અમારા જમણે હાથે બેઠેલાં સંતો, ડાબે હાથે બેઠેલા સર્વે હરિભક્તો તથા સન્મુખ બેઠેલા શ્રી નરનારાયણદેવ આ સૌમાં સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ છે. લાલજી મહારાજને પણ એ જ કહેવાનું કે આવી જ શ્રધ્ધા અને વિશ્વાસ રાખીને કાર્ય કરશો. આ સર્વે સંતો અને હરિભક્તો મળીને એમને આશીર્વાદ આપશો.

૩૫ વર્ષ દરમ્યાન ક્યારેય કોઈને કડવું વચન કહ્યું નથી અને કદાચ કહ્યું હોય તો દેવનું કે સંસ્થાનું અહિત થતું હોય ત્યારેજ કહેવું પડ્યું હોય - પણ તે ભૂલી જજો. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં સંતો અને હરિભક્તો આવ્યા છે. વિદેશથી પણ માત્ર બે-ત્રણ દિવસની ટૂંકી નોટિસથી જ આટલી સંખ્યામાં યુવાન હરિભક્તો આવ્યા છે. તે સૌને અમારા ખૂબ ખૂબ ધન્યવાદ.

જેવો પ્રેમ અને વિશ્વાસ અમને અમારા પાંત્રીસ વરસો દરમ્યાન આપ સૌએ આપ્યો છે તેથી પણ અધિક સહકાર લાલજી મહારાજને આપશો.

દિવ્ય સંગ્રહસ્થાનનો અમારો સંકલ્પ સાકાર થાય તે માટે અમે હવે પ્રવૃત્તિશીલ બનીશું. સંતો ને અનુરોધ અને ગૃહસ્થોને અનુરોધ છે કે પ્રેમથી શ્રીજી મહારાજની પ્રસાદીની વસ્તુઓ આપશો તો ચોક્કસ સ્વીકારીશું!

આટલા વરસો દરમ્યાન સંપ્રદાયે અમને જે હૂંફ અને ભક્તિભાવના આપી છે તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ સાથે વિરમું છું."

પાંત્રીસ વરસ કે સાઠ વરસો સુધી એમણે શું શું આપ્યું છે એનાં લેખાં જોખાં આપણે તો શું કરી શકવાનાં છીએ ? દુનિયાની કોઈપણ વ્યક્તિએ ક્યારેય એમનાં મુખારવિંદ ઉપર રીસ કે અણગમાના ભાવ જોયાં નથી. સદાય પ્રફુલ્લિત ચહેરો એમનો જોવા મળે છે. પાંચ વરસનો બાળક હોય કે પંચોતેર વરસના વૃદ્ધ - સર્વેને સરખો આદર એમણે આપ્યો છે. એક માત્ર એમની અલૌકિક આભાથી જ આકર્ષાઈ ને સંપ્રદાયમાં નવાં આવેલા

અસંખ્ય મુમુક્ષુ જીવોને એમણે એવાં તો જકડી રાખ્યા છે અને શ્રીહરિની સાચી ઓળખાણ એમણે કરાવી છે. આ રીતે એમણે બ્રહ્મનિષ્ઠ ગુરુપદની ગરિમા સાંગોપાંગ જાળવી રાખી છે.

અને હવે આવે છે. સંપ્રદાયના ઇતિહાસની અત્યંત અલભ્ય પળ.....

"૧૧-૦૫ વાગ્યાનો એ સમય છે. વિદ્યમાન આચાર્ય ૧૦૦૮શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એમના સ્થાનેથી ઊભા થાય છે. વિદ્યમાન લાલજી મહારાજ ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને પોતાના સ્થાને દોરી જાય છે. એમને પોતાની ગાદીના સ્થાને વિરાજમાન કરે છે, એમનાં કપાળે કુમકુમ તિલક કરે છે, ત્યાર પછી એમના ગળામાં પરંપરાનો પ્રસાદીનો હાર પહેરાવે છે, પછી પોતાના અંગ ઉપરથી પરંપરાનો ખેસ ઉતારી પૂજ્ય કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને પહેરાવે છે, અને અંતિમ ચરણમાં પોતાની લાલ પાઘ મસ્તક ઉપરથી ઉતારીને પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજનાં મસ્તક ઉપર સ્વયં ધારણ કરાવે છે. પછી વહાલથી વહાલસોયા પુત્ર અને હવેના નવા સુકાની એવા પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના મુખ ઉપર હાથ ફેરવીને ભાવપૂર્વક સ્નહાશીર્વાદ વરસાવે છે. આ રીતે ૧૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ હવે વિધિસર રીતે સંપ્રદાયના ધર્મધુરંધર બની ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી બને છે. તો બાળ લાલજીને પણ પૂ. મહારાજશ્રી ગળામાં હાર ધારણ કરાવે છે. હવે શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ, ૧૦૮ શ્રી લાલજી મહારાજનું બિરૂદ ધારણ કરે છે.

આ સમગ્ર અને ઐતિહાસિક પળે પળના સાક્ષી, લાખો ભક્તજનો બને છે. પ્રત્યેકની આંખોમાંથી હર્ષાશ્રુ વહી રહ્યાં છે. હવેલીમાં પણ સમસ્ત બહેનોના ગુરુ પૂ. ગાદીવાળા આ જ પળે પૂ. વહુજી મહારાજશ્રીને એમની ગાદી ઉપર વિરાજમાન કરી વિધિસર પૂ. ગાદીવાળાનું બિરૂદ અર્પે છે. અહીં હવેલીમાં પણ બહેનો અને સાંખ્યયોગીઓનાં હર્ષાશ્રુ ખાળી શકતાં નથી.

પૂ. લાલજી મહારાજ પણ જ્યારે ૧૦૦૮ શ્રી આચાર્ય મહારાજશ્રી તરીકે પદારોહણને પામે છે ત્યારે સ્વયં પોતાના પિતા તેમજ જાજરમાન આચાર્યશ્રી દ્વારા આ પાઘધારણ વિધિને પામ્યા હોવાથી તેઓશ્રીની આંખોમાં પણ આ ઐતિહાસિક પળ, અશ્રુબિંદુઓ બનીને ચમકી ઉઠે છે ! આ દૃશ્ય નિહાળી રહેલાં સર્વે ભક્તજનો થોડીક ક્ષણો માટે જાણે નિઃસ્તબ્ધ બની જાય છે ! અવાચક બને છે, પ્રેમાશ્રુમાં લીન બને છે !

બરાબર ૧૧-૧૫ કલાકે શ્રીલક્ષ્મીનારાયણ દેશના આચાર્યશ્રી તેમજ હમણાં થોડીક ક્ષણો પૂર્વેજેમણે ધર્મધુરા પોતાના ઓરસ પુત્રને સોંપી છે તેવાં શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ બંન્ને સંયુક્ત રીતે વિદ્યમાન આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આરતી ઉતારે છે. સ્વંય પિતા છે પરંતુ સન્મુખ બેઠા છે તે તો હવે સંપ્રદાયના ધર્મધુરંધર આચાર્ય છે, હવે જાણે કે પુત્ર હોવા છતાં સત્સંગના વડાં બન્યાં છે - સત્સંગના વ્યક્તિ સવિશેષ બન્યાં છે. એટલે પદની ગરિમા દર્શાવતી એ આરતી પણ ઐતિહાસિક બની ગઈ છે !


આ ઐતિહાસિક ઘટનાક્રમ અને સુવ્રણપળ સંપન્ન થયાં પછી સૌનાં કાન નવા સુકાની એવા પ.પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનાં આશીર્વચન એવમ્ આજ્ઞા - આદેશને સાંભળવા માટે અત્યંત અધીરાં બન્યાં.

પ.પૂ.ધ.ધુ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના સૌ પ્રથમ એવા આશીર્વચનમાં આમ જણાવ્યું:

"આજે અમારું લક્ષ્ય સન્મુખ બેઠેલા શ્રી નરનારાયણદેવ અને અહીં બેઠેલા મહારાજશ્રી છે. એમનો સ્નેહ, એમનાં આશીર્વાદ અમને પ્રાપ્ત થયાં છે. શ્રીજી મહારાજે જે ઉપાસના દર્શાવી છે તેની દૃઢતા કરવાની છે. અમે નાનાં હતાં ત્યારથી આ બધા સંસ્કારો અમને મળ્યાં છે. અહીં બેઠેલા આ સર્વે સંતો હરિભક્તોથી સભર આ સંપ્રદાય અને સન્મુખ બેઠેલા શ્રી નરનારાયણદેવને રાજી કરવાની શક્તિ મહારાજ અમને આપે. હવે આ સત્સંગને માટે અને મહારાજના પક્ષને માટે જીવન કાઢવાનું છે. જ્યાં નરનારાયણદેવની વાત આવશે, જ્યાં સ્વામિનારાયણ ભગવાનની વાત આવશે ત્યાં હું કોઈ Compromise

(સમાધાન) કરવા માંગતો નથી. બે ચાર વરસ મહેનત કરીને નાના સુના નેતા બની શકાય છે. પરંતુ આ તો બહુ મોટી જવાબદારી છે. આચાર્યપદની આ ગરિમા અને આ જવાબદારી વહન કરવાની શક્તિ અમને મહારાજ અને મહારાજશ્રી આપે એ જ પ્રાર્થના સાથે વિરમું છુ.”


બાપ કરતાં બેટા સવાયા - “પિતા કરતા પુત્ર સવાયા ને એથી સવાયા પૌત્ર” આ ઉક્તિ સાર્થક થવાની ઘડી આવી પહોંચી છે. સંપ્રદાયનું ભાવિ



પી.પી. સ્વામી, જેતલપુર

તો ચોક્કસપણે ઉજળું જ છે. શ્રીહરિએ સ્વયં તાવીને સોળવાલના સોના સરીખો અતિ શુધ્ધ પ્રણાલિકા ધરાવતો સત્સંગ આપણને આપ્યો છે. એમાં બહારથી કશાય તાંબા કે રૂપાનો ભેગ થવાની કોઈ જ શક્યતા નથી, કેમ કે શ્રી નરનારાયણદેવ અને શ્રી સ્વામિનારાયણ ભગવાનની વાત આગળ કોઈ જ સમાધાનની વાત હવે નથી.


પુત્રના લક્ષણ તો પારણામાંથી જ જણાય. ધર્મધુરા સંભાળ્યા પછી તરત જ જાણે સંપ્રદાયના સર્વે ભક્તજનોને આહવાન કરતા હોય એવા પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનાં આશીર્વચન સાંભળી સમગ્ર સભા



શા.સ્વામી નિર્ગુણદાસજી
મહંતશ્રી અમદાવાદ

અતિ આનંદ પામી. આ તો સમ્રાટોના સમ્રાટે સ્વયં સ્થાપેલી ગાદી છે. એને કશી આંચ આવી શકે ખરી ? ક્યારેય નહીં.

દેશો-દેશથી પધારેલા સર્વે આદરણીય સંતોએ એક પછી એક



બાપુ સ્વામી ધર્મપ્રિયદાસજી
કોઠારીશ્રી, વડતાલ

આવીને પુષ્પહારથી નવા આચાર્ય મહારાજશ્રીનું અભિવાદન કર્યું. તે પછી હરિભક્તોના ચરણસ્પર્શનો દોર ચાલ્યો. લાલ પાઘ ધારણ કરેલ નવાં યુવા આચાર્યને નજીકથી નિહાળવા માટે સર્વે ભક્તજનો હરોળબંધ ઉભા રહ્યા.

સંપ્રદાયના ઈતિહાસમાં આ સુવર્ણઘટના એવી અદ્‌ભુત અને અલૌકિક હતી કે જેમણે એને નજરો નજર નિહાળી એમણે એ ઘટનાને અંતરમાં કંડારી લીધી.

સમગ્ર પદારોહણ અને પાઘધારણ વિધિ દરમ્યાન હાજર રહેલ બધા જ ભક્તજનોની આંખોમાંથી વહી રહેલા સ્નેહાશ્રુમાં એક જ અપીલ દૃષ્ટિગોચર



ઉપમહંત સ્વામી ધર્મનંદનદાસજી - ભુજ

થતી હતી. બસ !

‘સવાયા બની રહો હરિસુત.’

અમેરિકામાં એક ઉક્તિ છે કે **Newyork hever sleeps** તેમ આ ઘટનાને સાંગોપાંગ અનુભવનાર પ્રત્યેક ભક્તજનના અંતરમાં આ વાત જરૂરથી ઉતરી ગઈ કે.....

Satsang never sleeps, it goes on on and on .....

સત્સંગ અભ્યુદયાર્થે આચાર્ય મહારાજશ્રીનો અવિરત પરિશ્રમ અને અજોડ વિનમ્રતા

– પ્રો. સૂર્યકાન્ત ભટ્ટ (ભુજ)

પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના સંપર્કમાં આવેલ કોઈ પણ સત્સંગી હરિભક્તને તેઓશ્રીની નિખાલસતા અને વિનમ્રતાના દર્શન તો અચૂક થાય છે. સત્સંગ અને સત્સંગીઓના અભ્યુદય અર્થે તેઓશ્રીએ દિવસ-રાત અવિરત પ્રયત્નો કરી પોતાની જાતને ઘસી નાંખી છે. આ વાત અત્યારે તો જગ પ્રસિદ્ધ છે.

ભુજના શ્રી નરનારાયણદેવ આદિના મંદિરની શિલાન્યાસ વિધિ માટે પૂ. મહારાજશ્રી તા. ૮-૫-૨૦૦૩ ગુરુવારના રોજ ભુજ પધાર્યા. તા. ૧૪-૪-૨૦૦૩ થી તા. ૮-૫-૨૦૦૩ સુધી સખત તાપમાં પૂ.મહારાજશ્રી સાતથી આઠ વખત કચ્છમાં પધાર્યા. ૧૪ થી ૧૬ એપ્રિલ દરમ્યાન માંડવી-કચ્છમાં રંગોત્સવ યોજાયેલો. ૨૨ થી ૨૪ એપ્રિલ સુખપરના મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ હતો. આ કાર્યક્રમોમાં અમદાવાદથી પ્રખર તાપ વચ્ચે આવવું દોહ્યલું છે. અમેરિકાના ન્યુજર્સીમાં રહેતા (I.S.S.O. ના પ્રેસિડેન્ટ) શ્રી પ્રહલાદભાઈ વિઠ્ઠલભાઈ પટેલના પુત્ર શ્રી પંકજભાઈના લગ્નોત્સવ પ્રસંગે તેઓશ્રીના આગ્રહને વશ થઈ આશીર્વાદ પાઠવવા તા. ૨૫ થી ૩૦ એપ્રિલ ૨૦૦૩ સુધી ત્યાં ઉપસ્થિત રહી હરિભક્તોને ખૂબ રાજી કર્યા.



આપણે સૌ અતિ ભાગ્યશાળી જીવ છીએ; આપણી આગળની કોઈ પેઢીને આવું સુખ નથી મળ્યું ! પૂ. દાદા અને પૌત્ર સંપ્રદાયના સુંદર ભાવિ માટે અરસ-પરસ ગંભીર હાસ્યની મુદ્રામાં કંઈક કહી રહ્યાં છે.

ભુજમંદિરના શિલાન્યાસ પ્રસંગે તા. ૮-૫-૨૦૦૩ના રોજ ભુજ પધાર્યા. પહેલાં મહેસાણામાં પૂ.મહારાજશ્રીના શુભ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ હતો. પ્રાતઃકાળે ત્રણ વાગ્યે તેઓશ્રી જાગેલા. ક્ષણભરના આરામ વિના તેઓશ્રી બપોરે બે વાગ્યે ભુજ પધાર્યા. તેઓશ્રીનો ઉતારો ભુજના જાણીતા આંખના સર્જન ડૉ. મનહરભાઈ દિલ્હીવાળાને ત્યાં હતો. બપોરે ૩ થી ૬ દરમ્યાન શોભાયાત્રા હતી. ડૉ. દિલ્હીવાળાને ત્યાંથી શોભાયાત્રા શરૂ થઈ, મંદિરે પહોંચવાની હતી. રસ્તામાં ઠેર ઠેર ઠાકોરજીનું તથા પૂ. મહારાજશ્રીનું લોકોએ ઉમળકાભેર સ્વાગત કર્યું. અમે સૌ પણ શોભાયાત્રામાં હર્ષભેર જોડાયેલા. કોઈ કારણસર મેં પૂજ્ય સદ્‌ગુરુ ધ્યાની સ્વામીને ફોન કર્યો તો પૂજ્ય ગુરુવર્ય કહે, "પૂ. મહારાજશ્રી તમારા શહેરમાં આવ્યા છે. તેઓશ્રીના દર્શન કરી આવ્યા ? શોભાયાત્રાની મેં વાત કરી. સ્વામીશ્રી રાજી થયા. સ્વામીશ્રીના શબ્દો યાદ આવ્યા. રાત્રે નવ વાગ્યે હું મારા ભાઈ ઘનશ્યામ તથા મારા પુત્ર રાજેશ ડૉ. દિલ્હીવાળાને બંગલે પૂ.મહારાજશ્રીના

દર્શનાર્થે ગયા. પૂ. મહારાજશ્રી ભોજન કર્યા બાદ સંતવર્યોને મળ્યા. વિદેશ થી પધારેલા હરિભક્તોને મળ્યા. ત્યારબાદ ડ્રોઈંગ રૂમમાંથી બહાર આવી લગભગ પોણા દસે હિંડોળા પર વિરાજમાન થયા. તેઓશ્રીની સમીપે નીચે કાળુપુર મંદિરના મહંત સ્વામીશ્રી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી સ્વામી હતા. અમે ત્રણ જણ તથા ડૉકટર તેમના પુત્ર નયન અને તેનો એક પુત્ર આટલા જ જણ હતા.

એકક્ષણનો પણ વિરામ પૂ. મહારાજશ્રીએ કરેલો ન હોવા છતાં તેઓશ્રી પ્રફુલ્લિત જણાતા હતા. મેં કહ્યું, "મહારાજશ્રી ! આપ તો શ્રમિત હશો ?" પૂ. મહારાજશ્રી કહે, "અમને ખાસ કંઈ થાક લાગ્યો નથી." બપોરે અડધો કલાક લાઈટના અભાવે એ.સી. બંધ રહ્યું તેથી ભાઈ નયન કહે, "મહારાજશ્રી ! આપશ્રીને તાપ લાગ્યો હશે ?" મહારાજશ્રી હસતાં હસતાં જ બોલ્યા કે, "માનજો કે શોભાયાત્રામાં અડધો કલાક વધુ રોકાયા હતા." અગવડતાઓને કેટલી સહજતાથી તેઓશ્રી સ્વીકારી લે છે તેનું આ સુંદર દૃષ્ટાંત છે.

ભૂકંપ સમયની વાત નીકળતાં તેઓશ્રી કહે, "એ સમયે અમે મંદિરમાં ઓફિસમાં હતા. થોડીક્ષણ એમ લાગ્યું કે કદાચ ઉંદરડાઓ કંઈક દોડાદોડ કરી રહ્યા છે. પરંતુ ભૂકંપનો ખ્યાલ આવી જતાં ઓફિસ બહાર ચોગાનમાં આવી ગયા. પરંતુ આટલી બધી તારાજીની તો કલ્પના પણ ન્હોતી." મહારાજશ્રી કહે "કચ્છને પાણીની ઘણી જ આવશ્યકતા છે." અમે કહ્યું કે ડીસે. ૨૦૦૩ સુધી નર્મદાના પાણી કચ્છને મળતા થઈ જશે. કચ્છને એશિયા ભરની મોટી હોસ્પિટલ પ્રાપ્ત થઈ તેથી મહારાજે હર્ષ વ્યક્ત કરતાં કહ્યું કે, "તેનું મેઈન્ટેનન્સ થવું જોઈએ."

પૂ. મહારાજશ્રીને અમે પૂછ્યું કે મહારાજશ્રી આપની વય દેખાતી નથી. તેઓશ્રી કહે, "અમને ૫૯ વર્ષ થયા છે." ઉત્સુકતાથી મેં કહ્યું, "આપશ્રીને આંખે નંબર નથી ?" તેઓશ્રી કહે, "અમારે વાંચવાના બે તાલા છે. ડૉ. દિલ્હીવાલાએ અમારી આંખો તપાસી છે. તેમણે જોયા મુજબ આઈ સાઈટ નોર્મલ છે. પરંતુ બાળ લાલજીને નંબર છે." મહારાજશ્રી કહે, હમણા અમે અમેરિકામાં એક ડેન્ટીસ્ટને ત્યાં હતા. અમને ઈચ્છા હતી અમારા દાંત તેમને બતાવવા. પરંતુ તેઓએ અમને સામેથી જ દાંતની ચકાસણી કરી આપવા કહ્યું. જાણે ટેલીપથી થઈ. દાંત બરાબર છે. તેમ કહી અમુક કેમીકલ દાંતની વચ્ચે ભરી આપ્યું. દર બે વર્ષે દાંત ચેક કરાવવા સૂચવ્યું અને જીણીદોરી કોઈ કેમીકલવાળી આપી. જેનાથી જમ્યા બાદ દાંત સાફ કરવાથી ક્યારેય દાંતનો પ્રોબ્લેમ નહિં થાય અને બેડ બ્રેથ ક્યારેય નહીં આવે તેમ ડૉકટરે જણાવ્યું.

પોતાના બાળપણની વાત કરતાં મહારાજશ્રી અતિશય નિખાલસ ભાવે કહેવા લાગ્યા. "અમે નાના હતા ત્યારે અમને પાઈલ્સની તકલીફ થઈ ગયેલી. લોહી પડતુ. શરમમાં કોઈને કહ્યું નહિં. દસથી પંદર વર્ષ વહી ગયા. છેવટે એક ડૉકટરને અમે બતાવ્યું." ડૉકટર કહે, "આ રોગમાં પેટ સાફ રાખવું જરૂરી છે. કબજીયાત ન થવી જોઈએ.. અને વાસ્તવમાં તેમ કરવાથી આજે અમને કોઈ તકલીફ નથી.

પરંતુ યોગાસનથી શરીર ખૂબ સારૂં રહે છે. મારો પુત્ર રાજેશ કહે, "મહારાજશ્રી ! મને વર્ષોથી એસીડીટીની ખૂબજ તકલીફ છે." મહારાજશ્રી કહે, "અત્યારે તો મારૂં પેટ ભરેલું છે. એટલે આસન બતાવી શકતો નથી. નહિંતો હું આસન કરી બતાવું. જેથી એસીડીટી રહેશેજ નહિ.

પૂ. મહારાજશ્રીની નમ્રતા નિખાલસતાથી અમે સૌ ખૂબજ પ્રભાવિત થયા. લગભગ રાતના અગિયાર વાગ્યા સુધી તેઓશ્રીની પૂણ્યવાણીનો લાભ અમોને સૌને મળ્યો.

આવા મહાન તપસ્વી કર્મયોગી પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી પોતાનું મહાન આચાર્ય પદ પ.પૂ.ધ.ધુ. ૧૦૮ પૂ. લાલજી મહારાજશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને પદાર્પણ કર્યું તેથી અતિ હર્ષ પામતા ત્યારે શ્રીજી મહારાજના આ દિવ્ય તેજોમય અપર સ્વરૂપોને કોટિ કોટિ સાષ્ટાંગ દંડવત કરીને આશીર્વાદ યાચી ક્ષમા માગી વિરમું છું.

આચાર્ય પદનો મહિમા

– પટેલ અમૃતલાલ હિરજીભાઈ (લખતર)



આવા દર્શન ગમે તે દુખીયારો કરે તો તેનું સમગ્ર દુઃખ હજારો ગાઉ દુર ચાલ્યું જાય ! આપણે તો ખૂબ જ ભાગ્યશાળી છીએકે અવાર નવાર આવા દર્શન કરવાના મળે છે. એક સ્વરૂપ થોડીક ક્ષણમાં ગાદી પર બિરાજશે અને એક સ્વરૂપ ગાદી પરથી નિવૃત થશે ! પણ અહીં બન્નેનો ભેદ સહેજેય જણાય છે ? આખી દુનિયામાં તો શું કોઇ બ્રહ્માંડમાં પણ આવું જોવા ન મળે ! એજ સર્વોપરિ સંપ્રદાય અને એજ સર્વોપરિ ગાદીની મહત્તા છે !

શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાના સ્વહસ્તે આચાર્યની સ્થાપના કરી છે. વિક્રમ સંવત ૧૮૮૨ના પ્રબોધીની (કાર્તિક સુદ-૧૧)ના સમૈયા ઉપર વડતાલમાં અયોધ્યાપ્રસાદજી અને રઘુવીરજીને પોતાના પદ ઉપર સ્થાપન કરેલા.

શ્રી સ્વામિનારાયણ ભગવાને બે દેશ ગાદીની સ્થાપના કરી છે. તેમાના શ્રી અમદાવાદ નરનારાયણદેવ દેશ ઉત્તર વિભાગના સપ્તમ આચાર્ય તરીકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૧૫-૧૦-૨૦૦૪ના દિવસે સમગ્ર ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવ દેશ ગાદી ઉપર પદારૂઢ થયા છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પદારોહણ મહોત્સવ એવમ જન્મમહોત્સવ તા. ૨૩-૧૦-૨૦૦૪ને શનિવારના રોજ શ્રી સરદાર પટેલ સ્ટેડીયમ નવરંગપુરા, અમદાવાદ ખાતે પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પૂજ્ય અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ

ગાદીવાળાશ્રી પધારેલા. દરેક મંદિરોના મહંત સ્વામીઓ, વિદ્વાન સંતો, પાર્ષદો, બ્રહ્મચારીઓ અને સત્સંગીબંધુઓ અને રાજકિય આમંત્રીત મહેમાનો દ્વારા અતિ ધામધુમથી પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો પદારોહણ મહોત્સવ તથા જન્મોત્સવ અતિ ભવ્યાતિભવ્ય રીતે ઉજવવામાં આવ્યો. વિદેશ રહેતા નિષ્ઠાવાન હરિભક્તો પણ આ મહોત્સવમાં આવી હાજરી આપી મહોત્સવને અતિ આનંદને ઉમળકા ભેર આચાર્ય પદનો મહિમા સમજીને પદારોહણ મહોત્સવ એવમ જન્મોત્સવ પ્રસંગને અતિ આનંદના ઉમળકાભેર વધાવ્યો છે.

વહાલા ભક્તજનો શ્રી સ્વામિનારાયણ ભગવાને બે દેશ ગાદી કરી છે. તેમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની અયોધ્યાવાસી ઉપર અપૂર્વ પ્રસન્નતા એ સ્વાભાવિક છે. જેમણે પોતાના જીવનનું સંપ્રદાયની વેદિકા પર ન્યોછાવર કર્યું. જેમણે પોતાના દેહ ધામ કુંટુંબ પરિવાર પ્રત્યક્ષ પરમાત્માની સેવામાં જોડી દઈ સમગ્ર જીવન સત્સંગ પરાયણ કરી દીધું. તેમના ઉપર પ્રગટ પ્રભુની પ્રસન્નતા ન ઉતરે તો બીજા કોના ઉપર ઉતરે ? એક તો ધર્મદેવના પવિત્ર કુળમાં જન્મ, શ્રૌત સ્માર્ત કર્મ સંપન્ન બ્રાહ્મણ કુટુંબમાં બાલ્યાવસ્થાથી પ્રાપ્ત થયેલા શુભ સંસ્કાર ને વળી તેમાં પરબ્રહ્મ પરમાત્માએ સ્વયંકૃપા કરી પોતાના દિવ્ય તેજનું તેમાં આરોપણ કર્યું પછી એમાં કમી શાની રહે ?

પરોક્ષમાં આચાર્ય તથા ગુરુઓ ઘણા હશે પરંતુ એ બધા સતપુરુષો કાંતો આચાર્યની ગાદી પર પરંપરાથી આવ્યા હશે.

પરંતુ અયોધ્યાવાસીમાંથી જે અયોધ્યાપ્રસાદજીને રઘુવીરજીને શ્રીહરિએ ગાદી આપી એ બંન્ને જે ગાદી ઉપર જે પદ ઉપર જે પીઠ ઉપર આરૂઢ થયા એ ગાદી એ પદને એ પીઠ તે અવતારી પરબ્રહ્મ પરમાત્મા શ્રી સ્વામિનારાયણ ભગવાનની છે. પછી પૂછવાનું જ શું હોય ? પરમાત્મા પોતાના સ્થાનપર પોતાના જેવા હોય તેને જ મૂકે. શ્રી સ્વામિનારાયણ ભગવાને આચાર્યોમાં દૈવેત પણ એવુંજ અપૂર્વ મુકેલું છે.

આત્યંતિક કલ્યાણનો પ્રથમ આધાર સ્તંભ મંદિરોને મૂર્તિઓ છે. તેમાં ધર્મવંશી આચાર્ય દૈવત મુકે અને એ જ્યારે પ્રતિષ્ઠા કરે પૂજવા માટે મુમુક્ષુઓને આપે ત્યારે એ મૂર્તિઓ સેવ્ય સ્વરૂપ ગણાય. મુમુક્ષુ પણ સત્સંગી તે કહેવાય જેણે ધર્મવંશી આચાર્ય પાસે દીક્ષા લીધી હોય, સાધુ, બ્રહ્મચારી, પાર્ષદ પણ તે તે સંજ્ઞાને ક્યારે પામે જ્યારે ધર્મવંશી આચાર્ય દીક્ષા આપે ત્યારે મુમુક્ષુઓને તિલક ચાંદલોને તુલસીની કંઠી ધારણ કરવાનો અધિકાર અને ત્યાગાશ્રમીઓને તે ઉપરાંત કાષાય કે શ્વેત વસ્ત્ર ધારણ કરવાનો અધિકાર પણ ધર્મવંશી આચાર્ય દીક્ષા આપે ત્યારે જ પ્રાપ્ત થાય છે. વળી શ્રી સ્વામિનારાયણ ભગવાને મહામંદિરો કરાવી તેમાં પોતાના અર્ચા સ્વરૂપો પધરાવ્યા તેમની સેવા પણ ધર્મવંશી આચાર્યોને જ સોંપી.

સેવા કાર્ય યથાવિધિ

તે તે સ્વરૂપોની યથાવિધિ સેવા ધર્મવંશી આચાર્યો એ સ્વયં કરવી એવી આજ્ઞા કરી વાસુદેવી મહાદીક્ષા પામેલા સંતો, નૈષ્ટિક બ્રહ્મચારી વૃતની દીક્ષા પામેલા વર્ણીઓને સેવા દીક્ષા પામેલા પાર્ષદો તેમજ સામાન્ય દીક્ષા પામેલા સત્સંગીઓ એ સર્વેને ધર્મમાં વર્તાવાનું કે એ સર્વેના ધર્મનું રક્ષણ કરવાનું કાર્ય પણ શ્રી સ્વામિનારાયણ ભગવાને ધર્મવંશી આચાર્યોને જ સોંપ્યું.

ટુંકમાં શ્રીહરિએ જીવોના આત્યંતિક કલ્યાણનું કાર્ય ધર્મવંશી આચાર્યોને પોતાના જેવા જાણીને સુપરત કર્યું. પોતે પણ શ્રીમુખે ધર્મવંશી આચાર્યોનો મહિમા કહ્યો જે અનાદિ મુક્ત સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ આમ ગંથસ્થ કર્યો છે.

માટે સૌ રે'જો એને વચને રે,
ત્યાગી ગૃહી સહુ એક મને રે
રે'જો ધર્મવંશીને ગમતે રે,
વર્તશો મા કોયે મન મતે રે
એહ કહે તેમ સહુ કરજો રે,
પૂછ્યા વિના તો પગ ન ભરજો રે
હાથ જોડીને રે'જો હજુર રે,
કરી ડા'પણ પોતાનું દૂર રે
વિદ્યા ગુણ બુદ્ધિને બળે રે,
એને દબાવવા નહી કોઈ પળે રે
ત્યાગી રાગીને કવિ કોઈ હોય રે,
તોય એને માનજો સહુ કોય રે

વાદ વિવાદ કરી વદને રે,
એ શું બોલશો મા કોય દને રે
એની વાત ઉપર વાત આણી રે,
કેદિ વદશો મા મુખે વાણી રે
એને હોડયે હઠાવી હરાવી રે,
પોતાની સરસાઈ ન કરવી રે
પોતે સમઝી પોતાને પ્રવીણ રે,
એને સમઝશો માં ગુણ હીણ રે
જેમ એ વાળે તેમ વળજો રે,
એના કામકાજમાં ભળજો રે
એની માનજો સહુ આજ્ઞા રે,
વર્તશો મા કોયે વચન વિના રે
એને રાજી રાખશો જો તમે રે,
તો તમ પર રાજી છીએ અમે રે
એને રાજી રાખશે જે જન રે,
તેણે અમને કર્યા પરસન રે
કાંજે અમારે ઠેકાણે એ છે રે,
તેતો પ્રવીણ હોય તે પ્રીછે રે
બીજા જન એ મર્મ ન લહે રે,
ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે
પણ સમઝવી વાત સુધી રે,
અતિ મતિ ન રાખવી ઊંધી રે
વચન દ્વારે વસ્યા અમે એમાં રે,
તમે ફેર જાણશો મા તેમાં રે
અમે એમાં એ છે અમમાંઈ રે,
એમ સમજો સહુ બાઈ ભાઈ રે
એથી અમે અળગા ન રૈ'યે રે,
એમાં રહિને દર્શન દૈયે રે
જેજે જનને થાય સમાસ રે,
તેતો અમે કરી રહ્યા વાસ રે
શે'ર પાટણે સન્માન જડે રે,
તેતો અમારી સામર્થી વડે રે
દેશ પરદેશે પૂજાયે આપ રે,
તેતો જાણો અમારો પ્રતાપ રે

જિયાં જાય તિયાં જયજિત રે,
તેતો અમે રહ્યા રુડી રીત રે
એમ સમજો સહુ સુજાણ રે,
અમ વિના ન હોય કલ્યાણ રે
ધર્મવંશી આચારજ માંય રે,
સદા રહ્યો છું મારી ઈચ્છાય રે
અતિ ધર્મવાળા જોઈ જન રે,
રે'વા માની ગયું મારું મન રે
માટે એને પૂજે હું પૂજાણો રે,
તેતો જરૂર જન મન જાણો રે
એનું જેણે કર્યું સન્માન રે,
તેણે મારું કર્યું છે નિદાન રે
એમ જાણી લેજો સહુ જન રે,
એમ બોલ્યા શ્રી ભગવન રે
સુણી જન મગન થયા રે,
ધન્ય ધન્ય સ્વામી કે'વા રહ્યા રે
પછી સહુએ આચારજ સેવ્યા રે,
તેતો મોટા સુખને લેવા રે

વળી દેશ વિભાગના લેખમાં પણ શ્રીહરિએ જણાવ્યું છે સાધુ, બ્રહ્મચારી તથા પાળાએ સમસ્તના તથા સત્સંગી સમસ્તના તમો બેય ગાદીવાળાને આચાર્ય સ્થાપ્યા છે. તે સર્વ નિરંતર તમારી આજ્ઞામાં રહેશે ને તમારી સેવા કરશે અને શ્રી ધર્મવંશી બેય આચાર્ય વિના અન્ય મતવાળા હરકોઈ મનુષ્ય શસ્ત્ર-જોગે, તપે તથા વૈરાગ્યાદિક ગુણે વિશેષ હોઈ ને શ્રી ધર્મવંશીના બેય ગાદીવાળા આચાર્ય તેથી ન્યૂન પણે જાણ્યામાં આવે તો પણ સાધુ બ્રહ્મચારી પાળા સમસ્થને તથા સત્સંગી સમસ્થને અમારી એમ આજ્ઞા છે જે તમારા જીવના કલ્યાણને અર્થે શ્રી ધર્મવંશના બેય ગાદીવાળા આચાર્યને સદાકાળ નિરંતર માનજો ને મન-કર્મ-વચને આજ્ઞામાં રહેજો. તેમાં જે ફેર પાડી અન્ય આશ્રય કરશે ને અન્યને માનશે તેના જીવને આ લોકમાં તથા પરલોકમાં કોઈ કાળે સુખ થાશે નહિ ને તે અતિ કષ્ટ પામશે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને બે દેશ ગાદી કરી પોતાની ગાદી ઉપર (૧) શ્રી ઉત્તરવિભાગ શ્રી નરનારાયણદેવ દેશ આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની નિમણુંક કરી છે. (૨) દક્ષિણ વિભાગ શ્રી લક્ષ્મીનારાયણદેવ દેશ શ્રી રઘુવીરજી મહારાજને ગાદી ઉપર નિમણુંક કર્યા છે.

વ્હાલા ભક્તજનો ઉત્તર વિભાગ શ્રી નરનારાયણદેવ દેશ વિભાગના પ્રથમ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીના વંશમાં સાતમાં આચાર્યશ્રી પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજ વર્તમાન મહારાજશ્રીને માનજો પૂજજો અને તેમની આજ્ઞામાં રહેજો તેમાં આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો અતિ રાજીપો છે.

ઉત્તરવિભાગના સર્વ સંતો, પાર્ષદો, બ્રહ્મચારીઓ, પાળાઓ, સમસ્ત સત્સંગીઓ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને શ્રીજી મહારાજનો રાજીપો મેળવવા માટે અતિ સ્નેહથી માનજો પૂજજો અને એમની સેવા કરજો.

અમદાવાદ શ્રી નરનારાયણદેવ પીઠ સ્થાન પદારોહણ સન્માન સમારોહ


– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા

સર્વોપરિ ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે સંસ્થાપિત કરેલી શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદની ગાદી ઉપર પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ પોતાના સુપુત્ર, લાલજી શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને તા. ૧૫-૧૦-૨૦૦૪ને આસો સુદ-૨ના શુભ મંગલદિને પદારૂઢ કર્યા છે.

તેમનો સન્માન સમારોહ આસો સુદ-૧૦ વિજયા દશમીના પવિત્ર દિવસે તા. ૨૩-૧૦-૨૦૦૪ને શનિવારના રોજ રાખવામાં આવ્યો હતો.

અમદાવાદના સરદાર પટેલ સ્ટેડિયમના વિશાળ પ્રાંગણમાં રાખવામાં આવેલા આ સન્માન સમારોહમાં દેશ-વિદેશથી મોટી સંખ્યામાં આદરણીય સંતો, હરિભક્તો તેમજ રાજકીય ને રાષ્ટ્રીય મહાનુભાવો, મહેમાનો તથા આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

બરાબર સવારે ૮-૪૫ વાગ્યે પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, તેમજ પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પાર્ષદો, સંતો સહિત સભામંડપમાં



સરદાર પટેલ સ્ટેડિયમ નવરંગપુરા "સત્કાર સમારંભ"ને દિપ પ્રગટાવી ખુલ્લો મુકતા પ.પૂ. શ્રી લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજ

પધાર્યા. સમગ્ર સભાએ ઉભા થઈ એમનું અભિવાદન કર્યું.

પૂ. લાલજીમહારાજે દીપક પ્રગટાવીને સમારોહનો શુભારંભ કર્યો. સુમધુર શરણાઈના સુરોથી રેલાઈ રહેલ ષડક્ષરી મહામંત્રનો ધ્વનિ વાતાવરણને દિવ્ય બનાવી રહ્યો હતો.

"મંગલમૂર્તિ મહાપ્રભુ, શ્રી સહજાનંદ સુખરૂપ" આ સ્તુતિથી સમારોહનો કાર્યક્રમ આરંભાયો. એ પછી "બને આજ લાલ.... ઓઢત દુશાલ લાલ" એ કીર્તન રેલાયું.

જેતલપુર સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થી સંતોએ સમૂહમાં શાંતિ-પાઠ સ્તુતિ કરી.

દરમ્યાન વિશેષ મહેમાનોમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી નવલકિશોર શર્મા પધાર્યા. એમણે વિદ્યમાન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું પુષ્પાહારથી અભિવાદન કર્યું, તો પૂ. મહારાજશ્રીએ પણ મંદિરની પ્રતિકૃતિ અને શાલ અર્પણ કરી રાજ્યપાલશ્રીનું બહુમાન કર્યું.

રાજ્યપાલશ્રીએ એમના શુભેચ્છા-પ્રવચનમાં બંને આચાર્યશ્રીઓને સંતશિરોમણિનું બિરૂદ આપતાં જણાવ્યું કે : "આજ જબ સારી દુનિયા ઉપભોક્તા સંસ્કૃતિ કી ઓર જા રહી હૈ તબ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયને સંસ્કૃતિકા પ્રભાવ કાયમ રખ્ખા હૈ

નવયુવક આચાર્યશ્રી ભી અપને પિતાશ્રીને જો સેવા કી હૈ - વહી વ્રત ઔર સેવા કો જારી રખેં ઐસી શુભકામના કરતા હું.''

અત્રે પધારેલા કેન્દ્રીય કાપડમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું કે : ''આજે જ્યારે બધે જ ધર્મનું વ્યાપારીકરણ થઈ રહ્યું છે. ત્યારે **પ.પૂ. તેજેન્દ્રપ્રસાદજી મહારાજે પોતાનું સમગ્ર જીવન સત્સંગ માટે સમર્પિત કરીને સંપ્રદાયમાં વ્યાપારીકરણ દાખલ થવા દીધું નથી. એમણે ગુજરાત, દેશ અને દુનિયાને અલગ રાહ ચીંધ્યો છે.**



ગુજરાતના રાજ્યપાલ શ્રી નવલ કિશોર શર્મા આ પ્રસંગે ખાસ પધાર્યા અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તેમને આપણા ઐતિહાસિક મંદિરની પ્રતિકૃતિ અર્પણ કરી રહ્યાં છે.

આટલું બધું હોય તોય માણસ સાદો રહી શકે છે. સાદગી હરહંમેશ એમનો આદર્શ રહ્યો છે. આજે માનવરૂપે ભગવાન તરીકે સૌ એમને માને છે. અને તેઓ સાચા અર્થમાં ભગવાનની પ્રતિકૃતિ જેવાં છે. નવાં આચાર્યશ્રી પણ નવી પેઢીના આદર્શ તરીકે પ્રસ્થાપિત થઈ, દિશાવિહિન પેઢીને સાચો રસ્તો ચિંધે અને એમની ગાદી અમર તપે એજ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પ્રાર્થના.''

નરનારાયણ દેવ યુવક મંડળ વતી વિવિધ પ્રદેશના પ્રતિનિધિઓએ આવી, યુવા-આચાર્યશ્રીને એક ''પ્રતિજ્ઞાપત્ર'' અર્પણ કર્યું. જેમાં ''તન-મન-ધનથી અમો સૌ યુવાનો સત્સંગને સમર્પિત છીએ.'' એવી પ્રતિજ્ઞા હતી.


આમંત્રિત મહેમાન તરીકે પધારેલ મંત્રીશ્રી અશોક ભટ્ટે, પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને ૨૧મી સદીના યુવા-આચાર્યશ્રી તરીકે બીરદાવતાં જણાવ્યું કે ''સમગ્ર વિશ્વ આજે જ્યારે ભૌતિક સુખોથી દુઃખી બનતું ગયું છે. ત્યારે આખાય વિશ્વની નજર ભારતના આધ્યાત્મિક વારસા તરફ છે. આવા ત્રણે આપશ્રી ધર્મ માટેની સેનાના સેનાપતિ તરીકે વિરાજમાન થયા છો. ધર્મની રક્ષા માટે, નીતિની રક્ષા માટે, સત્યની રક્ષા માટેની આ લડાઈમાં આપનું સાતમું આચાર્યપદ ઐતિહાસિક બની રહે અને ૨૧મી સદી સત્સંગની સદી બની રહે એવી ભગવાન શ્રી સ્વામિનારાયણના શ્રી ચરણોમાં પ્રાર્થના.''

ત્યાર પછી વિશેષ મહાનુભાવો પૈકી પદમવિભૂષણ પંડિત શ્રી જસરાજજીએ પોતાની અભિવ્યક્તિ દર્શાવતા ગુરુવંદના રૂપ સ્તુતિ શ્લોક ગાયાં અને સમગ્ર સમારોહને મંત્રમુગ્ધ કરી દીધાં.

ગુરુ આજ્ઞા મેં નીશ-દિન રહીએ...
ગુરુ મહિમા અપરંપાર ...
ગુરુ ચરન રજ મસ્તક ધરીએ
ભવસાગર હસ હસકે તરીએ ...

ગુરુવંદનાની આ સ્વરાંજલી શુભેચ્છા સૌના હૃદયને પ્રભાવિત કરી ગઈ.

સંતોના પ્રવચનો પૈકી ગાંધીનગર સેકટર-૨૮ના શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજી સ્વામીએ જણાવ્યું કે : ''જેમ રાષ્ટ્રપતિપદ એ દેશનું સર્વોચ્ચ પદ છે તે સુપ્રિમકોર્ટ સુધી મૃત્યુદંડની સજા થઈ હોય તોય રાષ્ટ્રપતિ પોતે ઈચ્છે તો એ સજા મોકૂફ રાખી શકે છે. જ્યારે આ તો ભગવાન શ્રી



અનેક મહાનુભાવો સત્કાર સમારંભમાં પધારેલા. તે પૈકી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના ધર્મકુળ પરિવાર સાથે નિકટનો ઘરોબો ધરાવતા સુપ્રસિધ્ધ સંગીત સમ્રાટ પદ્મ વિભૂષણ શ્રી પંડિત જસરાજજી આપણા દરેક પ્રસંગની જેમ આ પ્રસંગમાં ખાસ ઉપસ્થિત રહી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીને શુભેચ્છા પાઠવી રહ્યાં છે, સાથે આપણા સંત હરિપ્રસાદ સ્વામી (કિલાપારડી)

સ્વામિનારાયણે સ્વયં આ પદ સ્થાપ્યું છે. અહીં આવીને વંદન કરે તોય કાળ, કર્મ, માયા, જન્મ, મરણનો ભય ટળી જાય એવું આ પદ છે. આ તો સંપ્રદાયના બંધારણીય વડા છે.''

દરમ્યાન પૂ. બિંદુરાજાનાં પુત્રરત્ન શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમાર સભા મંડપમાં પધાર્યા અને નાનાશ્રી તથા મામાશ્રીના વરદ્ હસ્તે આશીર્વાદરૂપ હાર ગ્રહણ કર્યા.

સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના ફાધર શ્રી મોરાન્ડો સાહેબ, અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના ભૂતપૂર્વ મેયર શ્રી હિંમતસિંહ પટેલ, સંસદ સભ્યશ્રી એ. કે. પટેલ સાહેબ, શ્રી નરહરિભાઈ અમીન વિ. સહિત વિવિધ ધારાસભ્યો પણ આમંત્રિત મહાનુભાવો પૈકી મુખ્ય હતા.

અમદાવાદ મંદિરના માજી મહંત સ્વામી શ્રી પી.પી. સ્વામીએ શુભેચ્છા પ્રવચનમાં જણાવ્યું કે : ''આજે લાખો યુવાનોના હૈયાં નાચી ઉઠ્યા છે. યુવા આચાર્યશ્રીને સંતો તથા હરિભક્તો ઉપર ખૂબ આદર છે. તેઓશ્રી કાયમ કહે કે મને તો સંતો અને સત્સંગીમાં ભગવાન દેખાય છે. માટે બધાને આદરથી જ બોલાવું છું. અરે ! તેઓ તો સ્વયં ભગવાનનું અપર સ્વરૂપ છે. આવા શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને વંદના કરીએ.''

બરાબર ૧૦-૩૦ વાગ્યે આજના આ સમારોહના અતિથિ વિશેષ એવા ગુજરાત રાજયના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પધાર્યા. એમણે આવીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું શાલ ઓઢાડી અને પુષ્પાહાર અર્પણ કરી અભિવાદન કર્યું.

''આ સુંદર અવસરનો હું ભાગીદાર બન્યો તેનું હું ગૌરવ અનુભવુ છું.'' એમ કહીને મુખ્યમંત્રીશ્રીએ એમના શુભેચ્છા-પ્રવચનમાં જણાવ્યું કે :

''આજથી ૫૦ વરસ પહેલાં ''ચોખ્ખા ઘીની દુકાન'' એવાં બોર્ડ નહોતા મૂકવાં પડતાં. ઘીની દુકાન એટલે જ ચોખ્ખા ઘીની દુકાન એમ ગણાતું. આજે જ્યારે સત્સંગ અને સત્સંગીની વ્યાખ્યા જ બદલાતી જોવા મળે છે ત્યારે મૂળ સંપ્રદાયનો મહિમા ખરેખર અદ્‌ભૂત છે.

ગીતાના કર્મના સિદ્ધાંતનું અહીં સાકારરૂપ જોવા મળે છે. ૨૦ વરસ પહેલાં કોઈ ભારતીય વિદેશ જતાં ત્યારે વિદેશીઓ 'નમસ્તે' કહીને સંબોધતા. છેલ્લા ૧૦ વરસથી સ્થિતિ એ છે કે ભારતીયો ને 'જય સ્વામિનારાયણ' કહે છે. શ્રી તેજેન્દ્રપ્રસાદજીએ વિદેશની ધરતી ઉપર સ્વામિનારાયણ સંપ્રદાયનો પ્રચાર-પ્રસાર કરી આ અદ્‌ભૂત કાર્ય કર્યું છે.

ગુજરાત તો સ્વામિનારાયણ સંપ્રદાયની કર્મભૂમિ રહી છે. અને ખરેખર તો એના ભક્તિનો મહિમા કરતાં એની સેવાનો મહિમા વધુ ઉજ્જવળ છે. એક સંસ્થાને ૨૦-૨૫ વર્ષ ચલાવવી એ પણ આજે લોઢાના ચણા ચાવવા જેવું છે. વાદ વિવાદ અને વિતંડાવાદ થી ઉંચી ન આવે. જ્યારે ૨૨૫ વર્ષથી સતત સેવા,

આધુનિકતા અને સાતત્યના ગુણો થકી આ સંસ્થા એકધારી ચાલતી આવી છે. મેં ક્યારેય આ મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના સંત કે આચાર્યશ્રી પાસેથી ચમત્કારની વાતો જાણી કે સાંભળી નથી ! ચમત્કારો દ્વારા સામેની વ્યક્તિને આંજી ને અહીં ધર્મપ્રચાર ક્યારેય થતો નથી. એ એની આગવી વિશેષતા છે.

બીજે બધે ભક્તો ભગવાનની કાળજી લેતાં હોય છે. જ્યારે આ એક જ સંપ્રદાય એવો છે. જેમાં આચાર્યશ્રી, સંતો અને હરિભક્તો સૌ ભેગાં મળી પ્રત્યેક સત્સંગીની હરહંમેશ કાળજી લેતાં હોય છે. અને આ જ જીવંતતા છે. એ કાંઈ અમથી નથી મળી જતી. એના માટે તપશ્ચર્યા કરવી પડે છે.

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે આ માટે અતીશે દાખડો કર્યો છે. તેઓશ્રી તો સત્સંગ માટે ક્યારેય નિવૃત્ત થવાંનાં જ નથી. તો યુવા આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજીનો લાભ તો મળવાનો જ છે. આમ હવે બેવડો લાભ મળ્યો છે. તેથી આપણને વિશેષ આનંદ છે.

પિતાશ્રીના સંસ્કાર આધુનિક શિક્ષણ અને સત્સંગનો વારસો આ ત્રણેય શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીને મળ્યાં છે. જેથી સત્સંગ વધુને વધુ ઉજ્જવળ બનશે એવો મને જરૂર વિશ્વાસ છે.

પ.પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજે એમનાં આશીર્વચન વક્તવ્યમાં આ પ્રમાણે



ધર્મકુળની ત્રણત્રણ પેઢીને (સેન્ટ ઝેવીયર્સ સ્કુલમાં) અંગ્રેજીનું ઉચ્ચ શિક્ષણ આપીને પોતાને અતિ ધન્ય માનતા ફાધર મોરન્ડોનું પૂ. આચાર્ય મહારાજશ્રી સન્માન કરતા.

જણાવ્યું "આજનો પ્રસંગ એ કોઈ શબ્દોમાં વ્યક્ત કરી ના શકાય એવી દિવ્ય અનુભૂતિ થાય છે. આપણે કોઈની નિયુક્તિ કરીએ છીએ ત્યારે આપણી પસંદગી પ્રમાણે કરીએ છીએ. ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વયં પસંદગી કરીને આ પદના આચાર્યની નિયુક્તિ કરી છે. અને સમય સમય ઉપર કરતાં આવ્યા છે. આ પદની ગરિમા તો જેટલી સમજીએ તેટલી ઓછી છે.

હું નાનો હતો ત્યારે સ્કૂલમાં બધા વિદ્યાર્થીઓ પૂછતાં "અલ્યા ! તું ક્યાંનો રાજા છે ?" અમે કહેતા "અમે છપૈયાના રાજા છીએ." પછી વળી પૂછે : "છપૈયા ક્યાં આવ્યું ?" અમે સાત આઠ વરસનાં હતાં તે મૂઝવણ તો થાય. પછી અમે કહ્યું. "આ બધા અનુયાયીઓનાં હૃદયમાં છપૈયા છે. તેના અમે રાજા છીએ. એટલે અમે બધાના હૃદયમાં રાજ કરીએ છીએ!

આપણા આ મૂળ સંપ્રદાયે સ્વામિનારાયણ સંપ્રદાયનું વ્યાપારીકરણ નથી કર્યું. એ આપણા માટે ગૌરવની વાત છે. આ સંપ્રદાયે ૨૦૦ વરસના ટૂંકા ગાળામાં માત્ર પ્રગતિ જ નહિ પણ માનવ સેવા અધિક કરી છે. શ્રીજી મહારાજનાં વચન છે કે ધર્મના માધ્યમથી સમાજ સેવા, દુઃખી-પીડિતોની સેવા કરવી."

ચીનનાં યુદ્ધથી લઈને અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ભૂકંપ વગેરે રાષ્ટ્રીય આપત્તિના પ્રત્યેક સમયે સંપ્રદાયના સંતો અને હરિભક્તો ગામડે ગામડે પહોંચ્યા છે. એ રીતે સંપ્રદાયે

સમાજ-કલ્યાણની પ્રવૃત્તિને હરહંમેશ અગ્ર સ્થાન આપ્યું છે.

આ નવા આચાર્યની નિયુક્તિ અમે નહીં, શ્રીજી મહારાજે પોતે જ કરી છે. અમે તો નિમિત્તમાત્ર બન્યાં છીએ. આ દિવ્ય સભામાં બિરાજતાં આદરણીય સંતો સૌ હરિભક્તો અને ઉપસ્થિત મહાનુભાવો સર્વે ભેગાં મળી નવા આચાર્યશ્રીને આશીર્વાદ આપજો. ધર્મ પાળવો અને પળાવવો એ બેવડી જવાબદારી વહન કરવાની ભગવાન એમને સવિશેષ શક્તિ આપે. અને સંતોને તેઓ વિશેષ આદર હરહંમેશ આપતા રહે તેવા એક પિતા તરીકે અમારા આશીર્વાદ છે."

છેલ્લે સમગ્ર સન્માન સમારોહના મુખ્ય આધાર એવા પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજે એમના ઉદ્‌બોધનમાં આ પ્રમાણે અમૃતવચનો પાઠવ્યા હતા.

"સર્વ પ્રથમ તો જે લોકોએ દૂર દૂરથી આવીને શુભેચ્છાઓ અને શુભકામનાઓ અમને પાઠવી છે. તેમનો આભાર માનું છું.

આ પાઘ એવી નથી કે જેના થકી લોકો ઉપર અનુશાસન કરી શકાય. મોટામાં મોટો ચમત્કાર મહારાજે એ જ કર્યો કે એમણે માણસને માણસ બનાવ્યો છે. એમણે સમાજના પ્રત્યેક માનવની જવાબદારી અને કાળજી સેવાથી રાખી.

હવે પાઘ ધારણ કર્યા પછી અમારી જવાબદારી ખૂબ વધે છે. આ સમગ્ર સત્સંગનો પ્રેમ આ લાલપાઘમાં છે. પૂ. બાપુજીએ નાનપણથી કોની સાથે કેમ વર્તવું, કેમ બોલવું, ક્યાં નમવું, ક્યાં ન નમવું, અંધારું, અજવાળું આ બધું જ સ્પષ્ટ કર્યું છે.

શ્રીજી મહારાજે સર્વે વેદ શાસ્ત્રોના નિચોડરૂપે શિક્ષાપત્રીના ૨૧૨ શ્લોક આપ્યા છે. મહારાજે કહ્યું છે કે આ શિક્ષાપત્રીરૂપી અમૃત તમને આપું છું જે તમને સુખી કરશે.

આજે પ.પૂ. મહારાજશ્રીએ પોતાના જીવનનો નિચોડ કરીને આ પાઘ અમને સોંપી છે. ત્યારે હું માનું છું કે આદરણીય સંતો, હરિભક્તો તેમ જ ગામડામાં રહેલો એક નાનો હરિભક્ત એ સૌનો પ્રેમ મારી સાથે કાયમ રહેશે. આ બધાં ભલે પાછળ બેઠેલાં હોય પણ એમની સેવાનું યોગદાન બહું મોટું હોય છે. જેઓની સેવા અને નિષ્ઠાના પ્રતાપે આ સત્સંગ વિકાસ પામ્યો છે.

સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં જ આ એક એક શ્વાસ છે, એના માટે આ જન્મ મળે છે, એના માટે કામ કરવાનું છે. આ સંતો, હરિભક્તોની સેવા કરવાની છે. ખૂબ મોટા મોટા મહાનુભાવો પણ ખૂબ હેત રાખે છે. આ લાગણી, આ જવાબદારી વહન કરવાની છે. સામે બેઠેલા શ્રી નરનારાયણદેવ અને એનાં સન્મુખ બેઠેલા અમારા પિતાશ્રી એ બેયને રાજી કરવાનાં છે. તો દુનિયા આખી રાજી થશે. જેમ ગણપતિએ મા બાપની પ્રદક્ષિણા કરીને બધું જીતી લીધું એ આશરો એ ભાવના કાયમ અમારી સાથે રહે એવી શક્તિ એવું બળ મહારાજ હરહંમેશ રાખે."

પચાસ હજારથી વધુ સંખ્યામાં આવેલ જન સમુદાયમાં દેશ વિદેશથી પધારેલા સંતો, સત્સંગીઓ અનેક મોટા મહાનુભાવો અને મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

અમદાવાદ મંદિરના મહંત સ્વામીશ્રી નિર્ગુણદાસજી સ્વામીએ સભા સંચાલનની સુંદર જવાબદારી અદા કરી હતી.

સત્સંગના નવા સુકાનીના પદારોહણ સમારોહ નિમિત્તે એમને સત્કારવા, સન્માનવા અને નજીકથી નિહાળવા માટે ઉપસ્થિત સર્વે જનોમાં એક પ્રકારની કુતુહલતા જોવા મળતી હતી.

અંતિમ ચરણમાં સૌ સત્સંગીજનોએ હરોળબંધ ઊભા રહી નવાં આચાર્યશ્રીના ચરણ સ્પર્શ કર્યા અને સાથે સાથે એમને જન્મદિનની શુભેચ્છા પણ પાઠવી હતી.

NRI હરિભક્તોની સન્માનીય નિષ્ઠા

– અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા

NRI એટલે "ભારતીય વિદેશવાસીઓ." તેઓ જ્યારે પણ આપણા દેશમાં આવે છે ત્યારે હરહંમેશ માનવંતા મહેમાનો ગણાય છે.

અહીં વાત કરવી છે આપણા સંપ્રદાય અને સંપ્રદાયની ધર્મકુળ પરંપરાની નિષ્ઠાને વરેલા એવા, વિદેશોમાં વસતાં આપણાં NRI હરિભક્તોની.

તા. ૧૫-૧૦-૨૦૦૪ને આસો સુદ બીજના દિને પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજનો ગાદી અભિષેક તથા પાઘ ધારણ વિધિ પ્રસંગ હતો. તથા વિજયાદશમીને તા. ૨૩-૧૦-૨૦૦૪ના શુભદિને શ્રીનરનારાયણદેવ પીઠસ્થાન સન્માન સમારોહ હતો.

પ.પૂ. નિવૃત્ત આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજનો આ એક સ્વતંત્ર અને સ્વરાટ નિર્ણય હતો. તે દરમ્યાન સમયનો ગાળો અતિ ટૂંકો હતો.

યુરોપ, અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલીયા, આફ્રિકા, દુબઈ વિ. જ્યાં જ્યાં આપણા મંદિરો અને ISSO નાં ચેપ્ટરો છે. ત્યાં ત્યાં જેવાં આ કુતુહલપૂર્ણ સમાચાર મળ્યાં કે વિદેશના હરિભક્તોના અંતરમાં ઉત્સાહ સહ આતુરતાના ઘોડપુર ઉમટ્યાં.

માત્ર બે કે ત્રણ દિવસ જ બાકી રહેલાં તેમ છતાં આ સર્વે હરિભક્તોએ



પ.ભ. ચંદ્રેશભાઈ પટેલ (બોસ્ટન વાળા) I.S.S.O. અમેરિકા વતી શુભેચ્છા પાઠવતા.

અમદાવાદ આવવા જાણે દોટ મૂકી છે. જેને જેવી એરલાઈન્સ મળી તેવી ટિકિટ લઈ લીધી અને અમદાવાદની વાટ પકડી લીધી. ૧૪મી ઓકટોમ્બર ૨૦૦૪ની રાત સુધીમાં લગભગ દોઢસોથી બસો જેટલાં NRI ભક્તજનો અહીં આવી ગયેલાં.

૧૫-૧૦-૨૦૦૪ને વહેલી સવારે શ્રી નરનારાયણદેવ સન્મુખ કેસર સ્નાન વેળાએ આ બધાં જ હરિભક્તો દર્શન માટે ઉપસ્થિત થઈ ગયા !

શ્રી હરિયાગ, ગાદી અભિષેક વિધિ પ્રસંગ, પ્રાસંગિક સભા તથા આચાર્યશ્રીઓનાં ઉદ્‌બોધ વચન આ પ્રત્યેક પળે NRI સત્સંગીઓની હાજરી ઘણી સૂચક બની રહી.

સરદાર પટેલ સ્ટેડિયમના પ્રાંગણમાં તા. ૨૩-૧૦-૨૦૦૪ને વિજયાદશમીના શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન સન્માન સમારોહમાં પણ સર્વે NRI હરિભક્તો વેળાસર એમના નિશ્ચિત સ્થાને શોભાયમાન થઈ ગયેલાં.

વતનથી હજારો માઈલ દૂર આત્મીયજનો અને આત્મન ભાઈ-ભાંડુઓથી વિખૂટા રહીને, એમણે વરસોથી વિદેશમાં વસવાટ કર્યો છે. પોતાના વ્યવસાય ધંધાના ભરચક Scheduleમાં પણ માત્ર બે દિવસની નોટિસમાં જ, આ ઐતિહાસિક ઘટના-અવસરમાં હાજરી આપવા માટે ઉમટી પડ્યા !

ધર્મકુળ મહિમા અને ધર્મકુળ પરંપરાને વિષે આવી ગજબની નિષ્ઠા ક્યારેય ઓછી આંકી ના શકાય. બસ

આ "લાલ પાઘ થકી જ આપણું તો કલ્યાણ છે." સુરાખાચર જેવી એમની આ સમજણ એમને વિદેશમાં પણ હરહંમેશ સત્સંગમાં ઓતપ્રોત રાખે છે.

પૂર્વગામી "અદ્વિતીય આચાર્ય" એવાં પ.પૂ. શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજની તેજોમય આભા તથા વિદ્યમાન આચાર્ય પ.પૂ. શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજના ધર્મ કૌશલ્યમાં એમને અનહદ આસ્થા, શ્રધ્ધા તથા વિશ્વાસ છે. શ્રીહરિના આ પ્રણાલિગત સત્સંગનું ભાવિ અતિ ઉજળું છે. એમાં જરાય શંકા નથી.

જ્યારે જ્યારે ઉત્સવ સમૈયા કે આવી ઐતિહાસિક પળો માણવાનો અવસર હોય ત્યારે ત્યારે આ સર્વે NRI ભક્તજનો બધું કામ પડતું મૂકીને આવી જાય છે. "ધર્મ સંબંધી જે કાર્ય તે તો તત્કાળ કરવું." શિક્ષાપત્રીની આ આજ્ઞા તેઓ કાયમ શિરોમાન્ય લેખે છે !

શ્રી સ્વામિનારાયણ માસિકના આ વિશેષાંકમાં એ સર્વે NRI ભક્તજનોની વિશેષ નોંધ લેવી જ ઘટે. પૂ. આચાર્ય મહારાજશ્રીથી લઈને પૂ. મહંત સ્વામી સહિત સંપ્રદાયના સર્વે આદરણીય સંતો તેમજ અહીંના સર્વે હરિભક્તો પણ એમની આવી નિષ્ઠાને ભારોભાર સન્માને છે.

યુ.કે. લંડનથી પધારેલાં હરિભક્તોમાં શ્રી નારણ ભીમજી, હાલાઈ, શ્રી ભાવેશ કુંવરજી, શ્રી રમેશભાઈ ભીમજી, શ્રી કાંતિભાઈ નારણ, શ્રી નિતીનભાઈ હિરાણી, શ્રી પરબતભાઈ, શ્રી જીતેનભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ ખીમાણી, શ્રી મનજીભાઈ કરસન વેકરીયા, શ્રી નારણભાઈ માવજી વરસાણી, શ્રી દેવજી હાલારીયા, બોલ્ટન યુ.કે. થી શ્રી નંદુભાઈ, શ્રી કાંતિભાઈ ઓલ્ડહામથી શ્રી હિતેશભાઈ ભૂડીયા, ઓસ્ટ્રેલિયાથી શ્રી અશ્વિનભાઈ કેન્યાથી સુરેશભાઈ નારણ કેરાઈ, મૂળ કચ્છ હાલાર પંથકના આ સર્વે NRI હરિભક્તો છે.

લાખો યુવાનોનાં પ્રાણપ્યારાં અને



શિકાગોના નવ લોહિયા યુવક શ્રી વિવેક બ્રહ્મભટ્ટે સત્કાર સમારંભમાં પોતાની અંગ્રેજી વાક્ છટાથી સભાને આંજી દીધી હતી ! આવા આવા તો હજારો યુવકોનું સૈન્ય દેશ-વિદેશમાં પ.પૂ. મહારાજશ્રીના નેજાહેઠળ તૈયાર થયું છે.

પોતાનાં જ યુવા આચાર્યશ્રીનો આ અવસર હતો. તેથી વિદેશથી પધારેલ યુવા સત્સંગી બંધુઓ પૈકી લંડનથી શ્રી કમલભાઈ, શ્રી દિલીપભાઈ, શ્રી દીપકભાઈ, શ્રી રાજેશભાઈ, શ્રી પ્રકાશભાઈ પટેલ, શ્રી રવિભાઈ, શ્રી હિરેનભાઈ, શ્રી નીલકંઠભાઈ આદિક મુખ્ય હતા.

અમેરિકામાં ન્યુજર્શી, ડીટ્રોઈટ, બોસ્ટન, શિકાગો, લોસ એન્જલેસ, લેકલેન્ડ ફ્લોરિડા વિ. શહેરોથી મોટી સંખ્યામાં યુવા સત્સંગી બંધુઓ ઉમટી પડેલાં તે પૈકી શ્રી પ્રેમજી કેરાઈ દેવ કેરાઈ (L.A.U.S.A.) શ્રી ચંદ્રેશભાઈ પટેલ, અંકિત પટેલ, તેજસ પટેલ (બોસ્ટન), શ્રી નિલેશભાઈ, શ્રી પ્રણવભાઈ, શ્રી ધ્રુવલભાઈ, શ્રી જ્ઞાનેશભાઈ ધોળકિયા, (બોસ્ટન) શ્રી નયનભાઈ, શ્રી મહેશભાઈ, શ્રી પ્રહલાદભાઈ પટેલ (ન્યુજર્શી), ફ્લોરિડાથી શ્રી મણિભાઈ પટેલ આદિક મુખ્ય મુખ્ય હતા.

દુબઈથી પ.ભ. શ્રી ભીમજીભાઈ ટાંક પણ પધારેલા. તો ISSO ટોરન્ટો કેનેડા ચેપ્ટર વતી શ્રી રસિકભાઈ (રમેશભાઈ) પટેલ પણ પધારેલા. શિકાગોથી યુવા મિત્ર શ્રી વિવેક બ્રહ્મભટ્ટ પણ હતા. બહેનો પણ મોટી સંખ્યામાં આવેલા. એ પૈકી લંડનથી પ્રેમીલાબેન, ઈન્દુબેન, વર્ષાબેન પાઠક તો કેનેડાથી લીલાબેન પટેલ, ન્યુજર્સીથી લીલાબને પટેલ આદિ મુખ્ય હતા.

લગભગ બસોથી ત્રણસોની સંખ્યામાં આ ઐતિહાસિક સુવર્ણ અવસરને માણવા માટે પધારેલા NRI ભક્તજનો પૈકી આ તો થોડાક નામોનો નિર્દેશ કરેલો છે. બાકી અહીં પધારેલ સર્વે NRI હરિભક્તોની ધર્મકુળ પરંપરા પ્રત્યેની નિષ્ઠા સર્વ રીતે સન્માનીય છે. ભલે અહીં એમના નામો નિર્દેશ પામ્યા ના હોય પરંતુ ધર્મકુળ પરિવાર અને સર્વે સંતોનો રાજીપો હરહંમેશ એમના માટે અકબંધ જ છે.

સત્સંગ સમાચાર



અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાંનિધ્યમાં ઉજવાયેલ દિવાળીના ઉત્સવો

સર્વોપરિ શ્રી નરનારાયણદેવના રૂડા સાંનિધ્યમાં અમદાવાદ મંદિરમાં કાળી ચૌદશને તા. ૧૧-૧૧-૦૪ના રોજ ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીના કુળદેવતા શ્રી હનુમાનજી મહારાજનું પૂજન અર્ચન અને આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર રીતે સંપન્ન થયેલ. દિવાળીના તા. ૧૨-૧૧-૦૪ના રોજ શ્રીહરિએ સ્વયં બાથમાં લઈ પધરાવેલ સ્વસ્વરૂપ સર્વોપરિ શ્રી નરનારાયણદેવને છપ્પન ભોગ અન્નકૂટ ભરવામાં આવેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રીએ અન્નકૂટ આરતી ઉતારીને અન્નકૂટ દર્શન ખુલ્લા મુક્યા હતા. બપોરના ૧૨ થી સાંજના ૪-૩૦ સુધી હજારો મુમુક્ષુજનો અને ધાર્મિક લોકોએ દર્શન કર્યા હતા. જેનું દૂરદર્શનની કમેરા ટીમે ને ઈ.ટી.વી.ની કેમેરા ટીમે તેનું જીવંત પ્રસારણ કરીને ગુજરાતની કરોડો ધાર્મિક જનતાને અન્નકૂટના દર્શન કરાવ્યા હતા. જે માટે પ.ભ. ધીરજભાઈ કાકડીયા (દૂરદર્શન ન્યુઝ એડીટરશ્રી) અને પ.ભ. શ્રી સતીષભાઈ મોરી (ડાયરેકટરશ્રી ઈ.ટી.વી.)ને ખૂબખૂબ ધન્યવાદ. સાંજે સમૂહ ચોપડા પૂજન-શારદાપૂજન ૬-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદવિધિસર રીતે વિદ્વાન પંડિતોની ટીમ દ્વારા સંપન્ન થયું હતું. મંદિરનો વિશાળ સભામંડપ ધજા-પતાકા અને લાલ કલરના સુંદર ચોપડાઓથી શોભાયમાન લાગતો હતો. વેદપરંપરાગત શારદા પૂજનની વિધિને નિહાળીને દરવર્ષે વહેપારી ભક્તજનો વધુને વધુ સંખ્યામાં પૂજન કરાવવાનો આગ્રહ રાખતા હોય છે. પૂ. મહંત સ્વામીની પ્રેરણાથી બન્ને કોઠારી સ્વામી અને સ્ટાફગણે આ પ્રસંગે પ્રશંસનીય સેવાનું ઉદાહરણ પુરુ પાડ્યું હતું. આટલા બધા ચોપડાઓમાં કોઈના પણ ચોપડા ગેરવલ્લે ન જાય તેનું સુંદર ધ્યાન રાખીને દરેકને પૂજન વિધિ બાદ



પ.પૂ. આચાર્ય મહારાજશ્રી દરેક વ્યક્તિના ચોપડામાં સ્વહસ્તે પૂજા કરી પુષ્પ વેરી રહ્યાં છે. આપણા મંદિરમાં શારદા પૂજનમાં દર વર્ષે ઉત્તરોત્તર પૂજન કર્તાઓની સંખ્યા વધતી જાય છે.

બીજા જ દિવસથી ચોપડાઓ આપવાનું ચાલુ કરવામાં આવેલ. ખરેખર આ સેવા પ્રવૃત્તિને બિરદાવવા જેવી છે. અન્નકૂટની સેવામાં મૂળીથી પૂ. ઉત્તમપ્રિયદાસજી સ્વામી, મુક્તજીવન સ્વામી, ધર્મપ્રકાશ સ્વામી ભંડારી આદિ સંતોએ કોઠારી સ્વામી બ્રહ્મવિહારીદાસના સૂચન માર્ગદર્શન મુજબ શુધ્ધતા અને પવિત્રતાથી અદ્‌ભુત સેવા કરી હતી. શ્રી નરનારાયણદેવ દેશ તાબાના ૫૦૦ જેટલા હરિમંદિરોમાં બેજ દિવસમાં અન્નકૂટ પ્રસાદનું વિતરણ પુરૂ કરવામાં આવ્યું હતું. જેમાં સંતો, હરિભક્તો અને પાર્ષદોએ સુંદર સેવા કરીને શ્રીજી મહારાજ અને ધર્મકુળનો રાજીપો મેળવ્યો છે. (શા.સત્યપ્રકાશદાસજી)

હરિમંદિર કરજીસણનો દ્વિતીય પાટોત્સવ

આસો સુદ-૧૩ ધન તેરસ તા. ૧૦-૧૧-૦૪ના શુભ દિને અત્રે મંદિરના પાટોત્સવના ઉપલક્ષમાં સવારના અમદાવાદથી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. લક્ષ્મીસ્વરૂપ અ.સૌ. ગાદીવાળાશ્રી, પ.પૂ. લાલજી શ્રી ૧૦૮ વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પૂ. શ્રીરાજા, પ.પૂ.અ.સૌ. બિન્દુરાજા અને સાથે ચિ. સૌમ્યકુમાર અને ચિ. સુવ્રતકુમાર પધાર્યા હતા.

મુખ્ય યજમાન પ.ભ. પ્રહલાદભાઈ પટેલે પ.પૂ. મહારાજશ્રીનું પૂજન કરીને આશીર્વાદ મેળવ્યા હતા.

(પ્રહલાદભાઈ વી. પટેલ - ન્યુજર્સી)

રાજસ્થાન મારવાડના હરિભક્તોને સૂચના

શ્રી નરનારાયણદેવ તાબાના **શ્રી સ્વામિનારાયણ મંદિર વાલી**માં કોઈપણ હરિભક્ત દાન-ધર્માદો આપે તો તેની પાકી પાવતી મેળવી ને જ ધર્માદો કે દાન કરવું. પાવતી વગર આપેલ ધર્માદો કે દાન નિરર્થક જાય છે. જેની સૌ ભક્તોએ નોંધ લેવી.

(કોઠારી સ્વામી વાલી મંદિર)

બદ્રીનાથ ધામમાં ૨૩મો પાટોત્સવ ઉજવાયો

સર્વાવતારી ભગવાન સ્વામિનારાયણની પ્રાકટ્યની સંકલ્પ ભૂમિ હિમાલયની ગીરીકંદરાઓમાં વિશાલાની શાંતિરમ્ય વાતાવરણમાં વસેલા બદ્રીનાથધામના સાંનિધ્યમાં આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયના સ્વરૂપનો ૨૩મો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગના ભવ્ય સંભારણાના મંગલ દિને સંપ્રદાયના સર્વોચ્ચ વડા ધર્મગુરૂ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ભગવત સ્વરૂપનો ષોડશોપચાર વિધિ પૂર્વક પૂજન અને મહાભિષેક કર્યો હતો. જેના યજમાન પદે અમદાવાદના અગ્રણી હરિભક્ત પ.ભ.શેઠશ્રી નારાયણભાઈ ઈશ્વરભાઈ પટેલ રહ્યાં હતાં. મહોત્સવના અંગભૂત "શ્રી હરિવનવિચરણ" ગ્રન્થની ત્રિદિનાત્મક પારાયણનો લાભ શાસ્ત્રી સ્વામી શ્રીજી પ્રકાશદાસજીના વક્તા પદે પ્રાપ્ત થયો હતો. ધામધુમથી ઉજવાયેલ આ ઉત્સવમાં મોટી સંખ્યામાં સંતો તથા વિશાળ હરિભક્તોનો સમુદાય ઉપસ્થિત રહ્યો હતો.

- મહંત ગોલોકવિહારીદાસજી

ધરિયાવદ (રાજ.) મંદિરમાં મૂર્તિપ્રાણપ્રતિષ્ઠા

સમસ્ત સત્સંગને સહર્ષ જણાવતા આનંદ થાય છે કે, સર્વોપરિશ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી અને શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદ પ્રેરણાથી રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના સુંદર રમણીય શાંત વિસ્તાર ધરિયાવદમાં દોઢ વર્ષના ટુંકા ગાળામાં ત્રણ શિખરનું પથ્થર અને મારબલથી ભવ્ય મંદિર પૂર્ણ થવા આવ્યું છે. જેની **મૂર્તિ પ્રતિષ્ઠા તા. ૧૪-૨-૨૦૦૫ થી તા. ૨૦-૨-૨૦૦૫ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્‌ હસ્તે ધામધુમથી થશે.** ઘણા સેવા ભાવી હરિભક્તોએ પોતાની સેવા લખાવી છે. જેઓની સેવા બાકી હોય તેમણે અને જેમને આ પ્રસંગમાં યજમાન બનવાથી બીજી અન્ય સેવાનો લાભ લેવો હોય તેમણે સત્વરે પોતાની સેવા લખાવી જવી.

સંપર્ક :

મહંત શા. સ્વામી ઈશ્વરજીવનદાસજી

ગુરુ શાસ્ત્રી પી.પી. સ્વામી

શ્રી સ્વામિનારાયણ મંદિર જેતલપુર,

શ્રી સ્વામિનારાયણ મંદિર ધરિયાવદ

વિદેશ સત્સંગ સમાચાર

ડિટ્રોઇટ (I.S.S.O., U.S.A.) શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા

શ્રી નરનારાયણદેવ દેશ અમદાવાદ ની I.S.S.O. સંસ્થાપિત U.S.A.ના ડિટ્રોઈટ શહેરમાં આપણું નવ્ય ભવ્ય શિખરબધ્ધ મંદિર નિર્માણ થતા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી તા. ૬-૯-૦૪ થી તા. ૧૨-૯-૦૪ પર્યન્ત મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં ભાગવત કથા, વિષ્ણુયાગ અને અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

તા. ૬-૯-૦૪ થી તા. ૧૨-૯-૦૪ શ્રીમદ્ ભાગવત કથા પારાયણ પૂ. શાસ્ત્રી શ્રી યોગેન્દ્રભાઈ ભટ્ટ (પીજવાળા)ના વક્તાપદે સંપન્ન થઈ હતી. તા. ૧૦-૯-૦૪ થી તા. ૧૨-૯-૦૪ વિષ્ણુયાગનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ડિટ્રોઈટ શહેરના રાજમાર્ગો પર ૧૧ સપ્ટેમ્બરના શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની ઠાકોરજી સાથે શોભાયમાન ગાડીમાં સંત-હજુરી પાર્ષદ મંડળ અને હજારોની સંખ્યામાં હરિભકતો સાથે ભવ્યાતિ ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. જે ખરેખર ખૂબજ અદ્‌ભૂત અને દિવ્ય હતી.

તા. ૧૨-૯-૦૪ના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અત્રે મંદિરમાં બિરાજમાન શ્રીરાધાકૃષ્ણ દેવ હરિકૃષ્ણ મહારાજ, શ્રી નરનારાયણદેવ, શ્રીલક્ષ્મીનારાયણદેવ આદિ સ્વરૂપોની પ્રાણ પ્રતિષ્ઠા વેદવિધિસર રીતે ધામધુમથી સંપન્ન થઈ. હજારો U.S.A.ના હરિભક્તોએ અને દરેક I.S.S.O. ચેપ્ટરના હરિભક્તોએ દર્શન કરીને દિવ્યાનંદ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ કથા પારાયણ અને વિષ્ણુયાગની પૂર્ણાહુતિ વિધિવત રીતે થઈ. સત્સંગી બહેનોને પણ દિવ્ય સુખ આપવા લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. અ.સૌ. ગાદીવાળાશ્રીએ પધારીને દિવ્ય લાભ આપ્યો હતો.

આ પ્રસંગમાં મુખ્ય યજમાનો નીચે મુજબ હતા. મૂર્તિ પ્રતિષ્ઠાના મુખ્ય યજમાન પ.ભ. ડૉ. અરવિંદભાઈ પટેલ તથા અ.સૌ. ધર્મિષ્ઠાબેન પટેલ, શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિના યજમાન પ.ભ. મનોજભાઈ તથા રાજેશ્વરીબેન બ્રહ્મભટ્ટ, શ્રી રાધાકૃષ્ણદેવની મૂર્તિના યજમાન ઉત્તર ગુજરાત કડવા પાટીદાર ૪૨ ગોળ સમાજ. શ્રી લક્ષ્મીનારાયણ દેવની મૂર્તિના યજમાન પ.ભ. તુષારભાઈ તથા પ્રિતીબેન પટેલ, શ્રી નરનારાયણદેવની મૂર્તિના યજમાન પ.ભ. ઘનશ્યામભાઈ તથા કોકીબેન પટેલ, પ.ભ. રાજુભાઈ તથા મોનાબેન પટેલ, (મીસૌરી) શ્રીમદ્ ભાગવત પારાયણના યજમાન પ.ભ. હિંમતભાઈ તથા કંચનબેન ખેર, પ.ભ. નટવરભાઈ તથા રંજનબેન સોલંકી મહાવિષ્ણુયાગના યજમાન પ.ભ. કાંતિભાઈ તથા સવિતાબેન પટેલ, પ.ભ. ભોળાભાઈ તથા મંગુબેન પટેલ હતા. આ સિવાય પણ અનેક હરિભક્તો અને ધર્મપ્રેમી જનોએ યજમાન બનીને દિવ્ય લાભ લઈ પ.પૂ. મહારાજશ્રીના આશીર્વાદ મેળવ્યા હતા. તા. ૪-૯-૦૪ થી ૧૫-૯-૦૪ દરમ્યાન પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ અનેક હરિભક્તોના ઘરે પધરામણી કરી અને નવા મુમુક્ષુઓને ગુરુમંત્ર આપી કંઠી-વર્તમાન ધરાવી સત્સંગી કર્યા હતા.

આ પ્રસંગમાં સંતોમાં શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી (ન્યુજર્સીવાળા), શા.સ્વા. હરિકૃષ્ણદાસજી (છપૈયા માજી મહંત) અને સ્વામી દેવપ્રકાશદાસજી (ધોળકા માજી મહંત) આદિ સંતો ઉપસ્થિત રહ્યા હતા. ૨૦૦૦ થી પણ વધારે હરિભક્તોએ પ્રસંગને માણ્યો અને જીવનને ધન્ય બનાવ્યું.

(I.S.S.O. ડિટ્રોઈટ ચેપ્ટર)

વોશિંગ્ટન બુવી મેરીલેન્ડ (I.S.S.O., U.S.A. ચેપ્ટર)

અત્રે બીજી ઓકટોબરના શનિવારના સાંજના ૨॥ કલાક સત્સંગ સભામાં ભજન કીર્તન વચનામૃત વાચન અને થાળ આરતી નિત્ય નિયમ કરવામાં આવેલ. ઘણાંજ હરિભક્તો સભામાં લાભ લેવા પધાર્યા હતા. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી અહીં સત્સંગની સુંદર પ્રવૃત્તિ થાય છે.

(કનુભાઈ પટેલ)

ઓકલેન્ડ (ન્યુઝીલેન્ડ I.S.S.O. ચેપ્ટર)માં શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભૂમિપૂજન

અત્રે ઓકલેન્ડમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આપણા I.S.S.O. સંસ્થાપિત નૂતન શ્રી સ્વામિનારાયણ મંદિરનું ભૂમિ પૂજન વિજ્યા દશમી શનિવાર તા. ૨૩-૧૦-૦૪ના રોજ બપોરે ૩-૦૦ કલાકે વિધિવત રીતે વેદવિધિસર સંપન્ન થયુ હતું. આ પ્રસંગે મહાપૂજાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. પૂજન વિધિમાં ૮૦

હરિભક્તોએ ભાગ લીધો હતો. પૂજન વિધિ શ્રી નંદલાલભાઈ અને અહીંના ભારતીય મંદિરના પૂજારીશ્રી ઉપેન્દ્રભાઈ દ્વારા કરવામાં આવી હતી. આ પ્રસંગે સેંકડો ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા. મંદિરના બાંધકામમાં સહયોગ આપનારનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભૂમિપૂજન બાદ શ્રીજી મહારાજની કૃપાથી અમી છાંટણા થયા હતા. સર્વે સભાજનોને આજ દિવસે અમદાવાદમાં ચાલી રહેલ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ગાદી અભિષેક મહોત્સવના શુભ સમાચાર અને માહિતી આપવામાં આવી હતી. હરિભક્તોએ પૂજનનો લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. આવા સુંદર ઉત્સવ પ્રસંગમાં એવું દિવ્ય લાગતું હતું કે સ્વયં શ્રીહરિને અહીં બિરાજવાનું ઘણા સમયથી જાણે નક્કી કરી લીધું હતું.

ભૂમિ પૂજનબાદ મંદિર નિર્માણનું કામ ખૂબજ વેગવંતુ બનાવવામાં આવ્યું છે.


પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગ સમુદાય સત્સંગની સરસ પ્રવૃત્તિ કરી રહી છે.

(કાંતિભાઈ પટેલ, જયંતીભાઈ પટેલ, બિપીનભાઈ ઠક્કર અને અરૂણભાઈ સોની)

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબીનો સાર્ધ શતાબ્દી મહોત્સવ

કચ્છ પ્રદેશમાંથી વરસો પહેલા ધંધાર્થે ઘણા કચ્છી પટેલ સત્સંગીઓ આફ્રિકાના ખંડમાં કેનિયા, યુગાન્ડા આદિ દેશોમાં જઈને વસ્યા. બીજા દેશમાં જઈને પણ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ધર્મને જીવની જેમ સાચવ્યો, જાળવ્યો અને પોતાની ભાવિ પેઢીને પણ તેનું મૂળથી પોષણ કર્યું. અને ત્યાં ક્રમશઃ મંદિરોનું સુંદર ભવ્ય નિર્માણ કરાવડાવી શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠા કરાવેલ. આફ્રિકામાં નાઈરોબી-મોમ્બાસા, કંપાલા, દારેસલામ, નુકુરૂ, નડોલા આદિ શહેરોમાં આપણા કુલ ૭ જેટલા મંદિરો નિર્માણ થયા છે. અહીં ભુજ મંદિરના સંતો દ્વારા સત્સંગને નવ પલ્લિત રાખવામાં આવ્યો છે.

અહીં કેનીયાના નાઈરોબી શહેરના ક.સ. શ્રી સ્વામિનારાયણ મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતા સાર્ધ શતાબ્દી મહોત્સવ



નૈરોબી ક.સ.સ્વામિનારાયણ મંદિરનાં સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે શ્રી નરનારાયણદેવની પ્રાણપ્રતિષ્ઠા કરતાં પ.પૂ.મહારાજશ્રી



નૈરોબી ક.સ.સ્વામિનારાયણ મંદિરનાં સાર્ધ શતાબ્દી મહોત્સવ પ્રસંગે યજ્ઞની આરતી ઉતારતાં પ.પૂ.મહારાજશ્રી

ઉજવવાનું આયોજન પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અને ભૂજના મહંત સ્વામીની પ્રેરણા આશીર્વાદથી કરવામાં આવ્યું. તા. ૨૪-૧૦-૦૪ થી ૩૧-૧૦-૦૪ પર્યન્ત સાર્ધ શતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં કથા પારાયણ, પોથીયાત્રા, શોભાયાત્રા, વિષ્ણુયાગ આદિ કાર્યક્રમો ધામધુમથી સંપન્ન થયા હતા.

<u>તા. ૨૪-૧૦-૦૪ રવિવાર</u> દેશ વિદેશથી પધારેલા હરિભક્તોનું સ્વાગત સંતો દ્વારા કરવામાં આવ્યું. વાજતે ગાજતે પોથીયાત્રા વિશ્રાંતિભૂવનથી સભા મંડપ સુધી કાઢવામાં આવી.

<u>તા. ૨૫-૧૦-૦૪</u>ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે શ્રીમદ્ સત્સંગિજીવન કથા શા.સ્વા. પરમહંસદાસ અને સાંજે સ્વા. શ્રીપ્રકાશદાસના વક્તાપદે વિધિવત રીતે પ્રારંભ થયો.

સાંજે નાઈરોબીના એરપોર્ટ પર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ઉત્તર વિભાગના આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી (જેઓની આચાર્યપદ પર આરુઢ થયા પછીની આ પ્રથમ વિદેશ યાત્રા હતી) એ ઉતરાણ કર્યું કે તુરંત હજારો હરિભક્તો પોતાના વ્હાલા પ્રાણ પ્યારા આચાર્ય મહારાજશ્રીના દર્શન સ્વાગત સામૈયું કરવા ઉમટ્યા હતા. કેનિયા દેશના બે મિનિસ્ટરો મહાનુભાવોની ઉપસ્થિતિમાં VIP લોંચમાં પૂ, મહારાજશ્રીનું સ્વાગત રેડકાર્પેટ ઉપર અદ્‌ભૂત અને ભવ્યાતિભવ્ય કરવામાં આવ્યું. ખરેખર કેનિયામાં આવુ સ્વાગત સામૈયું કોઈ ધર્મમાં વડાનું ક્યારેય થયું નથી. ત્યાંથી સીધા પ.પૂ. મહારાજશ્રી ઉતારે પધાર્યા.

સાંજે ૫-૦૦ કલાકે શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સ્વાગત થતા હજારોની સંખ્યામાં ભાઈઓ તથા બહેનોએ માથે કળશ શ્રીફળ સાથે ભારતીય સંસ્કૃતિની પરંપરાગત સુંદર સ્વાગત સામૈયું કરવામાં આવ્યું. મંદિરમાં પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે સાર્ધ શતાબ્દી મહોત્સવના આકાર ધરાવતી સુંદર કેકનું કટીંગ કરીને ભવ્ય એકઝીબીશન સૌના દર્શન માટે ખુલ્લુ મુકયું.

<u>તા. ૨૬-૧૦-૦૪</u>ના રોજ સભામાં મંદિરની ૫૦ વરસની પ્રવૃત્તિને આલેખતુ 'સ્મૃતિગ્રંથ'નું વિમોચન પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે થયું.

<u>તા. ૨૭-૧૦-૦૪</u>ના શરદ પૂર્ણિમાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ૫૦મી સુવર્ણ જયંતીનો શુભ દિવસ હતો. સવારે ૭ થી ૧૦-૩૦ વિષ્ણુયાગની વિધિ પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે વેદ વિધિસર સંપન્ન થઈ. જેનો મોટી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો.

મંદિરમાં સિંહાસનમાં બિરાજમાન ભગવાન શ્રીહરિની મૂર્તિઓનો અભિષેક કળશ-વિધિ, અન્નકૂટોત્સવ તથા ૫૦ દીપમાળાઓની સુંદર આરતી શ્રીહરિના ૭માં વંશજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે ઉતારવામાં આવી. જેના દર્શન અલૌકિક અને ભવ્ય હતા. તેજ બહેનોના મંદિરમાં શ્રી નરનારાયણદેવની મૂર્તિપ્રતિષ્ઠા વેદ વિધિસર રીતે સંપન્ન થઈ. સાંજના શરદોત્સવ તથા મહાપ્રસાદ પ્રસંગે સાર્ધ શતાબ્દી મહોત્સવની પ્રતિકૃતિ સમાન હાર શ્રીકચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરની કાર્યવાહક કમિટી વતીથી પ.પૂ.

આચાર્ય મહારાજશ્રીને પહેરાવીને ભવ્ય સન્માન કરવામાં આવ્યું.

<u>તા. ૨૮-૧૦-૦૪</u> અને <u>૨૯-૧૦-૦૪</u>ના રોજ સાંજના દેશ-વિદેશથી પધારેલા હરિભક્ત મહેમાનોનું સ્વાગત પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગના ઉપલક્ષમાં શ્રીહેમંત ચૌહાણ (લોકગાયક) તથા શ્રી હસમુખ પાટડીયાના સ્વરમાં ગવાયેલા નંદસંતોના કીર્તનની સીડી અને ઓડિયો કેસેટનું વિમોચન પ.પૂ. મહારાજશ્રીના વરદ્ હસ્તે સંપન્ન થયું.

<u>તા. ૩૦-૧૦-૦૪</u>ના રોજ બપોરના ૨-૩૦ કલાકે હેલિકોપ્ટરમાં ગ્લોબ સિનેમાં પર ઉતરાણ કરીને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની શોભાયાત્રાનો પ્રારંભ થયો. આ શોભાયાત્રા એટલી ભવ્ય અને ઐતિહાસિક હતી કે આટલા વરસોમાં આટલી જનમેદની અને આટલી શોભાયાત્રાની ભવ્યતા જોવામાં કે સાંભળવામાં આવી નથી ! ખરેખર અદ્‌ભૂત અને અલૌકિક જ કહેવાય ! જે કોરીન્યાના રોડ ઉપરથી આપણા મંદિર સુધી એટલી લાંબી શોભાયાત્રા હતી કે રસ્તામાં જોનાર ને એમ થતું કે આપણે પણ આમાં જોડાઈને લાભ લઈએ ! શ્રીહરિના અપરસ્વરૂપ એવા નવ નિયુક્ત પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના શોભાયાત્રામાં દર્શન કરીને સૌની આંખલડી શરદઋતુના સુંદર વાતાવરણમાં આહ્‌લાદાયક લાગતી અને સૌના મન અતિ પ્રફુલ્લિત અને આનંદમગ્ન હતા ! જેમાં વિવિધ કાર્યક્રમો પૈકી ઘોડેશ્વારી, લેઝીમના દાવો રમતા નવયુવાનો બેન્ડ પાર્ટી, સત્સંગ મંડળની રાસ રમતી ચાર મંડળીઓ, કેનિયા પ્રાન્તના સુપ્રસિધ્ધ મસાઈ ડાન્સરો વગેરે સૌએ પોતાની આગવી કલા કુશળતાના દર્શન કરાવ્યા ! સિંહ, હાથી અને ચિતાના વેષધારી કલાકારોએ પણ પોતાનું આગવું પ્રદર્શન રજુ કરીને સૌની રમુજ કરી ! અને શોભાયાત્રાની



ભવ્યાતિભવ્ય શોભાયાત્રામાં દર્શન આપતાં પ.પૂ.આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ.લાલજી મહારાજશ્રી

શોભાયાત્રામાં વિવિધ વસ્ત્ર પરિધાનમાં સત્સંગી બહેનો





શોભામાં વધારો કર્યો.

આખી શોભાયાત્રા દરમ્યાન હેલીકોપ્ટરથી સુગંધીત સુંદર ફૂલોની વર્ષા કરવામાં આવતી હતી ! હજારો આફ્રિકન પ્રજા પણ શોભાયાત્રા નિહાળીને દિગ્મુઢ અને આશ્ચર્યચકિત થઈ ગઈ ! પ.પૂ. મહારાજશ્રી અને પ.પૂ. લાલજી શ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સાથે વિદ્વાન સંત મંડળ, હજુરી પાર્ષદ અને મંદિરના ચેરમેનશ્રી વિગેરે શણગારેલ વાહનમાં લાભ લઈ રહ્યા હતા. મસાઈ ડાન્સરોને આજ તાન ચડ્યુ અને સંકલ્પ થયો કે આજે તો આ બાળસ્વરૂપ ભગવાનનું સ્વરૂપ પૂ. લાલજી મહારાજને જ રાજી કરવા છે. તેથી ઉંચાઉંચા કુદકાઓ લગાડી ડાન્સ કરીને પોતાની કલા સૂઝના દર્શન કરાવ્યા. આવી પ્રજા પણ ભગવાનને ઓળખી કાઢે છે. ધન્ય છે. તેમને ! પાછળ બહેનો સુંદર વેષપરિધાનમાં ભારતીય પરંપરાનું દર્શન કરાવતી ભગવાનના નામનો જયઘોષ કરતી હતી.

હવે શોભાયાત્રા જ્યારે પરમ સીમાએ પહોંચી ત્યારે પ.પૂ. લાલજી મહારાજ પોતાના સ્થાન પરથી ઉભા થઈને મંદિર પાસે હાઈડ્રોજન ગેસ ભરેલા હજારો ફુગાઓના ઝુમખા આકાશમાં ઉડાડવા લાગ્યા ત્યારે સર્વત્ર શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશી આચાર્ય મહારાજશ્રીનું નામ અવકાશી વાતાવરણમાં ચોમેર પ્રસાઈ ગયું ! જે દ્રશ્ય જે પ્રસંગને નિહાળીને સૌ ભાવ વિભોર બનીને પ્રસંગને માણવા લાગ્યા. યુવાનો શોભાયાત્રામાં સુંદર વેષ પરિધાન કરીને શોભાયાત્રાની શોભાને વધારતા હતા. આ શોભાયાત્રા નાઈરોબી શહેર અને કેનિયાની પ્રજા માટે ચિરઃ સ્મરણીય અને ઐતિહાસિક બની રહી ! છેક સાંજે ૬ કલાકે શોભાયાત્રાની પૂર્ણાહુતિ થઈ. સાંજે કથા બાદ હજારો ભક્તોએ પ્રસાદ લીધો.

<u>તા. ૩૧-૧૦-૦૪</u>ના શુભ દિને સવારે ૬-૩૦ કલાકે સ્વામી કેશવપ્રસાદના મંત્રોચ્ચારથી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ થઈ. પ્રાસંગિક સભામાં ભુજના સંતો અને અમદાવાદ મંદિરના મહંત સ્વામી પૂ.શા. નિર્ગુણદાસજી અને શા.સ્વા. પૂર્ણપ્રકાશદાસજી આદિ સંતોએ ભાવવાહી સુંદર પ્રવચન આપ્યું. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા. ત્યારબાદ યજમાન હરિભક્તોનું સન્માન કરવામાં આવ્યું. મંત્રીશ્રીએ તન, મન, ધનથી સહકાર આપનાર સૌનો આભાર વ્યક્ત કર્યો. ઘનશ્યામ બાળ ધૂનના યુવક યુવતીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમમાં "પુષ્પાંજલી" ભવ્ય રીતે પ્રદર્શીત કરીને ભારતીય સંસ્કૃતિનું દર્શન કરાવીને સૌના મન જીતી લીધા. બપોરે ૧૨-૦૦ કલાકે પ્રસંગ પૂર્ણ થયા બાદ ૬ હજાર હરિભક્તોએ મહાપ્રસાદ લઈને જીવનને ધન્ય બનાવ્યું.

સાંજે પ.પૂ. મહારાજશ્રીના શુભ સાંનિધ્યમાં ઠાકરથાળી અને રાસોત્સવ બાળધુન મંડળના નવયુવકો તરફથી સુંદર રીતે પરિપૂર્ણ થયો. આમ અત્રે ક.સ. સ્વા. મંદિર નાઈરોબીનો સાર્ધ શતાબ્દી મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રી અને બહેનોના ધર્મ ગુરુ અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ પ.પૂ. ગાદીવાળાશ્રી અને સૌના વ્હાલા નાના એવા બાળ પૂ. શ્રીરાજાના સાંનિધ્યમાં ભવ્યાતિ ભવ્ય પૂર્ણ થયો. જે ચિરઃસ્મરણીય બની રહ્યો.

(સમસ્ત કાર્યવાહી કમિટી વતી સેક્રેટરી શ્રી જાદવજીભાઈ હાલાઈ અધ્યક્ષશ્રી કુવરજીભાઈ મનજી કેરાઈ)

વાલી (રાજસ્થાન મંદિરનો બદલાયેલ કોડ નંબર (૦૨૯૬૯) ૨૮૦૧૨૪

છૌપૈયા મંદિરનો બદલાયેલ એસ.ટી.ડી. કોડ નંબર (૦૫૨૬૫) ફોન નંબર બદલાયેલ નથી

શ્રી નરનારાયણદેવ ધાર્મિક પરીક્ષા અંગે સંચાલકો જોગ

પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી શ્રી નરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ દ્વારા **ધાર્મિક પરીક્ષા તા. ૧૯-૧૨-૨૦૦૪ના રવિવારે જે તે કેન્દ્રો પર લેવામાં આવશે.** દરેક કેન્દ્ર સંચાલકોએ પોતાના વિસ્તારની ઉત્તરવહી વગેરે મેળવી લીધી હશે. સંજોગવશાત્ બાકી હોય તો સત્વરે મેળવી લેવા વિનંતી છે.

કાર્યાલયનો સમય :
સવારે ૮-૦૦ થી ૧૦-૩૦

સંચાલકશ્રી, શ્રીનરનારાયણદેવ ધાર્મિક શિક્ષણ વિભાગ
શ્રી સ્વામિનારાયણ મંદિર,
અમદાવાદ.

કલાઃ- પ્રફુલ ખરસાણી

તમામ તસ્વીરોઃ- યોગેશ ભાવસાર

॥ श्री नरनारायणदेव पीठस्थान पदारोहण सप्तमात सम

॥ आमंत्रण पत्रिका ॥

॥ श्री स्वामिनारायणो विजयतेतराम ॥



अवतीर्य निजाक्षरात्परादिहमूर्त्या बहि
भुवि भारतजीवशर्मणे

इष्टदेव भगवान श्री स्वामिनारायणे स्वहस्ते संस्थापित करेली श्री नरनारायणदेव देश अमदावादनी गादी पर अमारा सुपुत्र लालजी श्री कोशलेन्द्रप्रसादजीने असीओ आसो सुद-२ने शुभ मंगलदीने ता.२५-१०-२००४ शुक्रवारना रोज पदारुढ कर्या छे ॥ तेमनो सन्मान समारोह आसो सुद-१० ॥ विज्या दशमीना पवित्र दिवसे ता.२३-१०-२००४ शनिवार ना रोज रास्वामां आवेल छे ॥ तेमां सहभागी थवा आप सौ त्यागी गृही सत्संगीओने हार्दिक निमंत्रण पाठवीओ छीओ ॥


॥ ली. ॥

॥ प.पू.ध.धु. आचार्य १००८ श्री तेजेन्द्रप्रसादजी महाराज श्री ॥











સર્વોપરિ શ્રી નરનારાયણદેવ દેશ સપ્તમ ગાદી અભિષેક પ્રસંગની ઐતિહાસિક દર્શનીય તસવીરોની ઝલક.




અ.સૌ. પૂજ્ય બિન્દુરાજાના બન્ને પુત્રરત્નો શ્રી સુવ્રતકુમાર અને શ્રી સૌમ્યકુમારના ચૌલ સંસ્કાર પૂર્વે હવેલીમાં પરંપરાગત પૂજન વિધિમાં પૂ. નાનાશ્રીનાં સાનિધ્યમાં પૂ. શ્રી પ્રફુલકુમાર, પૂ. બિન્દુરાજા અને બન્ને પુત્રરત્નો.









ગુજરાતના મુખ્ય મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અનેક કાર્યક્રમો રદ કરીને પણ સત્કાર સમારંભમાં પધાર્યા અને પોતાનું અહોભાગ્ય માન્યું કે મને અહીં ઉપસ્થિત રહેવાનું મળ્યું ! પૂ. મહારાજશ્રીએ શાલ ઓઢાડી તેમનું સન્માન કર્યું હતું.



શ્રી હરિના અપર સ્વરૂપ પણ શ્રી હરિ જેવાજ જેમના સ્વાભાવિક ગુણો જેમનામાં રહ્યાં છે તેવા ધ.ધુ. આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી નિવૃતિનો છેલ્લો પાટોત્સવ આપણા બદ્રિનારાયણ મંદિરમાં કરવા પધાર્યા ત્યારે સુપ્રસિધ્ધ બદ્રિનાથધામમાં મંદિરમાં દર્શનાર્થે પધાર્યા તે પ્રસંગે નિજ મંદિરના મહંત પૂ. શ્રી રાઉલજી એ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું શાલ ઓઢાડી પુષ્પહાર કરી સન્માન કરીને પોતાના જીવનને ધન્ય બનાવ્યું !

Printed by Prafull Kharsani, Sahitya Mudran, Ahmedabad-22